RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ માગસર વદ -૯ | શનિવાર, તા.૧૩-૧૨-૨૦૨૫ | અંક : ૧૩૯ વર્ષ : ૨૧ | email :rajkot@aaspassindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# ભારત પર લાદવામાં આવેલ ટેરિફ અમેરિકાના હિત વિરુદ્ધ

## રાષ્ટ્રીય કટોકટીના નામે લાદવામાં આવેલા ટેરિફ ગેરકાયદેસર : યુએસ સંસદમાં ત્રણ ડેમોક્રેટ સાંસદોએ પ્રસ્તાવ રજૂ કરીને ડોનાલ્ડ ટ્રમ્પને ખુલ્લો પડકાર ફેંક્યો

વોશિંગ્ટન

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત પર લાદવામાં આવેલા ૫૦ ટકા ઊંચા ટેરિફ સામે યુએસ સંસદમાં ત્રણ ડેમોક્રેટ સાંસદોએ એક પ્રસ્તાવ રજૂ કરીને ટ્રમ્પને ખુલ્લો પડકાર ફેંક્યો છે. સાંસદોનું કહેવું છે કે રાષ્ટ્રીય કટોકટીના નામે લાદવામાં આવેલા આ ટેરિફ ગેરકાયદેસર છે અને તેનાથી સામાન્ય અમેરિકનોને જ નુકસાન થઈ રહ્યું છે.




યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના સભ્યો ડેબોરાહ રોસ (નોર્થ કેરોલિના), માર્ક વીજી (ટેક્સાસ) અને ભારતીય મૂળના રાજા કૃષ્ણમૂર્તિ (ઈલિનોય) એ આ પ્રસ્તાવ રજૂ કર્યો છે. આ પ્રસ્તાવ દ્વારા, ટ્રમ્પ વહીવટીતંત્રે ભારતીય આયાત પર ટેરિફ ૫૦ ટકા સુધી વધારવા માટે જે રાષ્ટ્રીય કટોકટીની ઘોષણા કરી હતી, તેને રદ કરવાની માંગ કરવામાં આવી છે.

ડેમોક્રેટ સાંસદોએ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે,આ ટેરિફ ગેરકાયદેસર છે, અમેરિકન હિતોની વિરુદ્ધ છે, અને સૌથી વધુ નુકસાન સામાન્ય અમેરિકન નાગરિકોને થઈ રહ્યું છે. આ વાસ્તવમાં રોજબરોજની વસ્તુઓ પર અમેરિકનો પરનો વધારાનો ટેક્સ છે.

ટ્રમ્પે ૦૧ ઓગસ્ટના રોજ ભારત પર ૨૫ ટકા ’રેસિપ્રોકલ ટેરિફ’ લાદ્યો હતો. ત્યારબાદ ૨૭ ઓગસ્ટના રોજ ટ્રમ્પ વહીવટીતંત્રે રશિયા પાસેથી ઓઈલ ખરીદવા બદલ ભારત પર વધારાનો ૨૫ ટકા ’સેકન્ડરી ટેરિફ’ લગાવવાની જાહેરાત કરી હતી, જે અગાઉના ટેરિફ ઉપરાંત હતો. આ બંને ટેરિફને કારણે ઘણા ભારતીય ઉત્પાદનો પરની આયાત પડતર બમણી થઈ ગઈ હતી. ટ્રમ્પ વહીવટીતંત્રે તેની ટેરિફ નીતિઓ લાગુ કરવા માટે ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટનો આશરો લીધો હતો.

## H-1B વિઝા માટે તગડી ફી વસૂલવાનો ટ્રમ્પ વહીવટી તંત્રનો નિર્ણય ગેરકાયદેસર

### ટ્રમ્પ વહીવટીતંત્રના નિર્ણયને પડકારતા વીસ રાજ્યોએ હવે કોર્ટમાં અરજી કરી : ઊંચી વિઝા ફી શાળાઓ, હોસ્પિટલો અને અન્ય આવશ્યક સેવાઓમાં સ્ટાફની અછતને વધારશે તેવો દાવો

વોશિંગ્ટન

ટ્રમ્પ વહીવટીતંત્રનો એચ-૧બી વિઝા ફી અંગેનો તાજેતરનો નિર્ણય યુનાઈટેડ સ્ટેટ્સમાં એક મોટી રાજકીય અને કાનૂની ચર્ચા બની ગયો છે. એચ - ૧બી વિઝા પર એક લાખ યુએસ ડોલરની ભારે ફી લાદવાના ટ્રમ્પ વહીવટીતંત્રના નિર્ણયને પડકારતા વીસ રાજ્યોએ હવે કોર્ટમાં અરજી કરી છે. રાજ્યો દલીલ કરે છે કે આ નિર્ણય ગેરકાયદેસર છે અને શાળાઓ, હોસ્પિટલો અને અન્ય આવશ્યક સેવાઓમાં સ્ટાફની અછતને વધારશે. આ મુકદ્દમો હોમલેન્ડ સિક્યુરિટી વિભાગની એચ - ૧બી વિઝા માટે અરજી કરતી કંપનીઓ પાસેથી અતિશય ફી વસૂલવાની નીતિને પડકારે છે. આ વિઝાનો ઉપયોગ સામાન્ય રીતે હોસ્પિટલો, યુનિવર્સિટીઓ અને જાહેર શાળાઓ જેવી સંસ્થાઓ દ્વારા વિદેશથી કુશળ કામદારોને નોકરી પર રાખવા માટે કરવામાં આવે છે.




રાજ્યોએ ટ્રમ્પના નિર્ણય સામે કોર્ટમાં દલીલ કરી છે, દલીલ કરી છે કે તે વહીવટી પ્રક્રિયા અધિનિયમનું ઉલ્લંઘન કરે છે. તેઓએ એમ પણ ભારપૂર્વક જણાવ્યું હતું કે ટ્રમ્પ વહીવટીતંત્રનો નિર્ણય યુએસ બંધારણનું ઉલ્લંઘન કરે છે અને કોંગ્રેસે ક્યારેય આવી ઊંચી ફીને અધિકૃત કરી નથી. રાજ્યોએ દલીલ કરી હતી કે અગાઉ વિઝા ફી સિસ્ટમના સંચાલનના ખર્ચ સુધી મર્યાદિત હતી. હાલમાં, કંપનીઓ એચ - ૧બી વિઝા માટે કુલ ૯૬૦ થી ૭૫૯૫ ડોલર ફી ચૂકવે છે. તેમનો દલીલ છે કે આ નિર્ણય કોંગ્રેસના કાર્યક્ષેત્રની બહાર છે અને તેને રદ કરવો જોઈએ.

## આસામના ચાર ક્રિકેટરો વિરુદ્ધ મેચ ફિક્સિંગનો આરોપ : પોલીસ ફરિયાદ

### આસામ ક્રિકેટ એસોસિએશની ભ્રષ્ટાચાર મામલે ચાર ખેલાડી વિરુદ્ધ કાર્યવાહી

ગુવાહાટી

ભારતીય સ્થાનિક ક્રિકેટમાં ફરી એકવાર મેચ ફિક્સિંગનું મોટું કૌભાંડ સામે આવ્યું છે, જેના કારણે ક્રિકેટ જગતમાં શરમજનક સ્થિતિ સર્જાઈ છે. આસામ ક્રિકેટ એસોસિયેશનએ ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા હોવાના આરોપસર ચાર ખેલાડીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધા છે અને તેમની સામે ફોજદારી કાર્યવાહી શરૂ કરી છે.

આસામ ક્રિકેટ એસોસિયેશનના સચિવ સનાતન દાસે મીડિયાને આ કાર્યવાહી અંગે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે, ચાર ખેલાડીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ ખેલાડીઓ, અમિત સિંહા, ઈશાન અહેમદ, અમન ત્રિપાઠી અને અભિષેક ઠાકુરી, ક્રિકેટમાં ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા હોવાનું જાણવા મળ્યું છે.આ મામલો ૨૦૨૫ની સૈયદ મુશ્તાક અલી ટ્રોફી સાથે સંબંધિત છે. આ ચારેય ખેલાડીઓ પર આસામના કેટલાક ખેલાડીઓને મેચ ફિક્સ કરવા માટે પ્રભાવિત કરવાનો અને ઉશ્કેરવાનો આરોપ છે. જોકે, આ ચાર ખેલાડીઓ સૈયદ મુશ્તાક અલી ટ્રોફી માટે આસામ ટીમનો ભાગ નહોતા.

આ ગંભીર આરોપો બાદ તાત્કાલિક ધોરણે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

## ઈન્ડિગો એરલાઈન્સે કસ્ટમ ડ્યુટી મામલે હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા

### મેઈન્ટેનન્સ માટે વિદેશમાં મોકલવામાં આવતા પાટ્ર્સ પર ડ્યુટી વસૂલવા મામલે કોર્ટનું શરણ લીધું

નવી દિલ્હી

એક અઠવાડિયા સુધી ફ્લાઈટ કેન્સલ થવાની સમસ્યામાંથી ઈન્ડિગો એરલાઇન બહાર આવવાનો પ્રયાસ કરી રહી છે તો બીજી તરફ ઈન્ડિગો એક બીજી સમસ્યાનો સામનો કરી રહ્યું છે. જે કસ્ટમ ડ્યૂટી સાથે સંકળાયેલી છે. જેને લઈને તે દિલ્હી હાઈ કોર્ટ પહોંચી છે.

ઈન્ડિગો એરલાઈની પેરેન્ટ કંપની ઈન્ટરગ્લોબલ એવિએશન લિમિટેડે વિમાનના એન્જિન અને પાટ્ર્સ પર લગાવેલ કસ્ટમ ડ્યૂટીના રિફંડને લઈને દિલ્હી હાઈ કોર્ટમાં અરજી કરી છે. કંપનીએ પોતાની અરજીમાં જણાવ્યું છે કે, અમારી ઉપર એક જ વસ્તુ માટે બે વાર ટેક્સ લાદવામાં આવ્યો છે. આ ખોટું અને ગેરકાયદે પણ છે. ઈન્ટરગ્લોબલ એવિએશન લિમિટેડની આ અરજીને લઈને દિલ્હી હાઈ કોર્ટની ડિવીઝન બેંચે શુક્રવારે સુનાવણી હાથ ધરી હતી.

હાઈ કોર્ટની સુનાવણી દરમિયાન ઈન્ડિગોના વકીલ વી. લક્ષ્મીકુમારને દલીલ કરી હતી કે, જ્યારે વિમાનના એન્જિન તથા અન્ય જરૂરી પાટ્ર્સને મેન્ટેનન્સ માટે વિદેશમાં મોકલવામાં આવે છે અને તેને ફરી પાછા ભારત લાવવામાં આવે છે, તો તેને નવી ખરીદી ગણી શકાય નહીં. તેમ છતાં કસ્ટમ વિભાગે તેને નવી આયાત ગણીને મોટી કસ્ટમ ડ્યૂટી વસૂલ કરી છે. પોતાની દલીલમાં ઈન્ડિગોએ આગળ જણાવ્યું કે, કંપનીએ આ પાટ્ર્સને રી-ઈમ્પોર્ટ કરતી વખતે બેઝિક કસ્ટમ ડ્યૂટી પહેલીથી જ ચૂકવી દીધી હતી.




## કેબિનેટે ૨૦૨૭ ની વસ્તી ગણતરી માટે ૧૧,૭૧૮ કરોડના બજેટને મંજૂરી આપી

### વસ્તી ગણતરી ૨૦૨૭ એ અત્યાર સુધીની ૧૬મી અને સ્વતંત્રતા પછીની ૮મી વસ્તી ગણતરી હશપ્રથમ તબક્કામાં ઘરોની યાદી અને ઘરોની ગણતરી હશે તે એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન હાથ ધરાશે

નવીદિલ્હી,

કેબિનેટે શુક્રવારે ત્રણ મહત્વપૂર્ણ નિર્ણયોને મંજૂરી આપી. કેબિનેટે વસ્તી ગણતરી માટે ૧૧,૭૧૮ કરોડના બજેટને મંજૂરી આપી. કેન્દ્રીય મંત્રીમંડળે કોલસા જોડાણ નીતિમાં સુધારો કરવા માટે કોલસેતુ નીતિને પણ મંજૂરી આપી. સરકારે ૨૦૨૫ કોપરા સિઝન માટે લઘુત્તમ ટેકાના ભાવને પણ નીતિગત મંજૂરી આપી.

મંત્રીમંડળની બેઠક પછી, કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે ૨૦૨૭ ની વસ્તી ગણતરી વિશે માહિતી આપી. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે તે વિશ્વની સૌથી મોટી વહીવટી અને આંકડાકીય કવાયત હશે. વસ્તી ગણતરી ૨૦૨૭ એ અત્યાર સુધીની ૧૬મી અને સ્વતંત્રાતા પછીની ૮મી વસ્તી ગણતરી હશે. વસ્તી ગણતરી એક કેન્દ્રીય વિષય છે.

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે દેશની વસ્તી ગણતરી વસ્તી ગણતરી અધિનિયમ, ૧૯૪૮ અને વસ્તી ગણતરી નિયમો, ૧૯૯૦ હેઠળ કરવામાં આવે છે. છેલ્લી વસ્તી ગણતરી ૨૦૧૧ માં કરવામાં આવી હતી. કોવિડ-૧૯ રોગચાળાને કારણે ૨૦૨૧ ની વસ્તી ગણતરી હાથ ધરી શકાઈ નથી. અગાઉ, વસ્તી ગણતરી ૨૦૨૭ માટે ગેઝેટ સૂચના ૧૬ જૂન, ૨૦૨૫ ના રોજ જારી કરવામાં આવી હતી. વસ્તી ગણતરી ૨૦૨૭ નો અંદાજિત ખર્ચ ૧૧,૭૧૮ કરોડ હશે.

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે વસ્તી ગણતરી માટે સંદર્ભ તારીખ ૧ માર્ચ, ૨૦૨૭ ના રોજ ૦૦:૦૦ કલાક હશે. બરફથી ઢંકાયેલા વિસ્તારો માટે, આ તારીખ ૧ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ ૦૦:૦૦ કલાક હશે.



# માંડલના ખંભલાય માતાજી ધામમાં ૧૧ દિવસીય મહાશક્તિ ખંભલાય મા લક્ષચંડી મહાયાગ

## ૧ કરોડથી વધુ આહુતિ અપાશે, ખંભલયા ધામમાં ત્રણ વિશ્વ વિક્રમ સર્જાશે : તા. ૨૩ ડીસેમ્બરના રોજ વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયાના પ્રતિનિધિઓ વિશેષ ઉપસ્થિત રહેશે અને ત્રણ ખંભલાય ધામના ત્રણ વર્લ્ડ રેકોર્ડ લખશે

અમદાવાદ,

માંડલના શ્રી ખંભલાય માતાજી ધામમાં તા. ૧૪ થી ૨૪ ડીસેમ્બર દરમ્યાન ૧૧ દિવસીય શ્રી મહાશક્તિ ખંભલાય મા લક્ષચંડી મહાયાગના મહામુલા અવસરને લઈ હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે ત્યારે આજે આ દુર્લભ પ્રસંગ શરૂ થાય એ પહેલાં ખંભલાય ટ્રસ્ટ દ્વારા ઉત્સવની સંપુર્ણ માહિતી આપી હતી. ટ્રસ્ટના માનદમંત્રી મુકેશભાઈ રાવલ (રાજકોટ) દ્વારા જણાવાયું કે, માંડલ એક અધ્યયન એવા પુસ્તકમાં માંડલનો ઈતિહાસ ૮ હજાર વર્ષ જુનો બતાવ્યો છે. શ્રી ખંભલાય માતાજી ચામુંડા સ્વરૂપમાં મુળ પ્રગટ થયેલ જેનો ઈતિહાસ ૮૦૦ વર્ષ પૌરાણિક છે. માંડલના ૮ હજાર વર્ષના ઈતિહાસમાં લક્ષચંડી નામના યજ્ઞનો કોઈ ઈતિહાસ જોવા મળતો નથી, એટલે આ નગરમાં ૮ હજાર વર્ષો પછી આવો મહામુલો અવસર આવ્યો છે.

લક્ષચંડી યજ્ઞ એ માતૃભક્તિનો સૌથી મોટામાં મોટો અને અંતિમ યજ્ઞ છે એનાથી ઉપર કોઈ યજ્ઞ શાસ્ત્રોમાં બતાવ્યો નથી. લક્ષ એટલે લાખ અને ચંડી એટલે માતાજી, ૧ લાખ કરતાં વધારે ચંડીપાઠ જેને દુર્ગાશપ્તસતી કહેવાય જેની રચના માર્કંડેય ઋષિએ કરેલી. લક્ષચંડીમાં ૧૩ અધ્યાય, ૭૦૦ શ્લોક અને ૨૧૬ મંત્રો આવે છે અને ૯૧૬ મંત્રોની એક આહુતિ બતાવવામાં આવી છે જયારે આખો ચંડીપાઠ પુર્ણ થાય છે. લક્ષચંડી પાઠ એ કલ્પવૃક્ષ સમાન છે. આવા દેવતાઓને પણ દુર્લભ મહાયાગનો આ ઉત્સવ માંડલના આંગણે યોજાવા જઈ રહ્યો છે, આ ઉત્સવમાં ૪૦૦ કિલોગ્રામ શુદ્ધ ઘીનો ઉપયોગ થશે, કેસર-ડ્રાયફ્રુટ, હવન સામગ્રી, ઉદ, કેસર, કેસરનો અર્ક અને વિવિધ ઔષધિઓ થકી અને શુદ્ધ પાયસની મદદની ૧ કરોડ ૮ લાખ આહુતિ ૧૧ દિવસની અંદર ૨૫૫ ભાગ્યશાળીઓ યજમા, ૧૦૮ ચીત્રકુટી ભુદેવો એમ થઈ કુલ ૩૬૩ કુંડ ઉપર હોમવામાં આવશે. માંડલ ખંભલાય માતાજીના નીજ મંદિરે તા.૦૫/૦૫/૨૦૧૫થી અખંડિત નવચંડી યજ્ઞ છેલ્લાં દસ વર્ષથી યોજાય છે, ધનતેરસે પુર્ણ કરાયેલ ૬ માસનું લક્ષચંડી પાઠાત્મક મહાઅનુષ્ઠાન અને ૧ કરોડથી વધુ આહુતિ એટલે ખંભલયા ધામમાં ત્રણ વિશ્વ વિક્રમ સર્જાવા જઈ રહ્યાં છે. તા.૨૩ ડીસેમ્બરના રોજ વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયાના પ્રતિનિધિઓ વિશેષ ઉપસ્થિત રહેશે અને ત્રણ ખંભલાય ધામના ત્રણ વર્લ્ડ રેકોર્ડ લખશે અને ત્રણ સર્ટીફીકેટ ટ્રસ્ટને એનાયત કરશે. આ પ્રસંગને લઈ તાજેતરમાં રીલીઝ થયેલ લાલો ફીલ્મના એકટર્સ, રાજયના રાજકીય મહાનુભાવો, સમાજ અગ્રણીઓ તેમજ રાજયના ખુણેખુણામાંથી અને દેશ-વિદેશમાં વસતાં હજારો માઈભક્તો દર્શનાર્થે ઉમટી પડવાના છે.

# સુરતઃ બ્રિજ નીચે ઘર બનાવી રહેતા લોકો પર દબાણ શાખાની તવાઈ



## અલ્લુ અર્જુનની સ્ટાઈલમાં શખસે સૌનું ધ્યાન ખેંચ્યું

સુરત,

સુરત મહાનગરપાલિકા અને પોલીસની સંયુક્ત ટીમે અડાજણ વિસ્તારમાં કાર્યવાહી હાથ ધરીને બ્રિજ નીચેના ગેરકાયદે દબાણો દૂર કર્યા છે. ગુજરાત ગેસ સર્કલ નજીક આવેલા સરદાર બ્રિજ નીચે લાંબા સમયથી વસવાટ કરતા લોકોને હટાવી દેવાયા છે. લાંબા સમયથી બ્રિજ નીચે પોતાનું ઘર બનાવીને રહેતા લોકો સામે આ કાર્યવાહી કરવામાં આવી છે, જે શહેરના જાહેર માર્ગો અને માળખાકીય સુવિધાઓની જાળવણી માટે મહત્ત્વપૂર્ણ પગલું છે. આ દબાણ હટાવવાની કામગીરી દરમિયાન સુરતનો 'પુષ્પા' આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો, જે દબાણ શાખાની ટીમનો હતો. દબાણ હટાવવાની કામગીરી ચાલી રહી હતી, ત્યારે સૌની નજર સુરત મહાનગરપાલિકાના દબાણ ખાતાના ટેમ્પો પર ઊભેલા એક શખ્સ પર અટકી ગઈ હતી. અધિકારીઓ અને અન્ય કર્મચારીઓને બદલે લોકોની નજર આ શખ્સ પર રોકાઈ જવાનું કારણ તેનું અનોખું રૂપ હતું. તે વ્યક્તિ ફિલ્મ 'પુષ્પા'ના અભિનેતા અલ્લુ અર્જુનના લુકમાં જોવા મળ્યો હતો. જે પણ દબાણની વસ્તુઓ હટાવવામાં આવી રહી હતી, તેને ટેમ્પા પર ચડાવવાનું કામ આ 'સુરતના પુષ્પા' દ્વારા કરવામાં આવી રહ્યું હતું. તેની આ અલ્લુ અર્જુન જેવી સ્ટાઈલને કારણે દબાણની ગંભીર કાર્યવાહી વચ્ચે પણ લોકોનું ધ્યાન તેના પર ખેંચાયું હતું. શહેરના અન્ય વિસ્તારો જેમ કે વરાછા અને કાપોદ્રામાં બ્રિજ નીચેના દબાણો હટાવ્યા બાદ, સુરત મનપા અને પોલીસ વિભાગે અડાજણ પોલીસ સ્ટેશન વિસ્તારને ટાર્ગેટ કર્યો હતો. બ્રિજ નીચે વસવાટ કરીને અને દબાણ કરીને રહેતા લોકોની વધતી જતી સંખ્યાને કારણે જાહેર સુવિધાઓ અને સ્વચ્છતા પર નકારાત્મક અસર પડી રહી હતી. આ સંયુક્ત કામગીરીનો હેતુ માત્ર દબાણ દૂર કરવાનો જ નહીં, પરંતુ આવા જાહેર સ્થળોનો દુરુપયોગ અટકાવવાનો પણ છે. આ કાર્યવાહી સુરત મહાનગરપાલિકાના શહેરને દબાણમુક્ત કરવાના ઝીરો એક્રોચમેન્ટ અભિયાનનો એક ભાગ છે. બ્રિજ નીચેના ગેરકાયદેસર વસવાટને કારણે ટ્રાફિક, સ્વચ્છતા અને સુરક્ષા સંબંધિત સમસ્યાઓ ઊભી થતી હતી. અડાજણમાં કરવામાં આવેલી આ કામગીરી અન્ય વિસ્તારોમાં પણ બ્રિજ નીચે વસવાટ કરતા દબાણકારો માટે ચેતવણીરૂપ છે. તંત્ર દ્વારા આગામી દિવસોમાં પણ શહેરના અન્ય બ્રિજ નીચેના દબાણો દૂર કરવાની કામગીરી ચાલુ રાખવામાં આવશે.

# ગુજરાતમાં ગ્રામ્ય કોમ્પ્યુટર ઉદ્યોગસાહસિકો સાથે સંકળાયેલા યુવાનો માટે સરકારે કમિશન નક્કી કર્યું

## ગ્રામીણ કમ્પ્યુટર ઉદ્યોગસાહસિક તરીકે કામ કરતા ગ્રામીણ યુવાનોને હવે દરેક કામ માટે ઓછામાં ઓછા ૨૦ રૂપિયા મળશે

અમદાવાદ,

ગુજરાત સરકારે ગ્રામ્ય વિસ્તારોમાં ઈ-સેવાઓ પૂરી પાડવા માટે ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના લાગુ કરી છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શુક્રવારે જાહેરાત કરી હતી કે સરકારે નિર્ણય લીધો છે કે ગ્રામીણ કમ્પ્યુટર ઉદ્યોગસાહસિક તરીકે કામ કરતા ગ્રામીણ યુવાનોને હવે દરેક કામ માટે ઓછામાં ઓછા ૨૦ રૂપિયા મળશે. તેમણે ઉમેર્યું હતું કે રાજ્ય સરકારે ગ્રામીણ નાગરિકોને શહેરી વિસ્તારોમાં ઉપલબ્ધ માહિતી ટેકનોલોજી સેવાઓ જેવી જ સેવાઓ પૂરી પાડવા માટે ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના લાગુ કરી છે.આ યોજનામાં ૭/૧૨ અને ૮-એ દસ્તાવેજો, આધાર કાર્ડ, ખેડૂત નોંધણી, ટેકાના ભાવે કૃષિ પેદાશો ખરીદવા, જન્મ અને મૃત્યુ પ્રમાણપત્રો, આવક પ્રમાણપત્રો આપવા અને રેશન કાર્ડમાં ફેરફાર માટે ફોર્મ ભરવા જેવી સેવાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, રાજ્ય સરકારના વિવિધ વિભાગો વિવિધ યોજનાઓ માટે ગ્રામીણ કમ્પ્યુટર ઉદ્યોગસાહસિકો (વીસીઈ)ને ડેટા એન્ટ્રીનું કામ સોંપે છે. સંબંધિત વિભાગ દરેક કામ માટે પ્રતિ યુનિટ કમિશન નક્કી કરે છે.

નિવેદન મુજબ, વિવિધ વિભાગો દ્વારા વિવિધ કાર્યો સોંપવા અને અલગ અલગ દર નક્કી કરવાને કારણે, વીસીએ વેતન અસંગત બન્યું છે. જ્યારે આ મુદ્દો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના ધ્યાન પર લાવવામાં આવ્યો, ત્યારે તેમણે તાત્કાલિક ગાંધીનગરમાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટીની ૧૨મી ગવર્નિંગ બોડી મીટિંગમાં વીસીએ વેતન એકસમાન કરવા નિર્દેશ આપ્યો.

# કેનેડા મોકલવાના બહાને યુવક સાથે છેતરપિંડી

## વાહન બુકિંગના નામે પૈસા પડાવી લેવામાં આવ્યા, ફરિયાદ નોંધાઈ




અમદાવાદ,

અમદાવાદ શહેરમાં કેનેડા મોકલવાના બહાને અને વાહન અપાવવાના બહાને છેતરપિંડી કરવામાં આવી હોવા અંગેની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. નવા વાડજ વિસ્તારમાં રહેતા મહિલાને તેમના દીકરાને કેનેડા મોકલવાના બહાને એક લાખ રૂપિયા આપી દીધા હતાં. બાદમાં ઓફિસ બંધ હતી જેથી છેતરાયા હોવાની જાણ થઈ હતી. વાસણા વિસ્તારમાં વાહન બુકિંગના નામે પૈસા લઈને વાહનની ડિલિવરી ન આપીને પણ છેતરપિંડી લોકો સાથે કરવામાં આવી હોવાની ફરિયાદ વાસણા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. આ અંગેની વિગત એવી છે કે શહેરના નવા વાડજ વિસ્તારમાં સિદ્ધાર્થ કોલોનીમાં રહેતા અને ઘરકામ કરનાર શિલ્પાબેન ઉપાધ્યાય અને રાણીપ વિસ્તારમાં આવેલા આર્વેદ ટ્રાન્સક્યુબ પ્લાઝા ખાતે હોમ કેર પ્રોડક્ટ બાબતે તેમની મિત્ર કાશ્મીરાબેન થકી અરમાન જોશી નામના વ્યક્તિ સાથે મુલાકાત થઈ હતી. અરમાન જોશી સાથે હોમ કેર પ્રોડક્ટ બાબતે અવારનવાર મળવાનું થતું હતું. ત્યારબાદ અરમાન જોશીએ પોતે એમ પી એફ ફ્યુચર કંપની છે જે માઈગ્રેટ ટુ કેનેડા વિથ વર્ક વિઝા નામની સ્કીમ ખોલી છે. વ્યક્તિની લાયકાત પ્રમાણે તેઓ કેનેડામાં નોકરી અપાવે છે.

વર્ષ ૨૦૨૩માં મે મહિનામાં શિલ્પાબેનને તેના પુત્ર તનિષ ઉપાધ્યાયને કેનેડા મોકલવા માટેની વાત કરી હતી. જેથી અરમાન જોશીએ ૮ લાખ રૂપિયા થશે તેમ જણાવ્યું હતું. કેનેડાની ફાઈલ બનાવવા માટે તેઓએ મિત્ર કાશ્મીરાબેનની હાજરીમાં એક લાખ રૂપિયા આપ્યા હતા જેમાં ૫૦,૦૦૦ રૂપિયાની પહોંચ આપી હતી અને બાકીના ૫૦૦૦૦ રૂપિયાની પહોંચ પછી આપીશું એવી વાત કરી હતી. અરમાન જોશી એ તમામ પ્રકારના ડોક્યુમેન્ટ લીધા હતા અને બાદમાં ફાઈલની પ્રોસેસ ચાલુ છે વર્ક પ્રોસેસ ચાલુ છે દુબઈમાં વર્ક પરમીટની પ્રોસેસ ચાલુ છે વગેરે કહી અને તેઓ દ્વારા ગલ્લા કલ્લા કરવામાં આવ્યા હતા ત્યારબાદ કંપનીએ તપાસ કરવામાં આવતા કંપની બંધ હતી અને મ્યુનિસિપલ કોર્પોરેશનનું સીલ પણ મારેલું હતું જેથી પોતે છેતરાયાની જાણ થતાં આ મામલે વાડજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

અમદાવાદ જિલ્લાના બાવળા ખાતે રહેતા પ્રતાપભાઈ પઢારને બર્ગમેન વાહન લેવું હતું જેના કારણે થઈને તેઓ બાવળા અને આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી. પરંતુ ત્યાં વાહન મળતું નહોતું જેથી અમદાવાદના વાસણા વિસ્તારમાં ગુપ્તાનગરમાં સિદ્ધિવિનાયક આર્કેડ ખાતે આવેલા જીછસ્જી ફોટો નામના શોરૂમમાં માનસી અને સંજય સોનીને મળ્યા હતાં. બર્ગમેન વાહનનું બુકિંગ કરાવ્યું હતું.

# શાળાઓમાં PT શિક્ષકોની ભરતીની તૈયારીઓ શરૂ



## ટૂંક સમયમાં શિક્ષણ વિભાગ દ્વારા ભરતી નિયમો, જિલ્લા-વાઈઝ જગ્યાઓ, ઑનલાઈન અરજી પ્રક્રિયા અને પરીક્ષાની રૂપરેખા જાહેર થવાની શક્યતા

અમદાવાદ,

કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦નું યજમાનપદ અમદાવાદને મળતા જ ગુજરાતના ખેલક્ષેત્રમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. છેલ્લા દાયકાથી વધુ સમયથી શાળા સ્તરે અવગણાયેલું રમતગમત શિક્ષણ હવે રાજ્યની પ્રાથમિકતા બની ગયું છે. લાંબા સમયથી અટકી રહેલી કાયમી સ્પોર્ટ્સ ટીચરની ભરતી માટે સરકાર હવે સક્રિય બની છે અને પ્રાથમિકથી લઈને હાયર સેકન્ડરી શાળાઓમાં રમતગમત શિક્ષકોને પુનઃસ્થાપિત કરવાની પ્રક્રિયાને વેગ આપ્યો છે.

રાજ્યમાં છેલ્લા લુગભગ ૧૫ વર્ષથી કોઈ કાયમી શિક્ષકની ભરતી કરવામાં આવી નથી, જેના કારણે હજારો સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં સ્પોર્ટ્સ શિક્ષણ visiting instructor અથવા સામાન્ય શિક્ષકોના ભાર પર ચાલી રહ્યું છે. પરિણામે વિદ્યાર્થીઓની શારીરિક ક્ષમતા વિકાસ, રમતમાં ટેક્નિકલ તાલીમ અને સ્પર્ધાત્મક તૈયારી પર નકારાત્મક અસર થઈ છે. પરંતુ હવે કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા રમતગમત નીતિનું પુનઃમૂલ્યાંકન શરૂ કરવામાં આવ્યું છે. શાળા સ્તરથી જ ગ્રાઉન્ડ-લેવલ ટેલેન્ટ ડેવલપમેન્ટને મજબૂત બનાવવાનું રાજ્યનું લક્ષ્ય છે.

આ દિશામાં, સ્કૂલ્સ કમિશનર કચેરીએ તાજેતરમાં વિશેષ કમિટીની બેઠક બોલાવી હતી, જેમાં જગ્યાઓની સંખ્યા, પાત્રતા માપદંડ, બજેટ, ભરતી પ્રક્રિયા અને સમયરેખા જેવા મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરવામાં આવી.સૂત્રોના જણાવ્યા મુજબ, કમિટી હવે સરકારને ભલામણ મોકલવાની તૈયારીમાં છે. તેના આધારે ટૂંક સમયમાં શિક્ષણ વિભાગ દ્વારા ભરતી નિયમો, જિલ્લા-વાઈઝ જગ્યાઓ, ઑનલાઈન અરજી પ્રક્રિયા અને પરીક્ષાની રૂપરેખા જાહેર થવાની શક્યતા છે.

કોમનવેલ્થ ગેમ્સને કારણે રાજ્યમાં ખેલઆધારભૂત માળખું મજબૂત કરવાનો દબાવ વધ્યો છે. સરકાર પણ માને છે કે કેન્દ્રિય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ગુજરાતમાંથી પ્રતિભા ઉદ્ભવવી હોય તો શાળા સ્તરે ટેક્નિકલ સ્પોર્ટ્સ શિક્ષણ મજબૂત કરવું અનિવાર્ય છે. વર્ષો પછી સરકારે આ મુદ્દાને ગંભીરતાથી ઉઠાવતાં શિક્ષણ જગતમાં આશાનું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

# SIR ઝુંબેશમાં રાજ્યની તમામ ૧૮૨ વિધાનસભા મતવિસ્તારમાં ચકાસણીની ૧૦૦% કામગીરી સંપન્ન

અમદાવાદ,

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ભારતના ચૂંટણીપંચે ગત તા. ૨૭ ઓક્ટોબર ૨૦૨૫થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) ઝુંબેશના ગણતરીના તબક્કોની સમયમર્યાદા વધારી તા.૧૪ ડિસેમ્બર કરી છે. જેથી ફોર્મ પરત આવવા માટે હજુ ત્રણ દિવસનો વધારાનો સમય મળ્યો છે. ત્યારે રાજ્યભરમાં ગણતરીના તબક્કાની ૧૦૦ % કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે.

ગણતરીના તબક્કામાં રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન દર્શાવી ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરી છે. જેથી સરવાળે રાજ્યની કુલ ૧૮૨ વિધાનસભા મતવિસ્તારમાં ચકાસણીની ૧૦૦ ટકા કામગીરી સંપન્ન થઈ ચૂકી છે. બૂથ લેવલ ઓફિસર અને માન્ય રાજકીય પક્ષોના બૂથ લેવલ એજન્ટો વચ્ચે બેઠકોનું આયોજન કરાયું હતું. આ બેઠકોના નિષ્કર્ષ સાથે જે-તે વિધાનસભા મતવિસ્તારમાં ભાગ પ્રમાણે મતદારોના નામની યાદી જિલ્લા ચૂંટણી અધિકારીઓની વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવી રહી છે. તથા મુખ્ય નિર્વાચન અધિકારી (CEO) ની વેબસાઈટ https://erms.guja®a.gov.in/ceo-guja®a/master/BLA-BLO-Meaing.aspx ...h પ્રકાશિત કરવામાં આવી છે. જિલ્લાવાર મુકવામાં આવેલી વિગતોમાંથી મતદારો પોતે પણ ચકાસણી કરી શકે તેવી સરળ વ્યવસ્થા સુનિશ્ચિત કરાઈ છે. જો ASD યાદીમાં મતદારનું નામ હોય તો તેઓ ૧૪ ડિસેમ્બર સુધીમાં ર્ને ગણતરી ફોર્મ જમા કરાવી શકે છે. જેથી જે-તે મતદારનું નામ ડ્રાફ્ટ મતદાર યાદીમાં પ્રસિદ્ધ કરી શકાય.

ગણતરીના તબક્કાના છેલ્લા ચરણ સુધીમાં ધ્યાને આવ્યું કે ૧૮,૦૩,૭૩૦ અવસાન પામેલ મતદારો મતદારયાદીમાં સામેલ હતા. જ્યારે ૧૦,૦૨,૬૮૫ મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા, સાથોસાથ ૪૦,૩૪,૭૧૨ વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું ધ્યાને આવ્યું છે. જ્યારે ૩,૭૬,૪૧૦ મતદારો રિપીટેડ હોવાનું ધ્યાને આવ્યું છે.

આમ, આ મતદાર યાદીની શુદ્ધતા અને સર્વસમાવેશીતાના ધ્યેય સાથે અમલમાં મુકાયેલી ખાસ સઘન સુધારણા ઝુંબેશના ગણતરીના તબક્કામાં ગુજરાતનું શ્રેષ્ઠ પ્રદર્શન જોવા મળી રહ્યું છે. "પાત્રતા ધરાવતો મતદાર રહી ન જાય, પાત્રતા ન ધરાવતા મતદાર સામેલ ન થાય"

# અમદાવાદમાં સાયન્સ સીટી વિસ્તારમાં પરિશ્રમ એલીગન્સ કોમ્પલેક્ષમાં લાગી આગ : ૫૦થી વધુ લોકોનું રેસ્ક્યુ

## કોમ્પ્લેક્સની અંદરના ત્રીજા માળે ફસાયેલા તમામ લોકોને કાચ તોડીને બહાર કાઢવામાં આવ્યા

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં ફરી એકવાર આગ લાગવાની ઘટના બની છે. અમદાવાદના સાયન્સ સીટી વિસ્તારમાં આવેલ આસ્થા બંગલાની બાજુમાં આવેલા પરિશ્રમ એલીગન્સ નામના કોમ્પલેક્ષમાં આ લાગવાની ઘટના સામે આવી. જેને લીધે ફાયર વિભાગની ૮ થી ૧૦ ગાડીઓ ઘટનાએ સ્થળ પહોંચી ગઈ હતી. ફાયરના ઉચ્ચ અધિકારીઓ પણ આ સ્થળે પહોંચ્યા છે.

આ અંગે ફાયર વિભાગ દ્વારા માહિતી આપવામાં આવી છે કે, પરિશ્રમ એલીગન્સ નામના કોમ્પલેક્ષમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. લિફ્ટમાં ફસાયેલા કેટલાક લોકો અંગે મેસેજ મળ્યો હતો. આ કોલ પછી ફાયર બ્રિગેડની ૮ થી ૧૦ ગાડીઓને ઘટનાસ્થળ ઉપર મોકલવામાં આવી અને તેની સાથે ફાયર વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચ્યા અને ફાયર વિભાગ દ્વારા અત્યાર સુધી ૫૦ જેટલા લોકોને રેસ્ક્યુ કરીને આ કોમ્પ્લેક્સની બહાર લાવવામાં આવ્યા હતા. જે લોકો લોકો લિફ્ટ માં ફસાયા હતા તે લોકોને પણ બહાર નીકળવામાં આવ્યા છે. કોમ્પ્લેક્સની અંદરના ત્રીજા માળે લોકો ફસાયેલા હતા તે તમામ લોકોને કાચ તોડીને બહાર કાઢવામાં આવ્યા હતા.

# સુરત : ટ્રકે સર્જી અકસ્માતની હારમાળા, કાર ચાલકો ઈજાગ્રસ્ત

## સુરતમાં ગોથાણ બ્રિજ પર બ્રિજ પર ટ્રક ચાલકે ૩થી વધુ કારને ટક્કર માર્યા બાદ અન્ય ટ્રક સાથે અથડાઈ




સુરત,

સુરતમાં અકસ્માતની એક ગંભીર ઘટના સામે આવી છે, જેમાં પૂરપાટ ઝડપે દોડતા એક ટ્રક ચાલકે ઉમરા ગોથાણ બ્રિજ પર અકસ્માતની હારમાળા સર્જી હતી. ટ્રકે એક-બે નહીં પણ ૩થી વધુ કારને ટક્કર મારી હતી, જેના કારણે વાહનોને મોટું નુકસાન થયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, આજે આ ઘટના ઉમરા ગોથાણ બ્રિજ પર બની હતી. બેફામ ગતિએ આવતા એક ટ્રકના ચાલકે સૌપ્રથમ રસ્તા પર ચાલી રહેલી ૩થી વધુ કારોને ઉપરા-ઉપરી ટક્કર મારી હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે કારોને ગંભીર નુકસાન પહોંચ્યું હતું. કારોને ટક્કર માર્યા બાદ આ બેકાબૂ ટ્રક અન્ય એક ટ્રકમાં ધડાકાભેર ઘુસી ગયો હતો, જેના કારણે અકસ્માતની ગંભીરતામાં વધારો થયો હતો.

સદનસીબે, આ ગંભીર અકસ્માતમાં કારમાં સવાર લોકોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી, પરંતુ કોઈ જાનહાનિના સમાચાર નથી. અકસ્માત સર્જ્યા બાદ ટ્રકનો ચાલક પોતાનું વાહન ઘટનાસ્થળે મૂકીને ફરાર થઈ ગયો હતો. અકસ્માતને પગલે ઉમરા ગોથાણ બ્રિજ અને આસપાસના રસ્તા પર ભારે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતાં. એકસાથે આટલા વાહનોને નુકસાન થવાથી અને ટ્રક રસ્તા વચ્ચે ઊભો રહેવાથી વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ટ્રાફિકને નિયંત્રિત કરવા અને અકસ્માતગ્રસ્ત વાહનોને ખસેડવાની કામગીરી શરૂ કરી હતી. પોલીસે ફરાર ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધીને તેની ધરપકડ કરવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદમાં વધુ એક નામાંકિત કોલેજને કરાઈ સીલઃ એએમસીની મોટી કાર્યવાહી

## વવેકાનંદ કોલેજ દ્વારા નિર્ધારિત સમય મર્યાદા માં બિલ્ડિંગ યુઝ પરમિશન અને ફાયર સેફ્ટી માટેનું નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ મેળવવામાં આવ્યું ન હતું

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં આવેલી વધુ એક કોલેજ વિરુદ્ધ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. શહેરમાં ચાલતી શૈક્ષણિક સંસ્થાઓમાં બિલ્ડિંગ યુઝ પરમિશન અને ફાયર સેફ્ટી ર્ઙ્ઘઝના નિયમોનું પાલન ન થતું હોવાથી, એએમસીએ આજે વિવેકાનંદ કોલેજને સીલ કરી દીધી છે.

એએમસીના અધિકારીઓના જણાવ્યા અનુસાર, વિવેકાનંદ કોલેજ દ્વારા નિર્ધારિત સમય મર્યાદા માં બિલ્ડિંગ યુઝ પરમિશન અને ફાયર સેફ્ટી માટેનું નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ મેળવવામાં આવ્યું ન હતું. આ નિયમોનું ઉલ્લંઘન થતાં, વિદ્યાર્થીઓની સુરક્ષા અને ઈમારતના કાયદાકીય પાસાંઓને ધ્યાનમાં રાખીને છસ્ઝ્ર દ્વારા કોલેજને સીલ મારવાની ફરજ પડી છે.

શહેરમાં શાળાઓ અને કોલેજો સહિતની અનેક મોટી ઈમારતોમાં ફાયર સેફ્ટી અને બીયુ પરમિશનના નિયમોનું પાલન ન થતું હોવાની ફરિયાદો બાદ એએમસી દ્વારા મોટા પાયે સીલિંગની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશ અંતર્ગત વિવેકાનંદ કોલેજ પર કરવામાં આવેલી કાર્યવાહી એ દર્શાવે છે કે, વહીવટી તંત્ર નિયમોનું ઉલ્લંઘન કરનારી એક પણ સંસ્થાને છોડવા માંગતું નથી.

# રાજકોટ મનપા ફૂડ શાખાએ અટલ સરોવરના ફૂડ કોર્ટમાંથી ૨૩ કિલો અખાદ્ય જથ્થોનો નાશ કર્યો

## રોસ્ટેડ ચણા મસાલાના ૪ નમૂના લીધા : ખાધ્યચીજોના કુલ ૩૦ નમૂનાની સ્થળ પર ચકાસણી

રાજકોટ,રાજકોટ મહાનગર પાલિકાના ફૂડ વિભાગની ટીમ તથા વાન સાથે શહેરના અલગ- અલગ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૪૧ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૧૫ ધંધાર્થિઓને લાઈસન્સ્ બાબતે સૂચના આપવામાં આવેલ તેમજ ખાધ્યનચીજોના કુલ ૩૦ નમૂનાની સ્થાળ પર ચકાસણી કરેલ. સાથે ૪ નમૂના લેવામાં આવ્યા હતા.


તસવીર : દિલિપ ગોહેલ

મનપાની સતાવાર યાદી મુજબ ચકાસણી કરેલ ધંધાર્થીઓમાં ફિરંગી બર્ગર/શાશ્વત ફૂડસ (અટલ સરોવર ફૂડ કોર્ટ) -કુલ ૧૮ કિગ્રા પડતર પડેલ (પેકિંગ પર ઉત્પાદકની વિગતો કે લેબલિંગ વગરના) ફ્રોઝન મોમોઝનો નાશ કરવામાં આવેલ તથા લાઈસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવી હતી. જયારે કાઠિયાવાડી કસૂંબો/કે.કે. એન્ટરપ્રાઈઝ (અટલ સરોવર ફૂડ કોર્ટ)- વાસી એક્સપાયરી થયેલ બ્રેડ અને ફ્રોઝન સાબુદાણા વડા મળી કુલ ૫ કિગ્રાનો નાશ કરવામાં આવેલ તથા લાઈસન્સ મેળવવા બાબતે સૂચના અપાઈ હતી.

ઉપરાંત જમ્બો તોક્સક(અટલ સરોવર ફૂડ કોર્ટ), બોમ્બે સ્ટાઈલ ભેળ (રામકૃષ્ણ આશ્રમ સામે), રાજકોટ અમેરિકન મકાઇ (આજીડેમ ચોકડી પાસે) (૦૬)ચામુંડા કોલ્ડ્રિંક્સ (આજીડેમ ચોકડી પાસે), ભેરુનાથ પાણિપુરી(આજીડેમ ચોકડી પાસે), ગાયત્રી કોલ્ડ્રિંક્સ (આજીડેમ ચોકડી પાસે), રાજકોટ કોલ્ડ્રિક્સ (આજીડેમ ચોકડી પાસે), ચામુંડા સોડા સેન્ટર (આજીડેમ ચોકડી પાસે), શિવશક્તિ સોડા સેન્ટર (આજીડેમ ચોકડી પાસે), શિવ પાણીપૂરી (આજીડેમ ચોકડી પાસે), કરણ પાણિપુરી (આજીડેમ ચોકડી પાસે), સાલોની પાણીપુરી (આજીડેમ ચોકડી પાસે) તથા રામ અમેરિકન મકાઇ(આજીડેમ ચોકડી પાસે) આપવામાં આવેલ.

રોસ્ટેડ ચણાના ૪ નમુના લેવાયા

ફુડ સેફટી સ્ટન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ ડ્રાઈવ અંતર્ગત કુલ ૦૪ નમૂના લેવામાં આવેલ જેમાં રોસ્ટેડ ચણા વેગા ફૂડ ઈન્ડટસ્ટ્રીઝ(ઉત્પાકદક/પેકર્સ પેઢી), પુજીત રૂપાણી ટ્રસ્ટની પાછળ, શક્તિ ઈન્ડ. ઝોન પાસે, ભાવનગર રોડ ખાતેથી અને વિજય શીંગ રોસ્ટ્રેડ ચણા (૪૦૦ ગ્રા.પેક) તથા વિજય શીંગ રોસ્ટેડ મસાલા ચણા (૪૦૦ ગ્રા.પેક) વિજય સિંગ સેન્ટર (ઉત્પાદક પેઢી), શક્તિક ઈન્ડસ્ટ્રીયલ એરિયા, શેરી નં.૦૩, સંત કબીર રોડ, સદગુરુ સાનિધ્ય કોમ્લેપક્ષ પાછળથી નમુના લેવાની કાર્યવાહી કરવામાં આવી હતી

# રાજકોટની કાંગશીયાળી ગામની સીમમાં દારૂ ભરેલી બે કાર પકડાઈ: બંને કારના ચાલકો નાસી ગયા

## પોલીસે સ્કોર્પીયો - પોલો કાર, દારૂ સહિત રૂ. ૧૪.૫૬ લાખનો મુદામાલ કબ્જે કર્યો

રાજકોટ,રાજકોટના શાપર-વેરાવળ પોલીસે કાંગશીયાળી ગામની સીમમાં વિદેશી દારૂ ભરેલી બે કાર પકડી પાડી ૧૪.૫૬ લાખનો મુદામાલ કબ્જે કરી બંન્ને કાર ચાલકની શોધખોળ હાથધરી છે.

રાજકોટ ગ્રામ્ય જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરએ દારૂ તથા જુગારની બદી નેસ્ત નાબુદ કરવા સુચના કરેલ હોય જેના અનુસંધાને નાથબ પોલીસ અધિક્ષક ગોડલ કે.જી.ઝાલાના માર્ગદર્શન હેઠળ શાપર(વે) પો.સ્ટેના પો.ઈન્સ આર.બી. રાણાના રાહબરીમા પો.કોન્સ. રાજદીપસિંહ જાડેજાને મળેલ હકીકત આધારે સ્ટાફના માણસોએ કાગશીયાળી ગામની સીમ આવેલ આસ્થાગ્રીન સીટી સોસાયટીના પાર્કીંગમાં રાખેલ પોલો ટી.ડી.આઈ. કાર રજી.નં. જી.જે.૦૧ આર.ડી.૮૭૭૬ વાળી માથી ભારતીય બનાવટના અલગ-અલગ બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની ૧૮૦ એમએલના કાચની શીલબંધ બોટલ નંગ ૯૧૨ કી.રૂ.૧,૮૨,૪૦૦ તથા ૧૮૦ના એમ.એલની કાચની શીલબંધ બોટલ નંગ-૪૮૦ કી.રૂ.૯૬,૦૦૦ અને સ્કોર્પીયો કાર રજીનં. જીજે-૩-એનકે. ૮૭૭૬ કી.રૂ ૧૦,૦૦૦૦૦ મળી કુલ કિ.રૂ. ૧૨,૭૮,૪૦૦નો મુદામાલ કબ્જે કર્યો હતો.તેમજ શાપર-વેરાવળ પોલીસે કાંગશીયાળી ગામની સીમ આવેલ આસ્થાગ્રીન સીટી સોસાયટીના પાર્કીંગમાં રાખેલ પોલો ટીડી.આઈ. કાર રજી.નં. જીજે-૦૧-આરડી ૮૩૮૪ વાળીમાંથી ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂની બોટલો ૧૮૦ એમ.એલ.ના બોટલો નંગ-૩૯૨ કી.રૂ.૭૮,૪૦૦/- તથા પોલો ટી.ડી.આઈ. કાર રજી.નં. જી.જે.૦૧ આર.ડી.૮૩૮૪ કી.રૂ.૧૦૦૦૦૦/ મળી કુલ મુદામાલ કિ.રૂ. ૧,૭૮,૪૦૦/-લાખનો મુદામાલ કબ્જે કરી ચાલકની શોધખોળ હાથધરી છે.



તસવીર : દિલિપ ગોહેલ

આ કામગીરી શાપર વેરાવળ પો.સ્ટે.ના પો.હેડ કોન્સ. દિનેશભાઈ ખાટરીયા, જગશીભાઈ ઝાલા, પો.કોન્સ્ લગધીરસીંહ જાડેજા, અલ્પેશભાઈ ડામસીયા , રાજદીપસીંહ જાડેજા તથા વિમલભાઈ વેકરીયા તથા મનસુખભાઈ ચૌહાણ વિગેરે દ્વારા કરવામા આવેલ છે

# રાજકોટ સહિત રાજ્યમા ચોરીના પાંચ ગુનામાં ફરાર આરોપી પકડાયો

રાજકોટ,

રાજકોટ, ટંકારા અને અમદાવાદના વાસણામાં ઘરફોડ ચોરીના પાંચ ગુનામાં નાસતા ફરતા શખ્સને ક્રાઈમ બ્રાંચે જામનગર રોડ માધાપર ચોકડી પાસેથી પકડી લીધો હતો.



મળતી વિગત મુજબ રાજકોટ શહેરના અલગ અલગ વિસ્તારમાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે પોલીસ કમિશનર બ્રજેશકુમારના તથા એડી. પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા તથા એસીપી બી.બી.બસીખાની સૂચનાથી ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ એ.એન.પરમાર તથા સી.એમ.જાદવ સ્ટાફ સાથે આરોપીની શોધમાં હતા ત્યારે એ.એસ.આઈ. વિજયસિંહ જાડેજા, હેડ કોન્સ જયદેવસિંહ પરમાર, કોન્સ તુલસીભાઈ ચુડાસમા તથા સંજયભાઈ ખાખરીયાને બાતમી મળતા જામનગર રોડ પર માધાપર ચોકડી પાસેથી રીઢા તસ્કર મેહુલ નરશીભાઈ સોલંકી (ઉ.વ.૧૯) (રહે.જામનગર તળાવ પાસે બાલાજી હનુમાન મંદિરની બાજુમાં)ને પકડી લીધો હતો. પોલીસની તપાસમાં મેહુલ રાજકોટ માલવીયાનગર, ભકિતનગર, તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલી ચોરીના ગુનામાં તેમજ ટંકારા અને અમદાવાદના વાસણામાં મળી કુલ પાંચ ઘરફોડ ચોરીના ગુનામાં નાસતો ફરતો હોવાનું જાણવા મળ્યુ છે.

આ કામગીરી પી.આઈ.એમ.આર. ગોંડલીયા, એમ.એલ.ડામોર, સી.એચ. જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એ.એન.પરમાર, આર.કે.ગોહિલ તથા એ.એસ.આઇ અશોક કલાલ, સંજયભાઈ દાફડા, વિજયસિંહ જાડેજા, ક્રિપાલસિંહ ઝાલા, હેડ કોન્ટેએ બલ જયદેવસિંહ પરમાર, સુભાષભાઈ ઘોઘારી, પ્રતિકસિંહ રાઠોડ, મોહીલરાજસિંહ ગોહિલ, સંજયભાઇ ખાખરીયા, તુલાસીભાઈ ચુડાસમાએ કરી હતી.

# રાજકોટના બંસીધર પાર્કમાં રેસ્ટોરન્ટ સંચાલકના મકાનમાં રૂા.૪૪ હજારની ચોરી

**રાત્રે ફૂટપાર્થ ઉપર રહેતા લોકોને રામરોટી જમાડવા માટેગયાનેતસ્કરોખાબક્યા**

રાજકોટ,

રાજકોટના રૈયાધારની સામે આવેલા બંસીધર પાર્કમાં રહેતા રેસ્ટોરન્ટ્ના સંચાલકના મકાનને નિશાન બનાવી તસ્કરો રોકડ તથા દાગીના મળી રૂા.૪૪ હજારની માલ મતા ચોરી જતા ફરિયાદ થઈ છે.

મળતી વિગત મુજબ રાજકોટના રૈયાધાર શાંતીનગરના ગેઈટની સામે આવેલા બંસીધર પાર્કમાં રહેતા તેજસભાઈ અશ્વીનભાઈ જોષી (ઉ.વ.૪૫) એ યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. તેજસભાઈએ ફરિયાદમાં જણાવ્યું છે કે તેઓ રેસ્ટોરન્ટ ચલાવે છે. તેમજ રામરોટી જમાડી સેવાકીય પ્રવૃત્તિ પણ કરે છે, તેથી ગત તા.૬ના રોજ તે ઘરેથી રાત્રે સાડા બારેક વાગ્યેર રૈયાસર્કલ પાસે ફૂટપાર્થ ઉપર રહેતા લોકોને રામરોટી જમાડવા માટે ગયા હતા અને પત્ની તથા પુત્ર બંને ઘરે ઉપરના રૂમમાં સુતા હતા, બાદ તેઓ રામરોટી જમાટીને સાડા ત્રણ વાગ્યાની આસપાસ ઘરે આવ્યા હતા, ત્યારે ઘરના નીચેના મેઈન ડોરના દરવાજાનો નકુચો તુટેલો હતો. તેણે અંદર જઈ જોયું તો અમારા રસોડાનું ફ્રીઝ આડુ પડેલુ હતું. અને બાજુનો કબાટ ખુલ્લો હતો. તેમાં ચીજવસ્તુઓ અસ્તસવ્યસ્ત પડેલી જોતા તેણે રૂમમાં તપાસ કરતા પુત્રના ટેબલના ખાનામાં રાખેલા પાકીટમાંથી રૂા.૨૦૦ તથા રૂા.૭૦૦૦ની કિંમતની પાંચેક ઘડીયાળ તથા ઈયરબર્ડ સહિતની ચીજવસ્તુ ગાયબ હતી. બાદ તેણે પત્નીઓને બોલાવીને જાણ કરતા બંનેએ તપાસ કરતા કબાટમાંથી રૂા.૨૦ હજારની રોકડ તથા સાત જેટલા ચાંદીના સીક્કા, મંદીરમાં રાખેલા રૂા.૫૦૦ જોવા ન મળતા ચોરી થઈ હોવાની ખબર પડી હતી. આ બનાવની જાણ થતાં યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી તપાસ હાથધરી છે.

# રાજકોટની મહાદેવ વાડી નજીક વિદેશી દારૂ ભરેલી કાર સાથે એક ઝડપાયો

## ક્રાઈમ બ્રાંચની ટીમે કાર સહિત રૂ.૪.૨૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

રાજકોટ,રાજકોટ શહેરના મહાદેવ વાડી પાસેથી ડીસીબીની ટીમે ૧.૨૭ લાખનો દારૂ ભરેલી કાર સાથે એક શખ્સને પકડી લઈ દારૂ, કાર મળી રૂા. ૪,૩૨,૨૦૦નો મુદ્દામાલ કબ્જે કરાયો છે.

દારૂ જૂગારની પ્રવૃતિ અટકાવવા ક્રાઈમ બ્રાંચની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યાર કરણભાઈ કોઠીવાળ, અરવિંદભાઇ ફતેપરા અને સંજયભાઈ અલગોતરને મળેલી બાતમી પરથી માયાણી ચોક, મહાદેવ વાડી શેરી નં. ૨ પાસે જાહેર શૌચાલયની સામે આવેલ કેયુર એન્ટરપ્રાઈઝ નામની દુકાન નજીક રોડ પર બ્રેઝા કાર નં.જીજે૦૩એલજી-૭૫૧૪ને આંતરી લીધી હતી. તેના ચાલકની પુછતાછ કરતાં પોતાનું નામ પ્રકાશ ઉર્ફ ચીકડો જયસુખભાઈ દુધરેજીયા (ઉ.વ.૩૭- રહે. આસોપાલવ સોસાયટી શેરી નં. ૩, કોઠારીયા રોડ) જણાવ્યું હતું. કારની ડેકીની તપાસ કરતાં અંદરથી અલગ-અલગ બ્રાન્ડની કુલ ૯૬ નંગ બોટલો મળી આવી હતી. જેની કિંમત રૂ. ૧,૨૭,૨૦૦ ગણી દારૂ, કાર મળી રૂા. ૪,૩૨,૨૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

આ કામગીરી ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઇ એમ.આર. ગોંડલીયા, પીઆઇ એમ. એલ. ડામોર, પીઆઇ સી. એચ. જાદવની રાહબરીમાં પીએસઆઇ એસ. વી. ચુડાસમાની ટીમે કરી હતી.

# રાજકોટમાં કારખાનામાં પગાર બાબતેના મનદુ:ખમાં યુવાનને ચાર શખ્સોએ ધમકી આપી

રાજકોટ, અમદાવાદમાં રહેતો બીહારી યુવાન રાજકોટ કોઠારીયા સોલવન્ટમાં રાધીકા રેસીડેન્સી માં મિત્રના ઘરે રોકાવા આવ્યો હતો. ત્યારે ગાઉ રાજકોટમાં જે કારખાનામાં કામ કરતો હતો. ત્યાં પગાર બાબતે થયેલી માથાકુટનો ખાર રાખી ચાર શખ્સોએ ધમકી આપતા ફરિયાદ થઈ છે.

મળતી વિગત મુજબ બીહારના મનીપર ગામનો વતની હાલ અમદાવાદ વસ્તાયલ ઓઢવ રીંગ રોડ પર અમી રેસીડેન્સીમાં એફ-૭૦૧ માં રહેતો નીરજ દિનેશભાઈ મહંતો (ઉ.વ. ૩૬) એ આજીડેમ પોલીસ સ્ટેશનમાં ધનંજય લાલોરાય, વિવેક ધનંજય મહંતો, રાજુપાસવાન તથા એક અજાણ્યા શખ્સ્ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે. નીરજે ફરીયાદમાં જણાવ્યું છે કે, તે કઠવાડા વિસ્તારમાં આવેલા ઓમ ઓટોમેશન નામના કારખાનામાં નોકરી કરે છે. તા. ૭ ના રોજ તેના બહેન બિંદુદેવી રાજકોટ-ગોંડલ રોડ પર રાજકમલ પેટ્રોલ પંપની પાછળ રહેતા હોવાથી હું ત્યાં રક્ષાબંધનનો તહેવાર મનાવવા અમદાવાદથી રાજકોટ આવ્યાક હતા. બાદ બીજા દિવસે તા. ૮-૮ ના રોજ તે કોઠારીયા સોલવન્ટમાં રાધીકા રેસીડેન્સીમાં રહેતા મિત્ર અમરદીપના ઘરે રોકાવા ગયા હતાં. બાદ તા. ૯-૮ ના રોજ તેની તબીયત સારી ન હોવાથી તે સુતા હતા ત્યા રે અહી અગાઉ ફરીયાદી જેને ત્યાંદ ફેબ્રીકેશનનું કામ કરતા હતા. તે ધનંજય મહંતોની પત્ની કીરણદેવી ઘરે આવીને તેણે ધનંજવને વાત કરતા તેનો દીકરો ફરીયાદીને બોલાવવા માટે આવ્યો હતો. તેની તબીયત સારી ન હોવાથી આવવાની ના પાડી દીધી હતી. થોડીવાર બાદ આરોપી ધનંજય સહિત ત્રણેય આવીને અગાઉ ૨૦૧૯-૨૦ ના અરસામાં પગાર બાબતે થયેલી માથાકુટનું મનદુઃખ રાખી ધનંજયે ગાળો આપી ઝપાઝપી કરી ઢીકાપાટુનો માર માર્યો હતા. બાદ હવે અમને તું કયાં સામે મળીશ તો તને જાનથી મારી નાખીશ તેમ ધમકી આપી હતી. આ અંગે યુવાને યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી.

# ધોરાજીમાં ઉપલેટા રોડ ઉપર પાંચ શો-રૂમના તાળા તૂટયા : તસ્કરો સીસીટીવીમાં કેદ

ધોરાજી,ધોરાજીના જુનાગઢ રોડ ઉપર આવેલ પ્લાસ્ટિંકના કારખાનામાં અજાણ્યાળ તસ્કપરો ત્રાટકીને ૧૫ જેટલા કારખાનાની ઓફિસમાં અંદાજે રૂપિયા એક લાખની ચોરી કરીને નાસી ગયા હતા જે હજુ ભેદ ઉકેલાયો નથી ત્યાં ફરી અજાણ્યા તસ્કરોએ દ્વારા ધોરાજીના ઉપલેટા રોડ ઉપર આવેલા ટ્રેક્ટરના ચાર શો રૂમ અને ઓઈલ મીલની ઓફિસના તાળા તોડી ૧૫ હજાર રોકડ ચોરી કરી સીસીટીવીમાં કેદ થતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે

ફરીયાદી વિશાલભાઈ હરસુખભાઈ એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ટ્રેક્ટરરની ધોરાજી, ઉપલેટા, જામકંડોરણા, જેતપુર અને ગોંડલ તાલુકા વિસ્તારની ડીલરશીપ છે. જેથી ધોરાજીમાં જુના ઉપલેટા રોડ પર પેટ્રોલ પંપની સામે વૃંદાવન ટ્રેક્ટર નામથી ટ્રેક્ટરનો શો-રૂમ ચલાવે છે. શો-રૂમમાં અન્ય કર્મચારી પણ નોકરી કરે છે. સાંજના સમયે શો રૂમ બંધ કરી તેઓ અને તમામ કર્મચારીઓ ઘરે જતા રહેલ હતા. ત્યારબાદ સવારના તે ઘરે હતો ત્યારે શો રૂમની બાજુમાં આવેલ અન્ય ટ્રેક્ટરના શો રૂમવાળા અતુલભાઈ નો ફોન આવેલ કે, તમારા અને આજુબાજુ ટ્રેક્ટરના શો રૂમના શટર તુટેલ છે અને ચોરી થયાનું લાગે છે. જેથી તેઓ દોડી ગયેલ હતા. જ્યા તેઓના શો રૂમ પર ઉપરાંત અતુલભાઈ , બીપીનભાઈ , ભાવેશભાઈ આવી ગયેલ હતા. જ્યા? અન્ય ટ્રેક્ટર શોરૂમ નાં તથા હરસીધ્ધી ઓઈલમીલના શટરના તાળા તુટેલ હતા. બાદ ફરીયાદીએ શો રૂમમાં ચેક કરતા શો રૂમનું મેઈન શટર કોઈ રીતે નીચે થી ઉંચુ કરેલ હતુ. જે ખોલી અંદર જઈ જોતા મુખ્ય ઓફીસના ટેબલના ડ્રોવર નો નકુચો તુટેલ હતો અને તેમાં રાખેલ કુલ રોકડ રૂ ૧૫ હજાર મળી આવેલ નહી. જેથી શો-રૂમમાં રાખેલ સીસીટીવી ફૂટેજ જોતા મોડી રાત્રીના ૦૨/૩૯ વાગ્યે બાજુના પ્લોટમાંથી ઠેકીને ત્રણ શખ્સો શો રૂમમાં પ્રવેશ કરે છે. ત્રણેયે શો રૂમનુ મુખ્ય શટર ઉંચુ કરીને બે વ્યક્તી અંદર આવે છે અને એક વ્યક્તી બહાર રહે છે.બાદ અંદર આવેલ બન્ને શખ્સો રીસેપ્સનની ઓફીસમાં ટેબલના ડ્રોવરો ચેક કરે છે. ત્યાહરબાદ શો રૂમની મુખ્ય ઓફીસમાં આવી બધુ ચેક કરીને ટેબલનો ડ્રોવર ખોલીને તેમાંથી રૂપીયા કાઢી નાસી ગયેલ. પોલીસે સીસીટીવી કુટેજ આધારે તપાસ આગળ ધપાવી છે.

# રાજકોટમાં ઓવરટેઈક કરવા બાબતે આજી વસાહતના રિક્ષાચાલક પર બાઈક ચાલકનો હુમલો

રાજકોટ, રાજકોટમાં રિક્ષાચાલક યુવાનને ઓવરટેઈક કરવા બાબતે બાઈક પર આવેલા બે શખ્સોએ રિક્ષાચાલકને ગાળો દઈ ઢીકાપાટુ મારતાં તેના માતા વચ્ચે પડતાં તેને પણ માર મારતાં અને બાદમાં રોડ પરથી પથ્થર ઉપાડી રિક્ષાચાલકને કપાળે ઘા ફટકારી લોહીલુહાણ કરી દેતાં દેકારો મચી ગયો હતો. આ બનાવમાં થોરાળા પોલીસે આજી વસાહત એંસી ફુટ રોડ પર ખોડીયારનગર-૧૪માં રહેતાં દિલીપભાઈ ઉર્ફ મહારાજ શાંતિરામ મોહનદાસગોંડલીયા (ઉ.વ.૪૨)ની ફરિયાદ પરથી બે મોટરસાઈકલના ચાલકો વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે.

દિલીપભાઈ ગોંડલીયાએ ફયિરાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને રિક્ષા હંકારી ગુજરાન ચલાવુ છું. સંતાનમાં મારે એક દિકરો અને એક દિકરી છે. ચોટીલાથી પરત રાજકોટ આવવા નીકળતા થોરાળા પોલીસ સ્ટેંશનથી આગળ પહોંચ્યા ત્યાંરે ત્યાં રોડનું કામ ચાલુ હોઈ જેથી ડિવાઈડર પાસેથી ડાયવર્ઝન અપાયુ હોઈ મેં મારી રિક્ષા અમુલ સર્કલ તરફથી આવતાં વાહનોવાળી લાઈનમાં લીધી હતી.

બાદમાં ભાવનગર રોડ પર શુભમ્ એન્ટરપ્રાઈઝ સામે રોડ પર પહોંચતા બે અજાણ્યા બાઈકચાલકો મારી પાછળ આવ્યાો હતાં અને મારી રિક્ષા સાથે બાઈક અથડાવવાની કોશીષ કરી હતી. જેથી મેં તેના વાહન નંબર જોતાં જીજે૦૩એલસી-૦૧૯૧ હતાં. આથી મેં તેના ચાલકને કહેલું કે ભાઈ આગળ જતાં રહો. જેથી બંને બાઈકના ચાલકને આ ન ગમતાં મને ચાલુ વાહને ગાળો દેવા માંડયા હતાં. મારા પરિવારના સભ્યો સાથે હોઈ મેં રિક્ષા ઉભી રાખી દીધી હતી. આથી આ બંને શખ્સો પણ તેના બાઈ ઉભા રાખી મારી પાસે આવ્યા હતાં અને ફરીથી ગાળો દઈ ઝપાઝપી કરવા માંડયા હતાં.આ વખતે મારા માતા સુશીલાબેન વચ્ચે પડતાં તેને આ બંનેએ ઢીકાપાટુ મારી લીધા હતાં. તેમજ એક રોડ પર પડેલો પથ્થર ઉપાડી મને કપાળે ફટકારી દેતાં લોહી નીકળવા માંડયું હતું. જેથી મારા માતા, પત્નિ, દિકરીએ રાડારાડ કરતાં લોકો ભેગા થઈ ગયા હતાં. આથી હુમલો કરનારા બંને ચુનારાવાડ ચોક તરફ ભાગી ગયા હતાં. કોઈએ ૧૦૮ બોલાવતાં મને સારવાર માટે ખસેડાયો હતો. બાઈક ચાલકે ઓવરટેઈક કરવા મામલે અમારી સાથે ગાળાગાળી કરી હતી અને મને તથા મારા માતાને ઢીકાપાટુ મારી મને પથ્થરથી પણ ઈજા કરી હતી. તેમ વધુમાં દિલીપભાઈએ જણાવતાં થોરાળા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# રાજકોટ શહેરમાં બેંક એકાઉન્ટ ભાડે આપનાર ૧૯ શખ્સો વિરૂધ્ધ ૬ ગુના નોધ્યા : ૧૩ શખ્સોને દબોચ્યા

## સાયબર ફ્રોડની રકમ ચાઈનીઝ એપ, ગેમીંગ, યુએસડીટીના ભાડાના એકાઉન્ટમાં ટ્રાન્સફર થયા હતા

રાજકોટ,રાજકોટ શહેર સાયબર ક્રાઈમ પોલીસે આ પ્રકારે ભાડે બેંક એકાઉન્ટે આપી કરોડોના ફ્રોડમાં ભાગ ભજવનારા રાજકોટના ૧૯ શખ્સો વિરૂધ્ધ અલગ અલગ ૬ ગુના દાખલ કરી ૧૩ શખ્સોને દબોચી લીધા છે અને સુત્રધાર સુધી પહોંચવા પ્રયાસ યથાવત રાખ્યા છે. રાજકોટમાં જે ૧૯ શખ્સો સામે ગુના દાખલ થયા છે તે શખ્સો આર્થિક લાભ માટે, કમિશન માટે પોતાના એકાઉન્ટમાં ફ્રોડના રૂપિયા મેળવી કમિશન ખાઈ સુત્રધાર સુધી નાણા પહોંચાડી દીધા હતાં. ચાઈનીઝ એપ, ગેમીંગ એપ, યુએસડીટીના રૂપિયા ભાડાના એકાઉન્ટમાં

રાજકોટના જવાહર મેઈન રોડ પર આવેલ બંધન બેંકમાં એકાઉન્ટ ધરાવતા અમિત રવિશંકર બરાસરા (રહે. બજરંગપાર્ક, ન્યુ રેલ્વે ક્રોસીંગ, મોરબી રોડ)ના નામના બે કરંટ એકાઉન્ટ- હાઈ જેથી તેમની તપાસ કરતાં તેના એકાઉન્ટ માં રૂ.૯.૭૦ લાખ જમા થયેલ હોય અને તેમાંથી રૂ.૯.૬૦ ચેકથી વિડ્રો કરી લીધેલ હતાં. તેને રૂ.૧૦ હજારની લાલચમાં તેના ઓળખીતા આયુષ મહેશ વ્યાંસના મિત્ર વિવેક કમલેશ ગોસાઈ મારફતે સોખડાના ગૌરવરાજસિંહ જાડેજાને આપેલ હતું. તેમજ ગૌરવરાજસિંહ જાડેજા આયુષ વ્યાસ અને વિવેક ગોસાઈને રૂ.૬ હજાર કમિશન આપતો હતો. જે એકાઉન્ટસમાં જમા થયેલ ફ્રોડની રકમના કુલ કર્ણાટકના બેંગ્લોગરમાંથી અરજદારના કુલ રૂ.૩.૨૮ કરોડ ફ્રોડમાં ગયેલ છે.

આવી જ રીતે મોટા મવા પાસે આવેલ સીતાજી ટાઉનશીપમાં રહેતાં ઉમંગ જયંતીલાલ પિત્રોડાના એકાઉન્ટણમાં કુલ રૂ.૪.૨૦ લાખ જે એકાઉન્ટમાં જમા થયેલ ફ્રોડની રકમના કુલ તેલંગણાના અરજદારના કુલ રૂ.૧.૫૮ કરોડ ફ્રોડમાં ગયેલ, જામનગર રોડ પર સલ્મ ક્વાડર્ટરમાં રહેતાં માનવ વિજય પરમારના એકાઉન્ટમાં ફ્રોડના રૂ.૯ લાખ જમા થયેલ જે તામિલનાડુ અને મહારાષ્ટ્રના અરજદારના કુલ રૂ.૧૧.૧૬ કરોડ ફ્રોડમાં થયા, કોઠારીયા મેઈન રોડ પર બાલાજી ફાર્મસી પાસે રહેતાં આયુષ સંજય બગથરિયાના એકાઉન્ટમાં રૂ.૮ લાખ જમા જે રૂપીયા ચાઈનીઝ એપ અને ગેમીંગના હોવાનું, કોઠારીયા રોડ પર મહેશ્વરી સોસાયટીમાં રહેતા નદીમ વલીમામદ મુઢીયાના એકાઉન્ટમાં અલગ અલગ ત્રણ ટ્રાન્ઝેક્શનથી ૫.૫૦ લાખ જમા તે રૂપિયા મવડી ફાયર બ્રિગેડ પાસે રહેતા પાર્થ બારોટ અને ગની અબુ ડાંગશીયા નામના શખ્સે તે રૂપિયા મેળવી લીધેલ હતા. દૂધસાગર રોડ પર ગુજરાત હાઉસિંગ બોર્ડમાં રહેતા એજાજ અનવર શેખના એકાઉન્ટમાં અલગ અલગ ટ્રાન્ઝેક્શન થી લાખો રૂપિયા ટ્રાન્સફર થયેલ તે રૂપીયા કેટીટી ગેમીંગ એપના હોવાનું અને યુએસડીટી ટ્રાન્સફર થયા હતાં.

આ કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસીપી સાયબર ક્રાઈમ ચિંતન પટેલની રાહબરીમાં પીઆઇ એમ. જે. કૈલા, પીઆઇ બી. બી. જાડેજા, પીઆઇ પી.આર. ડોબરીયા, એસ. ડી. ગીલવા, પીઆઇ આર. જી. પઢીયાર અને ટીમોએ કરી વિશેષ તપાસ યથાવત રાખી છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## અમેરિકાના સૌથી મહાકાય ઉપગ્રહને ઈસરો અવકાશમાં મોકલશે

ભારતીય અવકાશ સંશોધનની યાત્રા એ સંકલ્પ અને સિદ્ધિની એક અદ્ભુત ગાથા છે. એક નાનકડી શરૂઆતથી પ્રારંભ કરી, ઇસરો આજે વિશ્વના અવકાશી નકશા પર એક મજબૂત, વિશ્વસનીય અને મહાશક્તિ તરીકે ઉભરી આવ્યું છે. મંગળયાન જેવા માઈલસ્ટોન સ્પર્શવાથી લઈને ચંદ્રયાન-૩ સાથે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઐતિહાસિક ઉતરાણ કરવા સુધી, તેની સફળતાઓએ રાષ્ટ્રીય ગૌરવની ભાવના જગાડી છે. કેટલાકને આશ્ચર્ય થાય છે કે શું આ ફક્ત સંશોધનની દિશામાં છે, પરંતુ ઇસરોએ તેની વ્યવસાયિક ચુસ્તતા અને ખર્ચ-કાર્યક્ષમતા દ્વારા સાબિત કર્યું છે કે તે વ્યાપારીકરણ અને સહયોગના ક્ષેત્રમાં પણ સમાન રીતે સફળ છે. આજે, જ્યારે તે ભારતના સૌથી શક્તિશાળી રોકેટ એલવીએમ-૩ દ્વારા અમેરિકાનો વિશાળ ઉપગ્રહ બ્લુબર્ડ-૬ અવકાશમાં મોકલવાની તૈયારી કરે છે, ત્યારે તે ફક્ત એક લોન્ચ નથી, પણ ભારતની વૈશ્વિક અવકાશ સેવાઓની હબ તરીકેની સ્થિતિની ઘોષણા છે.આ પ્રક્રિયા અચાનક થઈ નથી. ઇસરોએ પોતાની વિશ્વસનીયતા અને શ્રેષ્ઠતાનો પદાર્પણ સતત અને સુસંગત પ્રદર્શનથી કમાયો છે. લગભગ ૪૦૦ વિદેશી ઉપગ્રહોને અવકાશમાં પહોંચાડવાનો રેકોર્ડ એ ફક્ત સંખ્યાબંધ નથી, પણ વિશ્વભરના દેશોનો વિશ્વાસ દર્શાવે છે. યુરોપીયન દેશોથી લઈને યુનાઇટેડ અરબ અમીરાત અને અમેરિકા સુધી, રાષ્ટ્રો ઇસરોની પી.એસ.એલ.વી. જેવી લોન્ચ વાહનોની ઉચ્ચ સફળતા દર અને અતુલ્ય ખર્ચ-કાર્યક્ષમતા તરફ આકર્ષાયા છે. આ વ્યાપારી સેવાઓએ ભારતને અવકાશીય ઉદ્યોગમાં એક મહત્વપૂર્ણ ખેલાડી બનાવ્યો છે, જે વિશ્વભરમાં સંચાર, નેવિગેશન, પૃથ્વી નિરીક્ષણ અને સંશોધન માટે આવશ્યક માળખું પૂરું પાડે છે. દરેક સફળ લોન્ચ સાથે, ઇસરો વૈશ્વિક અવકાશ સહયોગના માળખામાં ગૌરવપૂર્ણ સ્થાન પ્રાપ્ત કરે છે.જે ભારતના તકનીકી કૌશલ્ય અને વ્યવસ્થાપનીય ક્ષમતાઓનું પ્રતીક બને છે.આ ઐતિહાસિક પ્રક્રિયામાં નવું પાનનું ઉમેરવાની તૈયારીમાં છે, જે બ્લુબર્ડ-૬ ઉપગ્રહ છે. ૬.૫ ટનનું આ વજનદાર, ૨૪૦૦ ચોરસ ફૂટ જેટલા વિશાળ કદવાળું અને અત્યાધુનિક તકનીકથી સજ્જ આ સંરચના ફક્ત એક ઉપગ્રહ નથી, પણ નીચી પૃથ્વી કક્ષામાં (LEO) મૂકવામાં આવશે તેવો સૌથી મોટો વ્યાપારી સમૂહ છે.



# માબાપ થવું આકરું છે. -૨

## ભાવનગર ૩૦૦

- બળદેવસિંહ ગોહિલ

**● વારંવાર ના પાડવાથી, નહિ થાય એમ કહેવાથી બાળક પોતાની જાતમાં વિશ્વાસ ખોઈ બેસે છે.**

**● ખરી રીતે બાળકોમાં અવિશ્વાસ કે અશ્રધ્ધા એ આપણા પોતાનામાં જ અવિશ્વાસ કે અશ્રધ્ધા છે.**

બાળક હાથમાં લાકડી લઈને ફરતું હોય તો માતા બોલી ઉઠે છે; "એ હમણાં ગોળો ફોડશે કે પ્યાલો ફોડશે!" પછી કહે છે "એ હમણાં ભાઈને મારશે" બાળક ગોળા ઉપર લાકડી મારવા કે ભાઈને મારવા દોડે છે. માતા ઉશ્કેરાય છે ને સાથે પોતાની વાણીથી બાળકને ઉશ્કેરે છે. બાળકની એક ભૂલ થઇ એટલે ભૂલ અટકે એવો રસ્તો બતાવવાના બદલે બીજી ભૂલ તરફ વળે તેવા શબ્દો બોલીએ છીએ. જેની બાળક પર વિપરીત અસર થાય છે. બાળકની ભૂલ થાય છે ત્યારે આપણે જ તેને બીજી ભૂલમાં ખેંચીએ છીએ, બાળક ભૂલની પરંપરામાં ઉતરે છે.

બાળક કશી પ્રવૃત્તિ કરતા હોય ત્યારે માબાપો ટોકે છે. રોકે છે. "રેવાદે; તારાથી નહિ થાય" કોઈ કામ કરતા હોય અને ન થતું હોય ત્યારે બાળક કહેશે "લાવો હું કરી દઉં" ત્યારે બધાં તેને ભોઠું પાડીને કહેશે; "કાઈ છોકારાથી તે છાશ પિવાતી હશે!" મોટાઓ કોઈ ગૂંચ ઉકેલતાં હોય એટલામાં છોકરું આવીને પોતાની દૃષ્ટિએ માર્ગ બતાવવા બોલે છે. બધાં કહે : "આ જોને, કુંભાર કરતાં ગધેડા ડાહ્યા!" આમ કરીને આપણે બાળકમાં તેની જાત પ્રત્યે અશ્રધ્ધા ઉત્પન્ન કરીએ છીએ. બાળકો અમુક વખતે કામ શીખવા માગે છે. તે સમયે તેમનો ઉત્સાહ જબ્બર હોય છે. નવું જાણવાની વૃત્તિ અંદરથી આવેલી હોવાથી દરેક કામમાં તેને રસ પડે છે, તેથી પોતાનું કામ પૂરી એકાગ્રતાથી કરે છે. તે વખતે તેઓ જાતને સંભાળવાની કાળજી રાખી શકે છે; તે વખતે અમુક આમ થાય અને અમુક તેમ થાય. એમ બતાવવામાં આવે છે તેઓ ભૂલ ન થાય માટે અસાધારણ ચિંતા રાખીને કામ બજાવે છે. તેમના વિકાસ માટે જોઈતી પ્રવૃત્તિ તેમને મળતી હોવાથી તેમના ચહેરા ઉપર આનંદ હોય છે; શરીરમાં ચેતના હોય છે. પ્રત્યેક પળ તેઓ જેમ જેમ કામ કરતાં જાય છે તેમ તેનો વિશ્વાસ વધતો જાય છે. પરિણામે તે કહે છે: કરી શકીશ; મને કરવા દ્યો. મને આવડે છે!" અને જો કરવા નથી દેતાં તો ઘણીવાર કજિયા કરે છે, ને માર ખાય છે.

વારંવાર ના પાડવાથી, નહિ થાય એમ કહેવાથી બાળક પોતાની જાતમાં વિશ્વાસ ખોઈ બેસે છે. પછીથી પોતે કામ કરતાં જ ડરે છે. તે એમ માને છે કે ચોક્કસ પોતાથી નહિ થાય. તેને જો કોઈ કહે છે: "પાટલો લાવ ને." તો તે ના પાડે છે. પરાણે ઉપડાવે છે તો પાટલો પડી જાય છે. ત્યારે રડે છે. કારણ પૂછતાં જણાવે છે કે તે પોતાથી તે ન બની શકે. પોતે કેમ કરી શકે?

આપણે બાળકોમાં અશ્રધ્ધા પેદા કરી તેમને અશક્ત કરી નાખીએ છીએ, ખરી રીતે બાળકોમાં અવિશ્વાસ કે અશ્રધ્ધા એ આપણા પોતાનામાં જ અવિશ્વાસ કે અશ્રધ્ધા છે. આપણે બાળકોમાં વિશ્વાસ રાખવાની હિંમત કેળવવી જોઈએ. થોડી પણ શ્રધ્ધા રાખીશું તો જરૂર તેઓ કરી જ આપશે કે તેઓ ઘણી વધારે શ્રધ્ધાને પાત્ર છે. બાળક છે પણ મનુષ્ય છે; તે મનુષ્યત્વ ખીલવવા મથી રહ્યું છે. આપણું કામ તેનામાં વિશ્વાસ મૂકી તેને આગળ જવામાં મદદ કરવાનું છે. આપણે બાળકમાં વિશ્વાસ રાખીએ.

બાળકને વારે વારે ટોકવું નહિ, વધારે ટોકતા જઈએ તેમ ટોકવાનું વધારે ને વધારે વધતું જ જાય છે, બાળક રીઢો થઇ જય છે. તેને થાય છે કે "એ તો કહ્યા કરે. રોજ નું થયું: આપણે જે કરીએ છીએ તે કર્યા કરીએ!" બાળકની માનસિક વૃત્તિ આવી થઇ જાય છે. એક વાર બાળકનો સ્વાભાવિક જુસ્સો રોક્યો એટલે તે પાછું પડ્યું; તેને આઘાત પહોચ્યો; તે પાછું વળ્યું; તેના કાન બંધ થયા; તેના અંતરમાં આપણો અવાજ જતો અટક્યો. આખરે તે નિંભરુ થઇ જાય છે. માનસિક રોગી બની જાય છે.

આપણે ટોકણીથી બાળકને દૂર રાખીએ. તેને દવાને બદલે હવા આપીએ. તે જયારે સ્વાભાવિક પણે આપણું કહ્યું કરવા અને સાંભળવા તૈયાર હોય છે, ત્યારે તેની તેમ કરવાની મરજી અને શક્તિને વધારીએ; અને જયારે તેમ કરવાની મરજી ન થાય ત્યારે તેને છોડી જ દઈએ.

ઘરમાં બેચાર બાળકો હોય ત્યારે મોટું બાળક જે કામ કરતુ હોય તેકામ નાના બાળકને કરવાનું મન થાય છે. તે મોટાની વસ્તુ માગે છે. દેખાદેખી કરવાનું સહજ છે; છતાં બધી વખતે દેખાદેખીથી કામ કરવામાં લાભ નથી. પોતાની યોગ્યતાની બહાર જઈ બાળક કંઈક કરવા માગે તો તેમાં તેને નુકશાન જ છે. યોગ્યતા હોય ત્યારે થતું અનુકરણ શીખવાના પ્રયત્નરૂપે છે. નાના બાળકો જયારે મોટાઓ જે કરે છે તે કરી શકતાં નથી, કરી શકવાનાં નથી તેમ છતાં તેમ કરવા માગે છે, ત્યાં આપણે તેમને તેમ જ કરવા દેવા માટે મોટાં પાસેથી અપાવી દેવું ન જોઈએ, કાં તો તેમને મોટાંઓના કામને જોવા બેસારીએ, તેમને કામમાં મદદગાર બનાવીને જોડીએ; જેમ કે રંગકામ ચાલતું હોય તો પાણી લાવવાનું કે પીંછી ધોવાનું, અથવા તે કામને બદલે બીજું જ કામ તેને આપીએ. બીજા પાસેથી અપાવી તો ન જ દઈએ. તેને વસ્તુ મળ્યાનો લાભ થાય તેના કરતાં અપાવી દેવરાવવાની ટેવ પડે તેનું નુકશાન વધારે છે. બાળકને તેવી બીજી વસ્તુ હોય તો આપવી, નહીતર તેને વારો આવે ત્યાં સુધી રાહ જોવાનું કહેવું. આપણને જોઈએ છે તો ઘણું. પણ જીવનવ્યવહાર જ એવો છે કે જે ઈચ્છ્યું તે તરત જ મળે તેવી શક્યતા નથી, તે જ સામાન્ય નિયમ અહીંથી જ બાળકના ખ્યાલ ઉપર આવે. બાળકને બીજી ચીજ આપી શકતાં ન હોઈએ, અથવા તો બાળક માંગતું હોય તેને માટે તે લાયક ન હોય, તો તેને રડવા દઈએ પણ બીજા પાસેથી અપાવીએ તો નહિ જ.

ઘણીવાર એવો નાજુક પ્રસંગ આવી પડે છે કે જયારે ન તો આપણને નાના બાળકની માગણી નામંજૂર કરવાનું યોગ્ય લાગે, ન તો મોટા પાસેથી લઇ લેવું ન્યાયભર્યું લાગે અને છતાં આપણે એ પરિણામ તો ઈચ્છીએ કે બંનેનું મન રાજી રહે: બંનેની ઈચ્છા તૃપ્ત થાય. આપણે એવે વખતે તેમને સહકાર કરવાની યુક્તિ બતાવવી જોઈએ. બેમાંથી એક્ચેયને એવી છાપ ન પડવી જોઈએ કે મને અપાવી દીધું કે મારા પાસેથી લઇ લીધું; અને છતાં બંનેમાં મનનું સમાધાન થવું જોઈએ. આ કામ કાં તો બંનેને ત્રીજે જ માર્ગે વાળવાથી થાય, અથવા બંને જણને એ જ કામમાં નવી પ્રવૃત્તિ આપવાથી થાય.

આપણે મોટા છીએ તેથી અપાવી શકીએ, ગમે તેવો ન્યાય આપી શકીએ, એવો ખ્યાલ બાળકોમાં પેસવા દેવા કરતાં જ્યાં આપણું ન ચાલે ત્યાં "જાઓ, તમે ઠીક પડે તેમ કરો; હું કશું કહીશ નહિ." એમ કહેવું સારું છે. ઘણીવાર બાળકને પોતપોતાનું પોતાની જાતે પતાવી લેવા છૂટાં મૂકીએ છીએ તો તેઓ સામસામે અથડાઈને વહેલા ઠેકાણે આવે છે. એક બીજાના મિત્ર થાય છે અને પોતાની ઈચ્છા ને મર્યાદા ક્યાં રાખવી તે સમજે છે. આપણે વચ્ચે પડીએ છીએ તો અસંતોષ થાય છે.

# કેવું જશે આપનું આવતું અઠવાડિયું





**મેષ - (અ, લ, ઈ) :-** આ સમયે તમારે સમજવાની જરૂર રહેશે કે માનસિક શાંતિ માટે શરીરને દબાણ આપવાને બદલે, તાણના કારણને ધ્યાનમાં લેવું તે યોગ્ય છે. અને આ તથ્યને સમજીને તમારે આ અઠવાડિયે પોતાને તાણ મુક્ત રાખવાનો પ્રયાસ કરવો પડશે. લાંબા સમય પછી, આ સપ્તાહ તમારી આર્થિક બાજુને મજબૂત બનાવશે. કારણ કે આ સમયે તમે તમામ પ્રકારના ખર્ચ પર નિયંત્રણ રાખી તમારા પૈસા બચાવી શકશો. આ માટે, બધી ક્રેડિટ ફક્ત તમારી જાતને આપવાને બદલે, નજીકના લોકો, પરિવારના સભ્યો અને તમારા સાથીને પણ થોડી ક્રેડિટ આપો. આ સપ્તાહ તમારા પારિવારિક જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવશે. જેના કારણે તમે ધાર્મિક સ્થળે અથવા સંબંધીના પરિવાર, બધા પરિવારમાં જવાની યોજના બનાવી શકો છો.આ સમય દરમિયાન, તારાઓની ચાલ દ્વારા તમારી નેતૃત્વ અને વહીવટી ક્ષમતાઓમાં વધારો થશે. જેના કારણે તમે કાર્યસ્થળ પર તમારી અલગ ઓળખ અને આદર મેળવી શકશો. આ સિવાય, તમે કાર્યસ્થળમાં કોઈ મહિલા સાથીદારને મળવાની સંભાવના છે. જો તમે આ અઠવાડિયામાં પરીક્ષા આપવા જઇ રહ્યા છો, તો તમારે છેતરપિંડી વગેરે તમામ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓથી બચવું પડશે. અન્યથા તમે તમારી જાતને તેમજ તમારા ભવિષ્યને પણ નુકસાન પહોંચાડી શકો છો.કારણકે રાહુ દેવ તમારી ચંદ્ર રાશિના અગિયારમા ભાવમાં સ્થિત હશે.



**વૃષભ - (બ, વ, ઉ)** આ અઠવાડિયે, તમારું સ્વાસ્થ્ય થોડા મહિના પસાર કરશે, આને લીધે, વધુ મુસાફરી કરવાથી પણ તમારા સ્વભાવમાં થોડી પરેશાની થઈ શકે છે. આવી સ્થિતિમાં તમારા સ્વાસ્થ્યને મહત્ત્વ આપતી વખતે મુસાફરી કરવાનું ટાળો. પૂર્વજોની સંપત્તિ, જમીન, સંપત્તિ, નીતિ, વગેરે જેવા તમારા પાછલા કોઈપણ રોકાણોને લીધે, આ અઠવાડિયે તમારી આવક વધશે. આવી સ્થિતિમાં, તમે સારી યોજનામાં ફરીથી તે નાણાંનું રોકાણ કરવાનું પણ નક્કી કરી શકો છો. આ અઠવાડિયે, તમારા આરામ કરતાં વધુ, તમારા પરિવારના સભ્યોની જરૂરિયાતો પર ધ્યાન આપવું એ તમારી વાસ્તવિક અગ્રતા હોવી જોઈએ. આને કારણે તમે પરિવારમાં ચાલી રહેલી ઘણી પરિસ્થિતિઓ વિશે જાણશો કે જેનાથી તમે હજી અજાણ હતા.આ અઠવાડિયા દરમ્યાન, તમે ક્ષેત્ર પરનું દરેક કાર્ય વધુ જવાબદાર, કેન્દ્રિત, સંગઠિત રીતે કરશો. જેની મદદથી તમે કાર્યસ્થળ પર પણ તમારું શ્રેષ્ઠ પ્રદર્શન આપી શકશો. આ સિવાય તમારી રાશિના કેટલાક મૂળ વતનીને પણ આ સમયગાળા દરમિયાન વિદેશી કંપનીમાં જોડાવાની તક મળી શકે છે. આ અઠવાડિયે તમારે તમારા શિક્ષકો સાથે સારા સંબંધો રાખવા પડશે, કારણ કે એવી સંભાવના છે કે તેઓ તમારી સાથે ખુશ રહેશે અને તેમનો પ્રભાવ શિક્ષણના ક્ષેત્રમાં તમારી રુચિ માટે કામ કરશે. આ સમય દરમિયાન, ઘણા વિદ્યાર્થીઓ તેમની શાળા અથવા કોલેજમાંથી શિષ્યવૃત્તિ પણ મેળવી રહ્યા છે.કેતુ ગ્રહ તમારી ચંદ્ર રાશિના ચોથા ભાવમાં હાજર હશે અને એવા માં,કારણકે તમારી ચંદ્ર રાશિના અગિયારમા ભાવમાં શનિ દેવ બિરાજમાન રહેશે.



**મિથુન-(ક,છ,ઘ):-** આખા અઠવાડિયામાં, ડ્રાઇવરોને ખાસ સાવચેતી રાખવાની સૂચના આપવામાં આવી છે, કારણ કે શક્ય છે કે તમારી થોડીક બેદરકારી તમારા માટે નુકસાનકારક સાબિત થાય. આ અઠવાડિયાના બીજા ભાગમાં તમને થોડો મોટો આર્થિક લાભ થશે. જેના કારણે તમે નવું મકાન કે વાહન ખરીદવાની યોજના બનાવી શકો છો. ઘરના સભ્યો પણ તમારી સાથે નવી ચીજો ખરીદીને ખૂબ ખુશ દેખાશે. આ અઠવાડિયે, તમારા કુટુંબના સભ્ય પર આંધળો વિશ્વાસ કરવો, અને તેમને તમારા રહસ્ય વિશે જાગૃત કરવાથી, માનસિક તાણમાં વધારો થઈ શકે છે. તેથી દરેકને તે કહેવા માટે સક્ષમ છે તેટલું કહો. અન્યથા તમારી છબીને નુકસાન થઈ શકે છે.જો તમે ભાગીદારીમાં વેપાર કરો છો અને તમે તમારા ધંધાને વધારવા માટે અગાઉ લોન અથવા લોન માટે અરજી કરી છે, તો તમારી અરજી આ અઠવાડિયામાં સ્વીકારી શકાય છે. જે પછી, હવે તમે જલ્દી લોન લઈને વ્યવસાયમાં નાણાંનું રોકાણ કરી શકશો. આ તમને ભવિષ્યમાં સારા વળતર આપશે.



**કર્ક - (ડ, હ) :-** આ અઠવાડિયે કોઈપણ, કોઈપણ સંજોગોમાં, તમને પજવશે અને પજવી શકે છે, તમારું સ્વાસ્થ્ય બગાડી શકે છે. આવી સ્થિતિમાં, તમારે જૂની બાબતોને યાદ રાખવી, કોઈ નજીકના અથવા મિત્ર સાથે ન ફસાઇ જવું અને પોતાને અને તમારા મનને શક્ય તેટલું આરામ કરવાનો પ્રયાસ કરવો શ્રેષ્ઠ રહેશે. આ અઠવાડિયે તે તમારા માટે ખૂબ મહત્વનું રહેશે, કે તમારી નજીકના લોકો પર, ભાવનાઓને લીધે તમારે એટલો ખર્ચ કરવો નહીં પડે, જેના કારણે તમારે પછીથી બે થી ચાર સમસ્યાઓનો સામનો કરવો પડશે. તેથી, તમારા માટે તમારા નાના ખર્ચો આ અઠવાડિયે ફક્ત અને માત્ર સાચા બજેટથી ખર્ચ કરવો વધુ સારું રહેશે. કારણ કે ફક્ત આ દ્વારા, તમે તમારા નાણાંની હદ સુધી બચાવી શકશો. તમારી અસ્વસ્થ જીવનશૈલી આ અઠવાડિયે ઘરના લોકો માટે પસાર થઈ શકે છે. તેનાથી પારિવારિક વાતાવરણમાં તણાવ પેદા થશે. તેથી, તમારા માટે આ ટેવમાં જરૂરી પરિવર્તન લાવવું, અને તમારી શારીરિક સ્વચ્છતાની કાળજી લેવી વધુ સારું રહેશે. આ અઠવાડિયે, તમારા પર વધારાના વર્કલોડ જવાબદારીઓનો ભાર તમને દબાણ આપી શકે છે.



**સિંહ - (મ, ટ) :-** આ અઠવાડિયે તમારી સારવારમાં પરિવર્તન તમારા સ્વાસ્થ્યમાં ઘણી સકારાત્મકતા લાવશે. આ માટે, તમારી રૂટિનમાં પણ સાચા સુધારો કરો અને જો જરૂરી હોય તો સારા ડોક્ટરની પાસેથી તમારી ડાયટ પ્લાન મેળવો. કોઈપણ પ્રકારની નાના સ્થાવર મિલકત અને નાણાકીય વ્યવહાર માટે આ અઠવાડિયું ખૂબ જ શુભ છે. જો કે, હવે કોઈ પણ પ્રકારનું મોટું રોકાણ કરવાનું ટાળો અને જો તેમ કરવું શક્ય ન હોય તો, તમારે કોઈ મોટા અથવા અનુભવી વ્યક્તિની મદદ પછી જ કોઈ મોટા રોકાણમાં તમારા નાણાંનું રોકાણ કરવાની સલાહ આપવામાં આવે છે. તમારી આસપાસના પ્રભાવશાળી અને મહત્વપૂર્ણ લોકો પ્રત્યેના સંપર્કમાં વધારો કરવા માટે, તમારા માટે સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની એક સારી તક હશે. કારણ કે આ અઠવાડિયામાં અન્યને પ્રભાવિત કરવાની તમારી ક્ષમતા તમને ઘણી સકારાત્મક વસ્તુઓ આપશે. ભાગીદારીમાં કોઈપણ નવા પ્રોજેક્ટ શરૂ કરવા માટે આ અઠવાડિયું ઉત્તમ રહ્યું છે.



**કન્યા - (પ, ઠ, ણ) :-** આ અઠવાડિયે તમારા સ્વાસ્થ્યમાં ઘણા સકારાત્મક પરિવર્તન તમને ક્ષેત્ર અને સામાજિક જીવનમાં અન્ય લોકો સાથે વાતચીત કરવામાં મદદ કરશે. જેના કારણે તમારી હિંમત અને આત્મવિશ્વાસ વધશે, સાથે જ તમે દરેક નિર્ણય લેવામાં તમારી જાતને સંપૂર્ણ રીતે સક્ષમ જોશો. આ અઠવાડિયે એવી સંભાવના છે કે તમને પાછલા રોકાણથી સારા પૈસા મળશે, જેની તમે બધી આશા ગુમાવી દીધી હતી. જેના કારણે નવું વાહન ખરીદવાનું તમારું અધૂરું સ્વપ્ન પણ પૂર્ણ થશે. પરંતુ કોઈપણ વસ્તુની ખરીદી દરમિયાન, તમારે ઘરના વડીલો સાથે આ વિશે વાત કરવાની જરૂર રહેશે. આ અઠવાડિયું તમારા પરિવાર અથવા મિત્રો સાથે પિકનિક પર જવા માટે ઉત્તમ છે. આ ફક્ત તમારા મગજને હળવા કરશે નહીં, પરંતુ તે તમને તેમની સાથેના તમારા સંબંધોને વધુ સુધારવામાં પણ સક્ષમ બનાવશે. તમે હંમેશાં દરેકને વધુ પડતા વિશ્વાસ કરો છો, તમારા વ્યક્તિગત જીવનમાં પ્રવર્તતા સંજોગો વિશે તેમને જણાવવા. આ અઠવાડિયે તમે દરેક સમયગાળામાં તમારી જાતને આશાવાદી રાખવામાં સફળ થશો, જેના કારણે તમે આ સમયે નિશ્ચિતપણે પરિસ્થિતિનો સામનો કરી શકશો. ઉપરાંત, આ કાર્યકાળ દરમિયાન, તમે તમારી કુશળતા અને અનુભવ પર કામ કરીને તેનો યોગ્ય લાભ લઈ શકશો.



**તુલા - (ર, ત) :-** સંપૂર્ણ અને પરિપૂર્ણ જીવન માટે, તમારી માનસિક શક્તિ વધારશો. આ માટે, તમે સારા પુસ્તકો ઉગાડી શકો છો અથવા યોગ અને વ્યાયામની મદદ લઇને પોતાને સ્વસ્થ રાખવાનો પ્રયાસ કરી શકો છો. આ અઠવાડિયે, તમને અચાનક પૈસા પ્રાપ્ત થશે. જેની મદદથી તમે તમારી આર્થિક સ્થિતિને ઘણી હદ સુધી મજબૂત કરી શકશો, અને પરિણામે તમે તમારા ઘરના સભ્યને આર્થિક મદદ કરવાનું પણ નક્કી કરી શકો છો. આ સપ્તાહ તમારા સ્વભાવમાં અસ્થિરતા જોશે. આવી સ્થિતિમાં, તમારે તેના પર નિયંત્રણ રાખીને તમારા પ્રકૃતિમાં સુધારો કર વો પડશે.તમારા સાથીદારો અથવા મેદાન પરના અન્ય લોકો વધુ સમય માંગી શકે છે. આવી સ્થિતિમાં, ઉત્સાહિત થવું અને તેમને કોઈ પણ પ્રકારનું વચન આપતા પહેલા, તપાસો કે તમારું કાર્ય તેનાથી પ્રભાવિત નથી. કારણ કે યોગ બનાવવામાં આવી રહ્યા છે કે કાર્યસ્થળ પરની વ્યક્તિ તમારી ઉદારતા અને નમ્રતાનો લાભ લઈ શકે છે. જે વિદ્યાર્થીઓ હજી સુધી તેમની પરીક્ષા વિશે ખૂબ બેદરકાર જણાતા હતા તેઓ માટે આ અઠવાડિયું કોઈ પણ પરીક્ષાથી ઓછું નહીં હોય. કારણ કે આ સમય દરમિયાન, પરીક્ષાના દબાણની સાથે, તમને તમારા બધા પાઠ વાંચવાનો તણાવ પણ રહેશે, જે તમે ભવિષ્ય માટે અત્યાર સુધી ટાળી રહ્યા છો.



**વૃશ્ચિક - (ન, ય) :-** પાછલા અઠવાડિયામાં, અપચો, સાંધાનો દુખાવો, માથાનો દુખાવો જેવી સમસ્યાઓના સંદર્ભમાં, જે લોકો હજી સુધી સાવચેત હતા, તેઓ આ અઠવાડિયે તંદુરસ્ત જીવનનું મહત્વ સમજી શકશે અને તેને સુધારવા માટે તમામ પ્રયત્નો કરશે. તમારા પ્રયત્નો જોઈને, તમારી આસપાસના લોકો તમારી સાથે રહેશે, તેમજ તેઓ તમારા પ્રોત્સાહનમાં વધારો કરી શકે છે. તમે આ પણ સારી રીતે સમજો છો કે, આર્થિક પરિસ્થિતિ કથળે તે પહેલાં, તમારી જાતને સંવેદના આપવાનું શરૂ કરો અને તમારી સંપતિ એકઠા કરવાનું પ્રારંભ કરો. આને સમજતા પણ, તમે આ અઠવાડિયામાં કરતા જોશો નહીં. જેના કારણે ભવિષ્યમાં તમારા જીવનમાં ઘણી આર્થિક સમસ્યાઓ ઉદ્ભવશે. આ અઠવાડિયે આવી ઘણી પરિસ્થિતિઓ તમારી સામે ઊભી થશે, જ્યારે તમારું કુટુંબ અને તમારા મિત્રો તમારી સાથે આધારસ્તંભની જેમ ઊભા જોવા મળશે. કારણ કે આ સમય તમને જરૂરિયાત સમયે મિત્રો અને પરિવારનો ટેકો આપશે.આ અઠવાડિયે, તમારી અગાઉની સખત મહેનત થશે અને તમને તમારા ઉપરી અધિકારીઓ તરફથી પ્રશંસા અને પ્રમોશન મળશે.



**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** આ અઠવાડિયામાં તમને કામની સાથે સાથે તમારા સ્વાસ્થ્યને સુધારવા માટે થોડો સમય લેવાની સલાહ આપવામાં આવે છે. કારણ કે આ સમય તમારા સ્વાસ્થ્ય માટે વધુ સારો લાગે છે. આ સાથે, આ અઠવાડિયાના મધ્યમાં તમારા પર વર્કલોડ વધી શકે છે. પરંતુ તમે આ ક્ષેત્રના દબાણને તમારા મગજમાં દબાવવા નહીં દે. તમારે તે સમજવું પડશે કે, જો તમે તમારી રચનાત્મક પ્રતિભાને યોગ્ય રીતે ઉપયોગ કરો છો, તો તે ફાયદાકારક સાબિત થશે અને તે જ સહાયથી તમે તમારી આર્થિક સ્થિતિમાં સુધારો કરી શકશો. જેથી આગામી સમયમાં તમને સારો ફાયદો મળશે. આ અઠવાડિયુ તમને પારિવારિક જીવનમાં દરેક પ્રકારના ઉતાર ચડાથી છુટકારો અપાવવાનું કામ કરશે. તે જ સમયે, કુટુંબની સહાયથી, કેટલાક લોકોને ભાડેથી મકાન આપવાને બદલે પોતાનું મકાન લેવામાં સફળતા મળશે.આ અઠવાડિયાના કાર્યસ્થળ પરની કોઈપણ મીટિંગમાં, તમારા વિચારો અને સૂચનો આપતી વખતે તમારે ખૂબ સ્પષ્ટ થવાની જરૂર રહેશે. કારણ કે જો તમે સીધો જવાબ નહીં આપો તો તમારા સાહેબ અને વરિષ્ઠ અધિકારીઓ તમારી ઉપર ગુસ્સે થઈ શકે છે. જેના કારણે તમે નિરાશ થશો. આ અઠવાડિયે, વિદ્યાર્થીઓ વિપરીત લિંગ ના વ્યક્તિની તરફ આકર્ષિત થવાની અનુભૂતિ કરશે, જેના કારણે તેઓ પોતાનો મોટાભાગનો સમય આ વિશે વિચારવામાં બગાડી શકે છે.



**મકર - (ખ, જ) :-** આ અઠવાડિયે તમારી પાસે વધુ ભાવનાત્મક, ભાવનાત્મક મૂડ રહેશે. જેના કારણે તમે અન્ય લોકો સાથે ખુલ્લેઆમ વાત કરવામાં અથવા વાતચીત કરવામાં અચકાતા અનુભવો છો. આવી સ્થિતિમાં, જો તમે તમારી જાતને તાણમુક્ત રાખવા માંગતા હો, તો તમારા માટે ભૂતકાળને દૂર કરીને નવી શરૂઆત કરવાનો પ્રયાસ કરવો વધુ સારું રહેશે. આ અઠવાડિયે અચાનક પૈસાની પ્રાપ્તિ તમને આંચકો આપી શકે છે. જેના કારણે તમે રોકાણ અને ખર્ચને લગતા ઉતાવળા નિર્ણયો લેતા જોશો. આવી સ્થિતિમાં, તમારી ટેવમાં સુધારો કરો, અને ખાસ કરીને જ્યારે મહત્વપૂર્ણ આર્થિક સોદાની વાટાઘાટો કરો ત્યારે, વડીલની સલાહ લેવાની ખાતરી કરો. જો ઘરના વડીલો હોય, તો પછી આ અઠવાડિયે, તેમના અણનમ માટે પૂછો અને તેઓ તમને ત્રાસ આપી શકે તેના કરતા વધુ અપેક્ષા રાખો. જેના કારણે તમારું અંગત જીવન ફક્ત તણાવપૂર્ણ રહેશે જ, સાથે સાથે તેની નકારાત્મક અસર તમારા કાર્યક્ષેત્રમાં પણ વિક્ષેપ લાવી શકે છેઆ અઠવાડિયે, તમારા વધુ સારા કામકાજ અને કાર્ય ક્ષમતાને જોતા, તમારી નીચે કામ કરતા કામદારો તમારાથી ખૂબ પ્રભાવિત થશે. જેની તમને તેમની પ્રશંસા પણ મળશે અને તમે તેમની સાથે તમારો વ્યવસાય વધારવાનો વિચાર કરતા જોશો.



**કુંભ- (ગ, શ, ષ, સ) :-** આ અઠવાડિયે તમે સમાજના ઘણા મોટા લોકોને મળવા માટે વધારાના પ્રયત્નો અને શક્તિનો ઉપયોગ કરતા જોશો. પરંતુ આ સમય દરમિયાન તમારે સમજવું પડશે કે સામાજિક મેળાવડાને વધાર્યા કરતા વધારે, તમારા સ્વાસ્થ્યને પ્રાથમિક્તા આપવી તે તમારા માટે મહત્વપૂર્ણ છે. તેથી, તમારી ઊર્જા બચાવતી વખતે, તેનો ઉપયોગ તમારા સ્વાસ્થ્યમાં સુધારો કરવા માટે કરો. આ અઠવાડિયે, તમારા પરિવારની જમીન અથવા સંપત્તિમાંથી તમને અચાનક પૈસા મળે તેવી સંભાવના જણાશે. પરંતુ આ સમય દરમિયાન, ઉત્સાહિત થયા પછી પણ તમારા હોશ ન ગુમાવો. નહીં તો તમારો લાભ મોટો નુકસાનમાં ફેરવી શકે છે. આ અઠવાડિયામાં ઘરે કોઈ સભ્યનું સ્થાન બદલવું શક્ય છે, અથવા સંભવ છે કે તમે તમારા વર્તમાન રહેઠાણ સ્થળથી દૂર જવાનું વિચાર્યું છે. આ અઠવાડિયે તમે તમારી વ્યસ્ત જીવનમાંથી થોડો સમય કાડીને તમારા પરિવાર સાથે સમય વિતાવતા અને સાથે બેસીને અને કુટુંબ સંબંધિત કોઈપણ નિર્ણય અંગે ચર્ચા કરતા જોશો. આ અઠવાડિયે તમારા અંગત જીવનમાં ચાલી રહેલી મુશ્કેલ પરિસ્થિતિઓ તમારા જીવનમાં થાક અને ઉદાસી વધારી શકે છે. આ ફક્ત તમને જ પરેશાન કરશે નહીં, પરંતુ આ પરિસ્થિતિઓ જોયા પછી તમારો પ્રેમી પણ તનાવ અનુભવી શકે છે.



**મીન-(દ, ચ, ઝ, થ) :-** આ અઠવાડિયે, તમારા સારા સ્વાસ્થ્યમાંથી શ્રેષ્ઠ લાભ મેળવવા માટે, તમારે તમારી વધારાની શક્તિનો સકારાત્મક ઉપયોગ કરવો પડશે. અન્યથા તમે તમારી ઊર્જાને ખોટી દિશામાં વાપરીને આ ઊર્જાને બગાડી શકો છો. તેથી તમારા મિત્રો અને ઘરના લોકો સાથે તમારો સમય વિતાવવો, અથવા તેમની સાથે રમત રમવા માટે, તમારી ઊર્જાને સારો ઉપયોગ કરવા માટે સારું રહેશે. જો તમે સમજદારીપૂર્વક કામ કરો છો, તો આ અઠવાડિયામાં તમે વધારે પૈસા કમાઇ શકો છો. જો કે, આ માટે તમારે યોગ્ય વ્યૂહરચના બનાવવી પડશે અને તે મુજબ કાર્ય કરવું પડશે. જો તમે અથવા ઘરના કોઈ સભ્ય વિદેશમાં સ્થાયી થવા તૈયાર છે અને આ માટે કુંડળીમાં યોગ પણ હાજર છે, તો તમને આ અઠવાડિયામાં આ કાર્યમાં સંપૂર્ણ સફળતા મળી શકે છે. કારણ કે આ સમયગાળા દરમિયાન, ખાસ અનુકૂળ યોગો જોવામાં આવે છે. આવી સ્થિતિમાં, જો તમે સામાન્ય કરતાં વધુ પ્રયાસ કરો છો, તો પછી વિદેશ સ્થાયી થવાનું આ સ્વપ્ન પૂર્ણ થઈ શકે છે.ભાગીદારીમાં વ્યવસાય કરનારા આ રકમના વતની, તેમને આ સમયગાળા દરમિયાન તમામ પ્રકારના ભૂતકાળના નુકસાનમાંથી બહાર આવવામાં મદદ કરશે. કારણ કે આ સમય તમારી કારકિર્દી માટે વધુ સારો સાબિત થશે, જેના દ્વારા તમને ઘણી મોટી હસ્તીઓને મળવાનું અને તમારા વ્યવસાયમાં વિસ્તરણ માટેની યોગ્ય યોજનાઓ બતાવવામાં આવશે.

# ગોલમાલ ૫ માં કરીના કપૂર અને સારા અલી ખાન મસ્તીનો મુડ ક્રિએટ કરશે

**દિગ્દર્શક રોહિત શેટ્ટી તેમની બ્લોકબસ્ટર કોમેડી ફ્રેન્ચાઇઝ ગોલમાલ ૫ ની સિક્વલ માટે તૈયારી કરી રહ્યા છે**





મુંબઈ,

રોહિત શેટ્ટીની ફિલ્મ "ગોલમાલ ૫" ઘણા સમયથી સમાચારમાં છે, અને હવે એક મોટો અપડેટ સામે આવ્યો છે. ચાહકો કલાકારો વિશે અને આ વખતે કઈ નવી વસ્તુઓ સ્ટોરમાં હશે તે વિશે પૂછી રહ્યા છે, અને જવાબ અહીં છે. રોહિત શેટ્ટીએ પુષ્ટિ આપી છે કે તેણે "ગોલમાલ ૫" માં કામ કરવા માટે કરીના કપૂર અને સારા અલી ખાનનો સંપર્ક કર્યો છે, અને કુણાલ ખેમુ ફિલ્મનો સર્જનાત્મક સલાહકાર છે. આ વર્ષે ઓક્ટોબરમાં કરવામાં આવેલી ઈન્સ્ટાગ્રામ પોસ્ટ પર રોહિત શેટ્ટીની પ્રતિક્રિયાએ બધાનું ધ્યાન ખેંચ્યું છે અને "ગોલમાલ ૫" માટે ઉત્સાહ વધાર્યો છે.રોહિત શેટ્ટીએ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ 'લાઈક' કરી હતી જેમાં લખ્યું હતું કે, "દિગ્દર્શક રોહિત શેટ્ટી તેમની બ્લોકબસ્ટર કોમેડી ફ્રેન્ચાઇઝ ગોલમાલ ૫ ની સિક્વલ માટે તૈયારી કરી રહ્યા છે, અને કાસ્ટિંગને લઈને પહેલાથી જ ઘણી ચર્ચા ચાલી રહી છે. ઈન્ડસ્ટ્રીના સૂત્રો અનુસાર, રોહિતે ફિલ્મમાં જોડાવા માટે કરીના કપૂર ખાન અને સારા અલી ખાનનો સંપર્ક કર્યો છે, અને બંને અભિનેત્રીઓ પ્રારંભિક વાતચીતમાં છે.પોસ્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, "પ્રોજેક્ટની નજીકના સૂત્રો કહે છે કે રોહિતને સારા અલી ખાન સાથે કામ કરવાનો ખરેખર આનંદ છે અને તે કરીના સાથે ફ્રેન્ચાઇઝીમાં તેણીને પાછી લાવવા માટે ઉત્સાહિત છે. રસપ્રદ વાત એ છે કે, ગોલમાલ ૫ તેના પાછલા ભાગો કરતાં વધુ રસપ્રદ રહેશે.અહેવાલો અનુસાર, રોહિત ફિલ્મમાં નવી ઉર્જા લાવવા માટે યુવા લેખકોની ટીમ સાથે વાર્તા પર કામ કરી રહ્યો છે, જ્યારે 'ગોલમાલ અગેન' સ્ટાર કુણાલ ખેમુ પણ સર્જનાત્મક સલાહકાર તરીકે યોગદાન આપી રહ્યો છે. મજબૂત કલાકારો અને નવા વિચારો સાથે, 'ગોલમાલ ૫' શેટ્ટી કેમ્પની સૌથી મોટી ફિલ્મોમાંની એક બનવા માટે તૈયાર છે." નવભારત ટાઈમ્સઃ જુબિન નૌટિયાલે પ્રેમાનંદ મહારાજને ગીત ગાયું, તે વ્યક્તિએ આંખો બંધ કરી અને સ્મિત કર્યું, લોકોએ કહ્યું, "હું આ દિવસની રાહ જોઈ રહ્યો છું."નોંધનીય છે કે કરીના કપૂર અજય દેવગણ સાથે આ ફ્રેન્ચાઇઝીનો ભાગ રહી ચૂકી છે, અને મિડ-ડેના અગાઉના અહેવાલમાં કહેવામાં આવ્યું હતું કે, "દિગ્દર્શક અભિષેક પાઠક ઇચ્છે છે કે વાર્તા પહેલા બે ભાગ જેટલી જ શક્તિશાળી હોય.

# ક્રિતિકા કામરાએ ગૌરવ કપૂર સાથે રિલેશનશિપ જાહેર કરી

**ક્રિતિકાએ ટીવી સિરીયલથી કેરિઅરની શરૂઆત કરી હતી, તે પછી તે હવે ઓટીટી પર અલગ અલગ પ્રકારની ફિલ્મ અને સિરિઝમાં કામ કરી રહી છે**



મુંબઈ,

એક્ટ્રેસ ક્રિતિકા કામરાએ ઈન્ડિયાના જાણીતા ક્રિકેટ હોસ્ટ અને કન્ટેન્ટ ક્રિએટર ગૌરવ કપુર સાથે પોતાની રિલેશનશિપ જાહેર કરી છે. તેણે તેમનાં બંનેનાં કેટલાક ફોટો શેર કર્યા હતા, જેમાં બ્રેકફાસ્ટ ડેટના અલગ અલગ ફોટો હતા. છેલ્લા કેટલાંક મહિનાઓથી તેમના બંને વિશે ચર્ચાઓ ચાલી રહી હતી, તેનો ક્રિતિકાએ જવાબ આપી દીધો છે. કેપ્શનમાં તેણે લખ્યું હતું, "બ્રેકફાસ્ટ વિથ.."આમ કરીને તેણે ગૌરવ કપુરના જાણીતા શો બ્રેકફાસ્ટ વિથ ચેમ્પિયન તરફ સંકેત આપ્યો હતો. આ શોમાં ગૌરવ દેશના જાણીતા ખેલાડીઓ સાથે લાંબી ચર્ચાઓ અને ઈન્ટરવ્યુ કરે છે. ક્રિકેટની દુનિયાના લોકો માટે ગૌરવનો ચહેરો જાણીતો છે. છેલ્લા કેટલાંક મહિનાઓથી તેઓ ડેટ કરી રહ્યા હોવાની ચર્ચાને આ મજા કરતા ફોટોએ કન્ફર્મ કરી દીધી. ક્રિતિકાએ ટીવી સિરીયલથી કેરિઅરની શરૂઆત કરી હતી, તે પછી તે હવે ઓટીટી પર અલગ અલગ પ્રકારની ફિલ્મ અને સિરિઝમાં કામ કરી રહી છે, જેમાં તેને વધુ વૈવિધ્યપુર્ણ રોલ કરવાની પણ તક મળી રહી છે. તેણે તાંડવ, કૌન બનેગી શિખરવતી અને બંબઈ મેરી જાન જેવી સિરીઝમાં કામ કર્યુ છે. તાજેતરમાં જ તે નેટફ્લિક્સ પર સારે જહાં સે અચ્છામાં જોવા મળી છે, જેમાં તેનો રોલ મહત્વનો છે. આ સાથે જ તે પીપલી લાઈવ ફેમ ડિરેક્ટર અનુષા રિઝવી સાથે એક ફિલ્મમાં પણ કામ કરી રહી છે. જ્યારે વીજે તરીકે કેરિઅરની શરૂઆત કરનાર ગૌરવ કપુર જાણીતો એંકર બની ગયો છે. તેના ડિજીટલ શો પર વિરાટ કોહલી, સચિન તેંડુલકર, ધોની, રોહિત શર્મા, હાર્દિક પંડ્યા, સ્મૃતિ મંધાના, નીરજ ચોપરા, શિખર ધવન અને મિથાલી રાજ જેવા ખેલાડીઓ સાથે તેણે લાંબા ઈન્ટરવ્યુ કર્યા છે.

# દૃશ્યમ ૩ની ત્રણ મહિનામાં રીલીઝ થવાની શક્યતા

મુંબઈ,

બોલિવૂડની સૌથી અપેક્ષિત ફિલ્મોમાંની એક, દ્રશ્યમ ૩ ની રિલિઝની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. દ્રશ્યમ ૨ ત્રણ વર્ષ પહેલાં રિલીઝ થઈ હતી અને બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી હતી. આ ફિલ્મ ફક્ત મોહનલાલની કારકિર્દીમાં જ નહીં પરંતુ અજય દેવગનની કારકિર્દીમાં પણ શ્રેષ્ઠ ફિલ્મોમાંની એક માનવામાં આવે છે.અજય દેવગનની દ્રશ્યમ વાસ્તવમાં મોહનલાલ અભિનીત મલયાલમ ફિલ્મ દ્રશ્યમની રિમેક છે. મોહનલાલની દ્રશ્યમ પહેલાથી જ બે હપ્તા રિલીઝ થઈ ચૂકી છે, અને અજય દેવગનની ફિલ્મ પણ બે હપ્તામાં રિલીઝ થઈ છે. મોહનલાલ (મલયાલમ) અને અજય (હિન્દી) એ પાંચ મહિના પહેલા એકસાથે દ્રશ્યમ ૩ નું શૂટિંગ શરૂ કર્યું હતું.

# ધુરંધર ચાલી જતાં શાહરૂખની પઠાણ-ટુ આવવાની ચર્ચા શરૂ

મુંબઈ,

રણવીર સિંહની સ્પાય ફિલ્મ 'ધુરંધર'ને બોક્સ ઓફિસ પર સફળતા મળતાં શાહરુખ ખાનની 'પઠાણ ટુ' પણ બનશે તેવી ચર્ચા શરુ થઈ ગઈ છે. દુબઈની એક ઈવેન્ટમાં શાહરુખ ખાનની હાજરીમાં જ 'પઠાણ'ની સીકવલ આવશે તેવી અનઓફિશિયલ ઘોષણા કરાઈ હતી.બોલિવુડમાં એવી ચર્ચા શરુ થઈ ગઈ છે કે આલિયા અને શર્વરીની સ્પાય ફિલ્મ 'આલ્ફા'ને કેવો પ્રતિસાદ મળે છે તેના પરથી 'પઠાણ ટુ ' ખરેખર બનશે કે નહિ તે નક્કી થશે. તાજેતરમાં યશરાજની સ્પાય યુનિવર્સની ફિલ્મ 'વોર ટુ ' ફ્લોપ ગઈ હતી. તે પછી આદિત્ય ચોપરાએ 'આલ્ફા'ની સ્ક્રિપ્ટમાં છેલ્લી ઘડીએ અનેક ફેરફારો કરવા માંડયા હતા.

# તમન્ના ભાટીયા 'વી.શાંતારામ'માં એક્ટ્રેસ જયશ્રીનો રોલ કરશે

**પોસ્ટરમાં તમન્ના આછી ગુલાબી નવવારી મરાઠી સાડીમાં દેખાય છે, જેનાથી ભારતીય સિનેમાના ઐતિહાસિક સમયની ઝલક**



મુંબઈ,

તમન્ના ભાટીયાને સિદ્ધાંત ચતુર્વેદીની આવનારી વી. શાંતારમની બાયોપિકમાં તે વખતની જાણીતી એક્ટ્રેસ જયશ્રીનાં રોલમાં કાસ્ટ કરવામાં આવી છે. ભારતીય સિનેમાનાં પ્રણેતા ગણાતા વી.શાતાંરામના જીવન અને વારસા પર આ ફિલ્મ બની રહી છે. ફિલ્મની ટીમ દ્વારા તમન્નાનું જયશ્રી તરીકેનું પોસ્ટર લોંચ કરવામાં આવ્યું છે. તમન્ના આ પહેલાં બાહુબલીથી લઈને ડૉ.કોટનિસ કી અમર કહાની, શકુંતલા, ચંદ્ર રાવ મોરે અને દહેજ જેવી ફિલ્મમાં વૈવિધ્યપૂર્ણ રોલ કરી ચુકી છે. જયશ્રી એક એક્ટ્રેસ હોવાની સાથે વી. શાંતારામના બીજા પત્ની પણ હતાં. તેથી તેમની જીવનયાત્રામાં આ પાત્ર પણ ઘણું અગત્યનું છે. પોસ્ટરમાં તમન્ના આછી ગુલાબી નવવારી મરાઠી સાડીમાં દેખાય છે, જેનાથી ભારતીય સિનેમાના ઐતિહાસિક સમયની ઝલક મળે છે. થોડાં વખત પહેલાં આ ફિલ્મની જાહેરાત સાથે સિદ્ધાંત ચતુર્વેદીનો લૂક પણ જાહેર કરવામાં આવ્યો હતો. વી. શાંતારામ મુંગી ફિલ્મના ઘણા જાણીતા ફિલ્મ મેકર હતા. તેથી તેમની ફિલ્મની સફર ભારતીય સિનેમાના ઈતિહાસમાં પણ ઘણી મહત્વની ગણાય છે. પોતાનાં રોલ વિશે વાત કરતાં તમન્ના ભાટીયાએ જણાવ્યું હતું, "આપણા સિનેમાના સૌથી મહત્વનાં તબક્કાના એક પાત્રને ભજવવું એ ઘણી મોટી જવાબદારીની વાત છે. મારા માટે આ ઘણી સન્માનની વાત છે કે હું જયશ્રીના પાત્રને જીવંત બનાવીશ, જેઓ કેટલીક યાદગાર ફિલ્મનો ભાગ રહ્યાં છે, તેમનામાં જે નમણાશ હતી તે એટલી સહજ હતી. શાંતારામે એક એવો વારસો આપ્યો છે, જેણે ઘણી પેઢીઓને આકાર આપ્યો છે અને તેમના વિશ્વમાં પ્રવેશીને આ દંતકથાસમા વ્યક્તિત્વની તેજસ્વિતાને નજીકથી જોવાની તક મળી છે. એ વારસાને પડદા પર જીવંત કરવો એ ખાસ અનુભવ છે.

# રજનીકાંતને પીએમ મોદીથી લઈને સીએમ સ્ટાલિન સુધી શુભેચ્છા પાઠવી



હૈદરાબાદ,

થલાઈવા તરીકે જાણીતા સુપરસ્ટાર રજનીકાંત આજે તેમનો ૭૫મો જન્મદિવસ ઉજવ્યો હતો અને જન્મદિવસના ખાસ પ્રસંગે તેમને અનેક શુભેચ્છાઓ મળી છે. ચાહકોથી લઈને સ્ટાર કલાકારો સુધી, દરેક વ્યક્તિ તમિલ સુપરસ્ટાર રજનીકાંતને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તમિલ સુપરસ્ટાર રજનીકાંતને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી છે. તેમને શુભેચ્છા પાઠવનારાઓમાં તેમના ભૂતપૂર્વ જમાઈ ધનુષથી લઈને તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિન સુધીના બધાનો સમાવેશ થાય છે. ચાલો જોઈએ કે બધાએ તેમને અભિનંદન આપતા શું કહ્યું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના એક્સ હેન્ડલ પર એક પોસ્ટ શેર કરી, જેમાં રજનીકાંતની સિનેમામાં નોંધપાત્ર સફરની પ્રશંસા કરવામાં આવી. વડા પ્રધાને લખ્યું, "થિરુ રજનીકાંતજીને તેમના ૭૫મા જન્મદિવસના ખાસ પ્રસંગે અભિનંદન. તેમના અભિનયથી પેઢીઓ મંત્રમુગ્ધ થઈ ગઈ છે અને અપાર પ્રશંસા મળી છે. તેમનું કાર્ય વિવિધ ભૂમિકાઓ અને શૈલીઓમાં ફેલાયેલું છે, જે સતત નવા માપદંડો સ્થાપિત કરે છે. આ વર્ષ ખાસ રહ્યું છે કારણ કે તેમણે ફિલ્મ ઉદ્યોગમાં ૫૦ વર્ષ પૂર્ણ કર્યા છે. હું તેમના લાંબા અને સ્વસ્થ જીવન માટે પ્રાર્થના કરું છું."

તમિલનાડુના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને પણ રજનીકાંતને જન્મદિવસની શુભેચ્છા પાઠવી. તેમણે સોશિયલ મીડિયા પર રજનીકાંત સાથેનો ફોટો શેર કર્યો અને તમિલમાં લખ્યું, "રજનીકાંત = ઉંમરથી વધુ આકર્ષણ! એક એવી વક્તૃત્વશક્તિ જે સ્ટેજ પર પગ મૂકતાની સાથે જ દરેકને ખુશ કરી દેશે! એક એવું હૃદય જે બહાર કંઈ બોલતું નથી પણ અંદર એક વાત કહેવા માટે રાખે છે તે એક ભ્રામક અને સ્પષ્ટવક્તા હૃદય છે!" તેમણે વધુમાં ઉમેર્યું, "મારા મિત્ર, સુપરસ્ટાર રજનીકાંતને જન્મદિવસની શુભેચ્છાઓ, જે છ થી સાઠ વર્ષની ઉંમરથી અડધી સદીથી મોહક રહ્યા છે! તે વધુ સફળતા પ્રાપ્ત કરવાનું ચાલુ રાખે, અને લોકોનો પ્રેમ અને સમર્થન તેમના વિજય ધ્વજને ઊંચો રાખે!"

અભિનેતા એસજે સૂર્યાએ પણ સન પિક્ચર્સ દ્વારા રજનીકાંત માટે બનાવેલ એક ખાસ જન્મદિવસનો વિડીયો ફરીથી શેર કર્યો અને લખ્યું, "આપણા થલાઈવર, આઈકોનિક સુપરસ્ટાર રજનીકાંતને, એક અદ્ભુત જન્મદિવસની શુભેચ્છા." આ વિડીયો રજનીકાંતના ૫૦ વર્ષના કરિયરની યાદગાર ફિલ્મો અને પાત્રો દર્શાવે છે.અભિનેતા-રાજકારણી ખુશ્બુ સુંદરે પણ રજનીકાંત સાથેનો પોતાનો એક જૂનો ફોટો શેર કર્યો, જેમાં લખ્યું, "ભારતીય સિનેમાના એકમાત્ર સુપરસ્ટાર, થિરુ @rajinikanth ને જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

# ધુરંધર ફિલ્મ પર મુકાયો પ્રતિબંધ, ૬ દેશોમાં રિલીઝ નહીં થાય રણવીર સિંહની ફિલ્મ

મુંબઈ,

રણવીર સિંહ, અક્ષય ખન્ના, અર્જુન રામપાલ, સંજય દત્ત અને આર માધવનની ફિલ્મ ધુરંધર બોક્સ ઓફિસ પર બમ્પર કમાણી કરી રહી છે. આદિત્ય ધરની આ આ ફિલ્મ લોકોને પસંદ આવી છે. ફિલ્મની સ્ટોરી સાથે દર્શકોને કલાકારોની એક્ટિંગ અને અંદાજ પણ ખૂબ જ પસંદ પડી રહ્યા છે. આ ફિલ્મથી અક્ષય ખન્નાફ પણ રાતોરાત લોકોના દિલ પર છવાઈ ગયો છે.

ધુરંધર ફિલ્મ કમાણીના મામલામાં પણ રેકોર્ડ તોડી રહી છે. જોકે આદિત્ય ઘરના નિર્દેશનમાં બનેલી ફિલ્મ ધુરંધર ને લઈને એક માઠા સમાચાર પણ સામે આવ્યા છે. આ માઠા સમાચાર એ છે કે ૬ દેશમાં આ ફિલ્મ પર બૈન મૂકવામાં આવ્યો છે.. જેના કારણે ધુરંધર ફિલ્મને નુકસાન થઈ શકે છે. ૬ દેશ એવા છે જ્યાં ધુરંધર ફિલ્મ રિલીઝ નહીં થાય. કારણકે અહીં આ ફિલ્મ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ધુરંધર ફિલ્મ પર ગલ્ફ દેશોમાં બૈન મૂકવામાં આવ્યો છે.

એક રિપોર્ટ અનુસાર ધુરંધર ફિલ્મને ગલ્ફ દેશ બહેરીન, કુવૈત, ઓમાન, કતાર, સાઉદી અરબ અને સંયુક્ત અરબ અમીરાત માં સંપૂર્ણ રીતે બૈન કરી દેવામાં આવી છે. આ દેશોનું કહેવું છે કે ફિલ્મ પાકિસ્તાન વિરોધી છે તેથી જ તેને આ ૬ દેશમાં રિલીઝ કરવાની પરવાનગી આપવામાં નહીં આવે. ફિલ્મની ટીમ દ્વારા જ્યારે આ દેશોના સેન્સર બોર્ડનો સંપર્ક કરવામાં આવ્યો તો તેમાં ભારે ભરખમ કટ્સ મૂકવાની માંગ કરવામાં આવી. ફિલ્મની ટીમ દ્વારા આ માંગને પૂરી કરવી શક્ય નથી. જેના કારણે ગલ્ફ દેશોમાં તુરંત ફિલ્મ રિલીઝ થઈ શકશે નહીં .મહત્વપૂર્ણ છે કે ધુરંધર પહેલા આદિત્ય ધરની પહેલી ફિલ્મ ઉરી ધ સર્જિકલ સ્ટ્રાઈક ને પણ ૨૦૧૯ માં ગલ્ફ દેશોમાં રિલીઝ કરવાથી રોકી દેવામાં આવી હતી. ત્યાર પછી હવે ધુરંધર ફિલ્મને પણ પાકિસ્તાન વિરોધી ગણાવીને બૈન કરી દેવામાં આવી છે.

ધુરંધર ફિલ્મ ૫ ડિસેમ્બરે સિનેમા ઘરોમાં રિલીઝ થઈ હતી. પહેલા દિવસથી જ આ ફિલ્મ શાનદાર કમાણી કરી રહી છે. જે રીતે ફિલ્મને સારો પ્રતિસાદ મળી રહ્યો છે તેને જોતા લાગે છે કે રણવીર સિંહની આ ફિલ્મ ભારતીય સિનેમા ઘરોમાં ૨૦૦ કરોડથી વધુનો બિઝનેસ આરામથી કરી લેશે. મહત્વપૂર્ણ છે કે ધુરંધર ફિલ્મનો હાલ એક પાર્ટ રિલીઝ થયો છે તેનો બીજો પાર્ટ આગામી વર્ષે માર્ચ મહિનામાં રિલીઝ થશે.

# શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| આ | ઈ | મા | બ | મ | બા | અં | ગ | કા | રો | ગી | ળો |
| ન | ર | કે | સ | રી | ઔ | લ | બા | દ | ક | અઃ | દ |
| ળો | પ્ર | ર | ખ | ર | બ | ક | બ | ઈ | ર | ક | જ્ઞા |
| પ્રા | બ | ળ | પ્ર | ધ | ત્રિ | દ | ળ | મ | અ | લી | અં |
| કા | દુ | ઉ | બ | કો | બો | વા | ગ | ક | ન | ઊ | આ |
| મા | લા | નિ | ણ | ઐ | ર | ખ | રા | લ | અ | ળ | મો |
| જ્ઞા | સ | રો | યા | ણ | બિ | ન | સ | બં | દુ | કા | ળ |
| ધી | ર | જ | ધો | ર | ણ | ત્રિ | વે | ણી | વિ | પ્રા | ખ |
| દ | નિ | ધ | ક | અ | પ્ર | ક | ર | ણ | ધા | ધ | વા |
| ફ | ર | વે | અં | ણ | લ | ગી | ઐ | ભો | ધ | કા | ઈ |
| ચી | સા | ગ | દ | ગ | શ | બ | સ | ળ | બિ | મો | બા |
| રો | બ | લ | ર | ન | ર | રી | તુ | મો | અઃ | અ | ભો |

શબ્દ શોધો

નમુનો : — \ / | ⬭

ત્રિકોણ, ત્રિવેણી, દબદબો, દુનિયા, દુવિધા, ધીરજ, ધોરણ, નરકેસરી, નિવેદન, પ્રકરણ

# રાજકોટ રેલવે ડિવિઝને ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ અભિયાન ૪.૦ સફળતાપૂર્વક પૂર્ણ કર્યુ



રાજકોટ, પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝને પેન્શન અને પેન્શનર કલ્યાણ વિભાગ દ્વારા ૧ નવેમ્બરથી ૩૦ નવેમ્બિર, ૨૦૨૫ દરમિયાન આયોજિત રાષ્ટ્રસવ્યાપી ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ અભિયાન ૪.૦માં અત્યંત સક્રિય અને અસરકારક ભાગીદારી નોંધાવી છે. આ અભિયાનનો ઉદ્દેશ્યી પેન્શ્નરોને ડિજિટલ સુવિધાઓથી સશક્ત બનાવવાનો અને જીવન પ્રમાણ મોબાઈલ એપ્લિટકેશન દ્વારા ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ જમા કરાવવાની પ્રક્રિયાને વધુ સરળ, સુરક્ષિત અને સુગમ બનાવવાનો હતો.

રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી ગિરિરાજ કુમાર મીનાના માર્ગદર્શન હેઠળ તથા ડિવિઝનલ ફાઈનાન્સે મેનેજર પવન કુમાર મીના અને વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી અમળત વી. સોલંકીના નેતળત્વેમાં એકાઉન્સ્રા અને કાર્મિક વિભાગની ટીમો, કલ્યાણ નિરીક્ષકો, સુપરવાઈઝર્સ, પેન્શનર એસોસિએશનો અને વિવિધ બેંકોના અધિકારીઓ-કર્મચારીઓ દ્વારા વ્યાપક જાગતિ અભિયાન ચલાવવામાં આવ્યુંન હતું.

રાજકોટ ડિવિઝનના એકાઉન્સ વિભાગ દ્વારા જામનગર, હાપા, થાન, સુરેન્દ્રનગરઅને રાજકોટ સહિત ડિવિઝન હેઠળની વિવિધ રાષ્ટ્રીયકત અને ખાનગી બેંક શાખાઓમાં વિશેષ ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે, સિનિયર ડિવિઝનલ ફાઈનાન્સ મેનેજરની ઓફિસ, રાજકોટ ખાતે દરરોજ એક સમર્પિત હેલ્પ ડેસ્ક પણ ચલાવવામાં આવ્યું હતું.

આ શિબિરો અને સુવિધાઓ દ્વારા કુલ ૪૨૫ નિવત્ત રેલવે કર્મચારીઓને સીધો લાભ મળ્યો. માનસિક રીતે દિવ્યાંઓગ અને અતિ વરિષ્ઠ પેન્શનધારકોને સ્થળ પર જ ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ બનાવી આપવાની વિશેષ સુવિધા પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત, ૧૨૫ પેન્શંનરોએ સુરેન્દ્રનગર, થાન, જામનગર અને હાપામાં આયોજિત શિબિરોમાં ભાગ લઈને ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ પ્રક્રિયા સંબંધિત માર્ગદર્શન મેળવ્યું હતું.

ડિજિટલ ભારત - વિકસિત ભારતના સંકલ્પ. સાથે રાજકોટ ડિવિઝન સેવાઓને વધુ સરળ, પારદર્શક અને અસરકારક બનાવવા માટે સતત પ્રતિબદ્ધ છે.

# રાજકોટમાં સરદાર સ્મારક ટ્રસ્ટ દ્વારા વિવિધ સ્પર્ધા



રાજકોટ, સરદાર વલ્લભભાઈ પટેલની ૭૫મી પુણ્યતીથી નિમિતે સરદાર વલ્લભભાઈ પટેલ સ્માંરક ભવન રેસકોર્ષ રોડ ખાતે વિવિધ શાળાના વિદ્યાર્થીઓ માટે સરદાર સાહેબના જીવન કવન ઉપર વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં ૩૫ જેટલી શાળાઓના અંદાજે ૩૪૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

વકતૃત્વમાં પ્રથમ સ્થાંને ભારાઈ ભૌમિકા, દ્વીતીય સ્થાને ડોબરીયા માર્ગી (કડવીબાઈ કન્યા વિદ્યાલય), તૃતીય સ્થાવને ગોધવિયા આલિશા (કસ્તુરબા હાઈસ્કુલ), પ્રોત્સા્હન નાગર હેમાંગી (રમેશભાઈ છાયા કન્યા વિદ્યાલય) વિજેતા બનેલ. નિર્ણાયક તરીકે હીનાબેન છાયા અને મીનાબેન અંતાણીએ સેવા આપી હતી વિજેતા બનેલ. કાર્યક્રમમાં ટ્રસ્ટના મંત્રી ડો. અલ્પનાબેન ત્રિવેદી તથા ટ્રસ્ટીઓએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી

# રાજકોટમાં એકસેલન્સ ફાઉન્ડેશન દ્વારા ત્રણ દિવસ દિવ્યાંગો માટે કૃત્રિમ સાધન સહાયનો મેગા કેમ્પ યોજાશે

રાજકોટ, એકસેલન્સ દિવ્યાંગ ફાઉન્ડેશન દ્વારા આગામી તા. ૧૬ થી ૧૮ એમ ત્રણ દિવસ દિવ્યાંગો માટે નિ:શુલ્ક કૃત્રિમ હાથ-પગ અને કેલિપર્સનો કેમ્પ યોજવામાં આવેલ છે.

પ્રખર ગાયત્રી ઉપાસક ઘનશ્યામભાઈ ઠકકરની પ્રેરણાથી આ કેમ્પ પરમાર્થ નિકેતન (ઋષિકેશ અને મહાવીર સેવા સદન કોલકતા દ્વારા યોજવામાં આવ્યો છે. તા.૧૬ થી ૧૮ સવારે ૮ થી રાત્રે ૮ વાગ્યા સુધી ચાલનાર આ કેમ્પોમાં ગુજરાતભરમાંથી આશરે ૩૦૦ જેટલા દિવ્યાંગજનો સેવાનો લાભ લેશે.રાજકોટના આંગણે એસ.બી.એઈ. આરસેટી (ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા )ના કાર્યાલય એ.જી. સ્ટાફ કવાર્ટરની સામે, સૌરાષ્ટ્ર યુનિ., ગારડી ગેટ-૨, નીલ સીટી, વિમલનગર કોર્નર ખાતે યોજેલ આ કેમ્પમાં દિવ્યાંગજનોને અત્યાધુનિક કૃત્રિમ હાથ પગ કેલીપર્સ સહીતના સાધનો અપાશે.સંતો મહંતો, સામાજીક રાજકીય આગેવાનો ઉપસ્થિત રહી દિવ્યાંગજનોને પ્રોત્સાહીત કરશે.

કાર્યક્રમના આયોજન માટે પ્રખર ગાયત્રી ઉપાસક ઘનશ્યામભાઈ ઠકકર, એકસેલન્સ દિવ્યાંગ ફાઉન્ડેશનના જીજ્ઞેશગીરી ગોસ્વામી, હસમુખભાઈ કોરડીયા, દર્શન વોરા, કિશોરભાઈ વઘાસીયા, મનસુખભાઈ સાકરીયા, જેમ્સ એન્ડ જવેલરી એકેડેમિક ફેડરેશન રાજકોટના અગ્રણી નિખિલભાઈ બારભાયા, એસ.બી.આઈ. આરસેટીના ડાયરેકટર પવનકુમાર ગૌર, સંદીપ મઢવી, કિશોરભાઈ પરમાર અને તેમની ટીમ કાર્યરત રહેશે.

કેમ્પની વિશેષ વિગતો માટે જીજ્ઞેશગીરી ગોસ્વામી (મો.૯૯૭૮૯ ૧૧૦૦૮) અને સંસ્થાના હસમુખભાઈ કોરડીયા (મો.૯૪૨૭૨ ૨૦૮૩૫), સંદીપ મઢવી (મો.૯૭૩૭૩ ૯૭૨૭૩)નો સંપર્ક કરવા જણાવાયુ છે.

# રાજકોટની આત્મિય યુનિવર્સિટી ખાતે તા.૧૭ થી ૨૧ સ્ટાર્ટઅપ ફોર રનર અને સ્ટાર્ટઅપ યોજાશે




રાજકોટ, આત્મિટય યુનિવર્સિટીમાં આત્મીય ઈનોવેશન ફાઉન્ડેશન દ્વારા ઉદ્યોગસાહસિકતાની ઉજવણીના ભાગરૂપે સ્ટાર્ટઅપ ફોર રનર અને સ્ટાર્ટઅપ મહાસંગમ ૨૦૨૫ કાર્યક્રમ ૧૭ થી ૨૧ ડિસેમ્બર દરમિયાન યોજાશે. આ રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમનો ઉદ્દેશ્ સંશોધકો, ઉદ્યોગ સાહસિકો, માર્ગદર્શકો અને રોકાણકારોને એક પ્લેટફોર્મ પર એકત્રિત કરવાનો છે જેની ફલશ્રુતિરૂપે ઉદ્યોગસાહસિકતાની ઉજવણી કરી શકાય અને ઉજ્જવળ ભારતના સાકાર કરી શકાય.

આ કાર્યક્રમ ઈડીપી પ્રોગ્રામ અને સ્ટાર્ટઅપ એકસેલેટર પ્રોગ્રામ એમ મુખ્ય બે ભાગમાં યોજાશે. નવ જેટલા રાષ્ટ્રીય ઉદ્યોગસાહસિકતા માસ્ટર ટ્રેનર્સ, ઈડીપી અને એકિસલરેટર બન્ને કાર્યક્રમોના તમામ સ્ટાર્ટઅપ્સનું માર્ગદર્શન અને મૂલ્યાંકન કરશે. દરેક સ્ટાર્ટઅપ ૧૭ થી ૨૦ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન વિગતવાર મૂલ્યાંકન પ્રક્રિયામાંથી પસાર થશે. જેમાં ૪૦૦ થી વધુ ભાગ લેનારા સ્ટાર્ટઅપ્સમાંથી ફકત ૧૫ થી ૨૦ ટોચના સ્ટાર્ટઅપ્સ જે રાષ્ટ્રીય ઉદ્યોગ સાહસિકતા માસ્ટર ટ્રેનર જયુરી અને માર્ગદર્શક સમિતિ દ્વારા શોર્ટલિસ્ટ કરવામાં આવશે. સ્ટાર્ટઅપ રાઉન્ડ પછી, રોકાણકાર મીટીંગનું આયોજન કરવામાં આવશે. જે સ્ટાર્ટઅપ્સ અને રોકાણકારો બન્ને માટે યોગ્યે સમય પત્રક અને સુવિધા સુનિતિ કરશે. રોકાણકારોને એક પ્લેટફોર્મ પર લાવવાના હેતુ સાથે કરેલા આશરે ૪૦ કરોડ (એનઆરઆઈ ૪૦ કરોડ)ના સંયુકત રોકાણ ૧૯ રોકાણ સંસ્થાઓ સાથેનું છે.

આ રાષ્ટ્રીય સ્ટાર્ટઅપમાં, બિઝનેસ નેટવર્ક અને સમુદાય, સ્ટાર્ટઅપ, ઈકોસિસ્ટમ્સ, વિદ્યાર્થીઓ, ફેકલ્ટી્ઝ અથવા એકિસલરેટર વગેરે બધા જોડાઈ શકે છે. આ સ્ટાર્ટઅપ ફોર રનર અને સ્ટાર્ટઅપ મહાસંગમ ૨૦૨૫ જોડવા ઈચ્છુક સહભાગી વેબસાઈટની વિઝીટ લઈ શકે છે. અથવા ૯૧-૯૦૯૯૦૭૬૬૩૦/૯૧-૯૮૯૮૦૬૩૧૯૩ નંબર પર પણ સંપર્ક કરી શકે છે.

# રાજકોટ જીલ્લા તકેદારી સમિતિમા જીલ્લા ભાજપ આગેવાન મોહનભાઈ દાફડાની નિમણૂક



રાજકોટ,રાજકોટ જીલ્લા પંચાયત સામાજિક ન્યા્ય સમિતિના પૂર્વ ચેરમેન રાજકોટ જીલ્લા પંચાયત સદસ્ય મોહનભાઈ દાફડાની રાજકોટ જીલ્લા તકેદારી સમિતિમા જીલ્લા ભાજપના આગેવાન મોહનભાઈ દાફડાની નિમણૂક થતાં રાજકોટ જીલ્લા ભાજપ પ્રભારી ધવલભાઈ દવે જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા મહામંત્રી હરેશભાઈ હેરભા નરેન્દ્રસિંહ જાડેજા રવિભાઈ માંકડીયા તેમજ જીલ્લા ભાજપ પરીવાર અભિનંદન પાઠવે છે.

# રોટરી કલબ ઓફ રાજકોટ દ્વારા બેટલ ઓફ ધ માઈન્ડ ઈન્ટર સ્કુલ ક્વિઝ કોમ્પિટીશન યોજાશે

રાજકોટ,રોટરી કલબ ઓફ રાજકોટ દ્વારા 'બેટલ ઓફ ધ માઈન્ડનસ' ઈન્ટર સ્કુલ ક્વિ ઝ કોમ્પિટીશન આગામી તા. ૧૪ ના રવિવારે સવારે૮.૪૫ વાગ્યા થી આત્મીય કોલેજ ઓડીટોરીયમ ખાતે પ્રતિષ્ઠિત ૧૧મો રોટરી ઈન્ટર સ્કુલ ક્વિઝ કોમ્પિટીશન 'બેટલ ઓફ ધ માઈન્ડસ' યોજવામાં આવેલ છે.

આ સ્પર્ધામાં ધો.૯ થી ૧૨ ના વિદ્યાર્થીઅખો ભાગ લઈ શકશે. જેમાં લેખિત રાઉન્ડ, ઓડીયો વિઝયુઅલ-સેમી ફાઈનલ અને સ્ટોજ પર ફાઈનલ રાઉન્ડ લેવાશે.આ સ્પર્ધા મો કોઈ રજીસ્ટ્રેશન ફી રાખેલ નથી. દરેક સ્કુલ ભાગ લઈ શકે છે. અત્યા ર સુધીમાં ૩૮ સ્કુ લની એન્ટ્રી નોંધાઈ ચુકી છે.

વિજેતા ટીમોને આકર્ષક કેસ પ્રાઈઝ, મેડલ્સ , પ્રમાણપત્રો અને વિનર સ્કુલને રોલીંગ ટ્રોફી એનાયત થશે. ઉપરાંત ભાગ લેનાર તમામ સ્પર્ધકો અને સાથેના શિક્ષકોને પણ શ્યોરર ગીફટ અપાશે.વધુ વિગતો માટે રોટેરીયન હરેન વોરા (મો.૯૮૨૫૨ ૧૭૯૧૧) અને સચિન રવાણી (મો.૯૮૨૫૩ ૫૫૧૮૬)નો સંપર્ક કરવા જણાવાયુ છે.

# ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા જળકથાના પાસનું વિતરણ

રાજકોટ,ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા આયોજીત જલકથા (ડો.કુમાર વિશ્વાસ)ના પાસ મેળવવા માટે પુરૂષાર્થ યુવક મંડળ મેડીકલ સાધન સેવા કેન્દ્ર વેકરીયા રોડ ૧૦-રણછોડનગર સોસાયટી, પૂજય રણછોડદાસજી મહારાજ પ્રાથમિક શાળા નંબર-૧૫ ખાતે સવારે ૧૦ થી ૧૨ તથા સાંજે ૪ થી ૭ દરમ્યાન વિતરણ કરવામાં આવશે.

# મગજની ફુલી ગયેલી મોરલીની અત્યાધુનિક એન્ડોવાસ્કયુલર પધ્ધતિથી દર્દીનો જીવ બચાવતા ડો. ગૌરાંગ વાઘાણી



(તસ્વીર: દિલીપ ગોહેલ)

**ન્યુરો ઈન્ટરવેન્શન જેવી આધુનિક સારવાર અને સુવિધા ધરાવતી સ્ટલીગ હોસ્પિટલ સૌરાષ્ટ્રનાં દર્દીઓ માટે આશિર્વાદરૂપ સાબીત થઈ**

રાજકોટ, આધુનિક વિજ્ઞાનનાં વિકાસ સાથે ઈશ્વરે બનાવેલ અમૂલ્ય-અદભૂત રચના એટલે કે માનવ શરીરનાં વિવિધ સિસ્ટમ અને તેની સાથે તેમાં થતી બિમારી વિશે ઉંડી સમજણ પણ કેળવતી જોવા મળે છે. આ પૈકી મગજની લોહીની નળીની રચના અનન્ય છે. જેમાં થતી ગંભીર બીમારીઓ માંની એક (Aneurysm Rupture) કે જેને આપણે મગજની લોહીની મોરલી થવી કે નળી ફુલાઈને ફાટવીએ છે.

મગજની લોહીની નળીમાં મોરલી થવાની શકયતા દર ૧ લાખ વ્યકિત એ ૬-૧૦ વ્યકતીઓમાં હોય અને ભારતમાં દર વર્ષે આ બીમારીનાં અંદાજીત ર લાખ નવા કેસો આવે છે. આ બીમારી સ્ત્રીઓમાં વધુ જોવા મળે છે.

આવી બીમારીનો એક કિસ્સો મોરબી નિવાસી શ્રીમતી પૂજાબેન જોષીનો છે, જેમને અચાનક માથામાં દુ:ખાવો, ઉલ્ટી, શરીરમાં અશકિત આવી જતા દર્દી બેભાન હાલતમાં પ્રાથમિક સારવાર મોરબી લીધેલ અને પછી આગળ નિદાન ને સારવાર માટે સ્ટલ'ગ હોસ્પિટલ ખાતે લાવવામાં આવેલા જયાં ઈમરજન્સી વિભાગમાં ન્યુરોસર્જન ડો. ગૌરાંગ વાઘાણી અને ડો. મયંક વેકરીયાની ટીમ દ્વારા તેમનું એન્જીયોગ્રાફી દ્વારા નિદાન કરવામાં આવ્યુ હતુ ને તેમની સારવારનાં વિકલ્પ વિસ્તાર પૂર્વક સમજાવેલ હતા .

જેમાં દર્દીનાં પરિવાર દ્વારા આધુનિક પધ્ધતિથી તાર દ્વારા મગજનું હાડકુ ખોલ્યા વગર (ઓપરેશન વગર) કોઈલીંગની સારવાર માટે મંજુરી આપી હતી. તેથી ન્યુરો સર્જરી ટીમ દ્વારા આ ખુબજ ચોકસાઈ પૂર્વક કેથલેબમાં (થાપાનાં ભાગે) લોહીની નળીમાં પ્રવેશી અને મોરલી કે ફુલેલા ભાગમાં કોઈલ (સ્પ્રીંગ) બેસાડીને તેની કુશળતા પૂર્વક સારવાર કરવામાં આવેલી. દર્દીને આઈ.સી.યુ.માં સઘન સારવાર આપી પરિસ્થિતીમાં સુધારો થતા ક્રમશઃ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ હતી.

# રાજકોટમાં ગુરૂમાતા શ્રીમા શારદાદેવીની ૧૭૩મી જન્મતિથિ ધામધૂમથી ઉજવાઈ



રાજકોટ, ૧૧ ડિસેમ્બારના રોજ ભગવાન શ્રીકૃષ્ણદેવના ધર્મપત્નિ તેમજ સ્વામી વિવેકાનંદના ગુરૂમાતા શ્રીમા શારદાદેવીની ૧૭૩મી જન્મતિથિની સમસ્ત રામકૃષ્ણ સંઘના કેન્દ્રોમાં ઉજવણી કરવામાં આવી.

રાજકોટના શ્રીરામકૃષ્ણ આશ્રમ ખાતે પણ આ મહોત્સવની ઉજવણી ખૂબ ધૂમધામથી કરવામાં આવી. આશ્રમમાં સો પ્રથમ સવારે મંગલ આરતી બાદ વૈદિક પાઠ અને સ્ત્રોત પાઠ કરવામાં આવ્યાબ. ત્યારબાદ ભગવાન શ્રીરામકૃષ્ણદેવ અને શ્રીમા શારદાદેવીની વિશેષ ષોડશોપચાર પૂજા કરવામાં આવી અને પછી હોમ કરવામાં આવ્યો. ભક્તજનો દ્વારા પુષ્પાંજલિ પણ અર્પણ કરવામાં આવી. આ નિમિત્તે આશ્રમના અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરાનંદજી મહારાજે 'મા શારદાદેવીનું જીવન અને સંદેશ' વિષય પર પ્રવચન આપ્યું. આ પવિત્ર દિવસે બપોરે લગભગ ૧૮૦૦ જેટલાં ભક્તહજનોએ ભોજન-પ્રસાદ ગ્રહણ કર્યો. આ બધા જ કાર્યક્રમોમાં ભક્તો એ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો

# રાજકોટમાં તા.૧૯ થી ૨૧ સુધી "સશકત નારી મેળો" યોજાશે

રાજકોટ, મહિલા સશક્તિ,કરણ તથા સ્વીદેશીને પ્રોત્સાહન આપવાના આશયથી રાજકોટ ખાતે ૧૯ થી ૨૧ ડિસેમ્બર દરમિયાન ''સશકત નારી મેળો'' યોજાશે.

અમીન માર્ગના છેડે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા મેદાનમાં યોજાનારા આ મેળાના આયોજન અંગે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. સંભવતઃ જિલ્લા પ્રભારી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં ૧૯ ડિસેમ્બ રે સવારે ૧૦ વાગે મેળાનો પ્રારંભ થશે.

આ મેળામાં મહિલા આર્થિક વિકાસ નિગમ, આઈ.સી.ડી.એસ. મહિલા અને બાળ કલ્યાણ, કૃષિ, સ્વ સહાય જુથો, કુટીર ઉદ્યોગ, જિલ્લા જેલ વગેરે વિભાગોના અંદાજે ૧૦૦ સ્ટોલ રાખવામાં આવશે, તથા મહિલાઓ સંચાલિત ફુડ કોર્ટનું પણ આયોજન કરવામાં આવશે.સ્વદેશીને પ્લેટફોર્મ અને પ્રોત્સાહન પૂરું પાડવાના આશયથી યોજાનારા આ મેળામાં વિવિધ ક્ષેત્રની અગ્રણી મહિલાઓ તેમના અનુભવોનું આદાન-પ્રદાન કરશે. મહિલા કેન્દ્રિત આજીવિકાને ઉત્તેજન આપવાના વિશેષ પ્રયાસો આ મેળામાં હાથ ધરવામાં આવશે. મહિલા મંડળ-મહિલા રાજકારણીઓ-મહિલા અમલ દારોને વગેરેની સાફલ્ય ગાથાઓની પણ આ મેળામાં ચર્ચા કરવામાં આવશે.

# રાજકોટના વોર્ડ નં.૧૭માં પેવિંગ બ્લોક કામનું ખાતમુહુર્ત



રાજકોટ, રાજકોટના વોર્ડ નં.૧૭માં જુનુ સુભાષ નગર પટેલ ચોકની બંધ શેરીઓમાં પૂર્વ શાસકપક્ષ નેતા અને કોર્પોરેટર વિનુભાઈ ઘવાની ગ્રાન્ટમાંથી પેવિંગ બ્લોક નાખવાનું ખાતમુહુર્ત પૂર્વ શાસકપક્ષ નેતા અને કોર્પોરેટર વિનુભાઈ ઘવા અને માર્કેટ સમિતિ ચેરમેન અને કોર્પોરેટર રવજીભાઈ મકવાણા અને વોર્ડ નં.૧૭ના કોર્પોરેટર કીર્તીબા રાણાના હસ્તે્ કરવામાં આવ્યું . આ પ્રસંગે વોર્ડ પ્રભારી જેન્તીખભાઈ નોંધણવદરા, મહામંત્રી જગદીશભાઈ વાઘેલા, રાજકોટ શહેર ભાજપ ઉપપ્રમુખ કિશાન મોરચાના વિઠલભાઈ પટેલ, શહેર બક્ષીપંચ મોરચાના ચંદુભાઈ ગરનારા, વિનુભાઈ સોલંકી, વિમલભાઈ ગોહેલ, દિનેશભાઈ ગોંડલીયા, યોગેશભાઈ ભટ્ટ, રસીલાબેન પાંભર, રીતાબા જાડેજા, ચંદ્રિકાબેન સિધપરા, લાભુબેન પીપળિયા, રશ્મિબેન, હિરલબેન ગોહેલ, પારૂલબેન હરસોડા, ગીતાબેન રાઠોડ, શાંતાબેન રૈયાણી, મુક્તાબેન, હિનાબેન લીંબાસીયા, રેખાબેન પટેલ, વૈશાલીબેન રૈયાણી, ગીતાબેન ચોપાણી, મુક્તાબેન હિરપરા, રિંકલબેન ગેલાણી, આશાબેન પટેલ, જુલીબેન પટેલ, જીજ્ઞાબેન પટેલ, સહિતના લતાવાસીઓ ઉપસ્થિત રહેલ.

# અમેરિકા પીએમ મોદીની ટેરિફ પરની રણનીતિ સામે ઝૂક્યું : ભારત સાથે એક નવું સી-૫ સુપરક્લબ' બનાવશે

## સુપરક્લબમાં ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ ઉપરાંત રશિયા, ચીન અને જાપાનનો પણ સમાવેશ

નવીદિલ્હી,

ભારત પર ભારે ટેરિફ લાદનાર અમેરિકા આખરે પીએમ મોદીની કૂટનીતિ સામે ઝૂકતું દેખાય છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હવે ઊંચા ટેરિફને કારણે ભારત સાથેના તણાવપૂર્ણ સંબંધોને સંતુલિત કરવા માટે પાંચ મહાસત્તાઓનો એક નવો સી-૫ સુપરક્લબ બનાવવા માંગે છે. અમેરિકન પ્રકાશન પોલિટિકોના અહેવાલ મુજબ, ટ્રમ્પ આ સુપરક્લબમાં ભારતને એક મુખ્ય શક્તિ તરીકે સામેલ કરવા માંગે છે. આ સુપરક્લબમાં ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ ઉપરાંત, રશિયા, ચીન અને જાપાનનો પણ સમાવેશ થાય છે.



ટ્રમ્પની યોજના સ્પષ્ટપણે દર્શાવે છે કે તેઓ ભારતને આકર્ષિત કરતી વખતે ચીન અને રશિયા સાથેના પોતાના સંબંધો સુધારવા માંગે છે. આનાથી અમેરિકાને પૂર્વ એશિયામાં તેની ખોવાયેલી છબી પાછી મેળવવામાં અને ભારત, રશિયા અને ચીન જેવા દેશો સાથે દુશ્મનાવટનું સ્તર ઘટાડવામાં મદદ મળશે.

પોલિટિકોના અહેવાલ મુજબ, ડોનાલ્ડ ટ્રમ્પ એક નવું ચુનંદા "સી ૫" અથવા "કોર ફાઈવ" વૈશ્વિક શક્તિ જૂથ બનાવવાનું વિચારી રહ્યા છે, જેમાં યુએસ, રશિયા, ચીન, ભારત અને જાપાનનો સમાવેશ થશે. તે હાલના યુરોપ-પ્રભુત્વ ધરાવતા ૭૭ અને શ્રીમંત દેશોના અન્ય લોકશાહી આધારિત જૂથોને બાયપાસ કરશે. હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી, પરંતુ યુએસ પ્રકાશન પોલિટિકોએ અહેવાલ આપ્યો છે કે આ નવા "હાર્ડ-પાવર" જૂથનો વિચાર ગયા અઠવાડિયે વ્હાઈટ હાઉસ દ્વારા જાહેર કરાયેલ રાષ્ટ્રીય સુરક્ષા વ્યૂહરચનાના લાંબા સમયથી અપ્રકાશિત સંસ્કરણમાં જાહેર કરવામાં આવ્યો હતો.

અહેવાલ મુજબ, નવા સંગઠનનો ઉદ્દેશ્ય મુખ્ય શક્તિઓનો એક જૂથ બનાવવાનો છે જે જી૭ ની જરૂરિયાતોથી બંધાયેલ નથી કે સભ્ય દેશો શ્રીમંત અને લોકશાહી બંને હોય. વ્યૂહરચનાના પ્રસ્તાવિત "કોર ફાઈવ" (સીપ) માં યુનાઈટેડ સ્ટેટ્સ, ચીન, રશિયા, ભારત અને જાપાનનો સમાવેશ થાય છે, જેનો અર્થ ૧૦૦ મિલિયનથી વધુ વસ્તી ધરાવતા દેશો છે. તે G7 જેવા નિયમિત સમિટ યોજશે.

સી ૫ નો પ્રથમ પ્રસ્તાવિત કાર્યસૂચિ મધ્ય પૂર્વમાં સુરક્ષાને સંબોધવાનો છે, ખાસ કરીને ઈઝરાયલ અને સાઉદી અરેબિયા વચ્ચેના સંબંધોને સામાન્ય બનાવવાનો. અહેવાલ મુજબ, વ્હાઈટ હાઉસે આ દસ્તાવેજના અસ્તિત્વને નકારી કાઢ્યું છે.

# ભારતની અદાલતોમાં ૫૪.૯ મિલિયનથી વધુ કેસ પેન્ડિંગ : સુપ્રીમ કોર્ટમાં ૯૦,૦૦૦ થી વધુ કેસ

## નીચલી અદાલતોથી લઈને સુપ્રીમ કોર્ટ સુધી મંજૂર ન્યાયાધીશ પદોમાં જગ્યાઓ ખાલી

નવીદિલ્હી,

ભારતની અદાલતોમાં પેન્ડિંગ કેસોની સંખ્યા એક ગંભીર ચિંતાનો વિષય છે. સરકારે ગુરુવારે રાજ્યસભાને જાણ કરી કે દેશભરમાં સુપ્રીમ કોર્ટથી લઈને નીચલી અદાલતો સુધી કુલ ૫૪.૯ મિલિયનથી વધુ કેસ પેન્ડિંગ છે. કાયદા પ્રધાન અર્જુન રામ મેઘવાલે ગૃહને લેખિત જવાબમાં માહિતી આપી હતી કે કોર્ટ સ્તરે પેન્ડિંગ કેસો,૫૪.૯ મિલિયનથી વધુ કેસ પેન્ડિંગ છે.,સુપ્રીમ કોર્ટમાં ૯૦,૮૯૭ કેસ પેન્ડિંગ છે.,દેશની ૨૫ હાઈકોર્ટમાં ૬,૩૬૩,૪૦૬ કેસ પેન્ડિંગ છે.,૮ ડિસેમ્બર સુધીમાં, નીચલી અદાલતોમાં



૪૮,૪૫૭,૩૪૩ કેસ પેન્ડિંગ હતા.

મેઘવાલે જણાવ્યું હતું કે કોર્ટમાં પેન્ડિંગ કેસો પેન્ડિંગ હોવાના ઘણા કારણો છે, જેમાં તથ્યોની જટિલતા, પુરાવાની પ્રકૃતિ, હિસ્સેદારો (બાર, તપાસ એજન્સીઓ, સાક્ષીઓ અને અરજદારો) નો સહયોગ, ભૌતિક માળખાગત સુવિધાઓની ઉપલબ્ધતા અને સહાયક કોર્ટ સ્ટાફનો અભાવ શામેલ છે.

# અમેરિકાના ટેરિફ તોફાન અને ચીન-ભારતના તણાવ વચ્ચે ભારતે ચાઈનીઝ બિઝનેસ વિઝાને ચાર અઠવાડિયા સુધી વધારાયા

નવી દિલ્હી,

ભારત ચીનના બિઝનેસ વિઝા પર લાલ ટેપ ઘટાડી રહ્યું છે, ચાર અઠવાડિયાથી ઓછા સમયમાં તેમને મંજૂરી આપી રહ્યું છે - ૨૦૨૦ ના ગાલવાન ખીણ અથડામણને કારણે થયેલા બહુ-વર્ષના વિલંબથી નાટકીય પરિવર્તન. એક સમયે લગભગ સંપૂર્ણપણે અવરોધિત, આ વિઝા હવે ગૃહ અને વિદેશ મંત્રાલયો ઉપરાંત વધારાના ચકાસણી સ્તરોને બાયપાસ કરે છે. અધિકારીઓએ મીડિયા સાથે વાત કરતા પુષ્ટિ આપી, "અમે વહીવટી ચકાસણીના સ્તરને દૂર કરી દીધા છે." ભૂતપૂર્વ કેબિનેટ સચિવ રાજીવ ગૌબાના નેતૃત્વ હેઠળની ઉચ્ચ-સ્તરીય સમિતિ દ્વારા ભલામણ કરાયેલ આ નીતિગત મુખ્ય દિશા, વ્યવહારિક રાજદ્વારીતાનો સંકેત આપે છે કારણ કે નવી દિલ્હી આર્થિક વાસ્તવિકતાઓ સાથે તણાવને સંતુલિત કરે છે.

ઉચ્ચ-સ્તરીય રાજદ્વારી માર્ગ મોકળો કરે છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આ વર્ષની શરૂઆતમાં ચીનની સીમાચિહ્ન મુલાકાત, જે સાત વર્ષમાં તેમની પ્રથમ હતી, ગરમ સંબંધો માટેનો માર્ગ મોકળો કરે છે. રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની બેઠકો પરસ્પર વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું, ત્યારબાદ ૨૦૨૦ થી સ્થગિત સીધી ફ્લાઈટ્સ ફરી શરૂ કરવામાં આવી. ગૌબાની આગેવાની હેઠળની પેનલ રોકાણ નિયંત્રણોને હળવા કરવા, ભૂતકાળના પ્રતિબંધોને કારણે ક્ષતિગ્રસ્ત રોકાણકારોના વિશ્વાસને ફરીથી બનાવવા પર પણ ભાર મૂકે છે. Xiaomi, Vivo, Oppo, BYD, Hisense અને Haier જેવી ચીની કંપનીઓ માટે, આનો અર્થ એ છે કે અધિકારીઓ આખરે મુક્તપણે મુસાફરી કરી શકે છે, જમીન પરના નિર્ણયોમાં અવરોધરૂપ રિમોટ કામગીરી છોડીને.

ઈ૧૫ બિલિયનનું નુકસાન ખુલ્યું: વિલંબનો છુપાયેલો ખર્ચ

મીડિયા દ્વારા ટાંકવામાં આવેલા ઓબ્ઝર્વર રિસર્ચ ફાઉન્ડેશનના અહેવાલ મુજબ, કડક વિઝા નિયમોથી ભારે નુકસાન થયું. ભારતીય ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદકોએ ચાર વર્ષમાં ઉત્પાદનમાં ઈ૧૫ બિલિયનનું નુકસાન કર્યું, મોબાઈલ અને ઉપકરણો માટે આવશ્યક આયાતી ચીની મશીનરીનો અભાવ અનુભવ્યો. સૌર અને ઓટો ક્ષેત્રોમાં કુશળ મજૂરની અછત ફેલાઈ ગઈ, જેના કારણે વિસ્તરણ અટકી ગયું. ચીન ભારતીય ફેક્ટરીઓ માટે ૫૦-૬૫ ટકા ઘટકો પૂરા પાડે છે, જેના કારણે તેની કુશળતા બદલી ન શકાય તેવી બની ગઈ. અધિકારીઓ ટીમોને તાલીમ આપવા અથવા મુશ્કેલીનિવારણ માટે સંઘર્ષ કરી રહ્યા હતા, જેના કારણે મોંઘા ઉકેલો પર નિર્ભરતા વધી ગઈ.

ડોનાલ્ડ ટ્રમ્પના દંડાત્મક ટેરિફ - ભારતીય માલ પર ૫૦ ટકા, રશિયન તેલ ખરીદી માટે ૨૫ ટકા વધારાના - ભારતને ભારે ફટકો પાડે છે, જેના કારણે ચીન સાવચેતીભર્યું સંપર્ક કરે છે. અધિકારીઓ તેને વિદેશી રોકાણને આકર્ષવા અને ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે "ચીન પરના પ્રતિબંધો અંગેના કેટલાક નિયમો સાવધાનીપૂર્વક હળવા કરવા" તરીકે વર્ણવે છે. અમેરિકા કડક પગલાં લઈ રહ્યું છે તેમ, ભારત ઈલેક્ટ્રોનિક્સ અને ઓટોમાં સપ્લાય ચેઈનને મજબૂત બનાવવા માટે ચીની ભાગીદારી પર નજર રાખે છે, જ્યાં દ્વિપક્ષીય નિર્ભરતા ઊંડાણપૂર્વક ફેલાયેલી છે.

# છત્તીસગઢના સુકમા જિલ્લામાં ૩૩ લાખ રૂપિયાના સામૂહિક ઈનામ સાથે ૧૦ નકસલીઓએ આત્મસમર્પણ કર્યું

સુકમા,

છત્તીસગઢના સુકમા જિલ્લામાં છ મહિલાઓ સહિત ઓછામાં ઓછા ૧૦ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું, એમ પોલીસે શુક્રવારે જણાવ્યું હતું. પોલીસ અધિક્ષક કિરણ ચવ્હાણે જણાવ્યું હતું કે, આ સાથે, આ વર્ષે જિલ્લામાં કુલ ૨૬૩ માઓવાદીઓએ હિંસા છોડી દીધી છે. તેમણે જણાવ્યું હતું કે, આ ૧૦ નક્સલીઓએ પોલીસના પૂના માર્ગેમ (પુનર્વાસનથી સામાજિક પુનર્ગઠન સુધી) પહેલ હેઠળ વરિષ્ઠ પોલીસ, સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) અને જિલ્લા અધિકારીઓની હાજરીમાં આત્મસમર્પણ કર્યું હતું.

નક્સલીઓએ AK-47 રાઈફલ, બે સેલ્ફ-લોડિંગ રાઈફલ્સ સોંપી તેઓએ એક AK-47 રાઈફલ,



બે સેલ્ફ-લોડિંગ રાઈફલ્સ (SLR), એક સ્ટેનગન અને એક બેરલ ગ્રેનેડ લોન્ચર (BGL) પણ સોંપ્યા હતા. આ શસ્ત્રો જપ્ત કરવા બદલ કુલ ૮ લાખ રૂપિયાનું ઈનામ હતું, એમ એસપીએ જણાવ્યું હતું.

કુલ આત્મસમર્પણ કરનારા કેડરમાંથી, માઓવાદીઓના કંપની પ્લાટૂન કમાન્ડર મિડિયામ ભીમા (૩૦) પર ૮ લાખ રૂપિયાનું ઈનામ હતું. ચવ્હાણે જણાવ્યું હતું કે, ગંગા કુંજમ (૨૨), લેકમ રામા, તાતી સોની (૩૨) અને શાંતિ સોઢી (૨૧) પર ૫-૫ લાખ રૂપિયાનું ઈનામ હતું, જ્યારે માધવી નવીન (૨૦), માધવી રુકણી (૨૪), ઓયમ માંગલી (૨૨), પોડિયમ માંગી (૨૦) અને માધવી ગાંગી (૧૯) પર ૧-૧ લાખ રૂપિયાનું ઈનામ હતું.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, તાજેતરના ભૂતકાળમાં શરણાગતિની સંખ્યા દર્શાવે છે કે આ પ્રદેશમાં વિશ્વાસ, શાંતિ અને વિકાસની પ્રક્રિયા સતત વેગ પકડી રહી છે.

૧૧ મહિનામાં ૧,૫૧૪ માઓવાદીઓએ શસ્ત્રો મૂક્યા છે

પોલીસ મહાનિરીક્ષક (બસ્તર રેન્જ) સુંદરરાજ પટ્ટીલિંગમે જણાવ્યું હતું કે છેલ્લા ૧૧ મહિનામાં બસ્તર ક્ષેત્રમાં ઓછામાં ઓછા ૧,૫૧૪ માઓવાદીઓએ શસ્ત્રો મૂક્યા છે. તેમણે ઉમેર્યું કે, પોલિટબ્યુરો સભ્ય દેવજી, દંડકારણ્ય સ્પેશિયલ ઝોનલ કમિટીના સભ્ય પપ્પા રાવ, દેવા (બરસે દેવા) અને અન્ય સહિત બાકીના માઓવાદીઓ પાસે હિંસા છોડી દેવા સિવાય કોઈ વિકલ્પ નથી.

# બેંગલુરુ એરપોર્ટ પર મુસાફર બેંગકોકથી બે વાંદરાઓ લાવ્યો, મુસાફરની કરાઈ ધરપકડ

## મુસાફર પાસેથી બે વાંદરાઓ પણ જપ્ત કરવામાં આવ્યા

બેંગ્લુરૂ,

બેંગલુરુના કેમ્પેગૌડા આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. બેંગકોકથી આવતા એક મુસાફરને બે લુપ્તપ્રાય લાલ-શંક વાંદરાઓની તસ્કરી કરવા બદલ ધરપકડ કરવામાં આવી છે. મુસાફર પાસેથી બે વાંદરાઓ પણ જપ્ત કરવામાં આવ્યા હતા. કસ્ટમ અધિકારીઓએ આ કાર્યવાહી કરી.

આ કેસ વિશે વધુ વિગતો આપતા, અધિકારીઓએ જણાવ્યું હતું કે 'લાલ-શંખવાળા' વાંદરાઓ મુખ્યત્વે દક્ષિણપૂર્વ એશિયામાં જોવા મળે છે. તેમના પગનો ઉપરનો ભાગ લાલ છે, તેથી તેમનું નામ. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ સંબંધમાં ધરપકડ ૧૦ ડિસેમ્બરે કરવામાં આવી હતી, પરંતુ તેમણે ધરપકડ કરાયેલ વ્યક્તિની ઓળખ જાહેર કરી ન હતી.

બેંગલુરુ કસ્ટમ્સ વિભાગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં જાહેરાત કરી હતી કે બેંગકોકથી આવતા એક મુસાફરને પકડવામાં આવ્યો છે અને તેની પાસેથી બે લુપ્તપ્રાય વાંદરાઓ મળી આવ્યા છે. તેમાં કહેવામાં આવ્યું છે કે મુસાફરે આ પ્રાણીઓને તેની બેગમાં છુપાવ્યા હતા. પોસ્ટમાં કહેવામાં આવ્યું છે કે મુસાફરની ધરપકડ કરવામાં આવી છે.

# રશિયા-યુક્રેન શાંતિ યોજના અટકી જતાં ટ્રમ્પ અત્યંત હતાશઃ વ્હાઈટ હાઉસ

વોશિંગટન,

એક મહત્વના ઘટનાક્રમમાં, વ્હાઈટ હાઉસે જણાવ્યું હતું કે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ રશિયા અને યુક્રેન બંનેથી "અત્યંત નિરાશ" છે, તેમણે ચાલુ યુદ્ધ વચ્ચે શાંતિ વાટાઘાટોમાં ધીમી પ્રગતિનો ઉલ્લેખ કર્યો હતો. એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા, વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે કહ્યું હતું કે ટ્રમ્પ બેઠકોથી કંટાળી ગયા છે કારણ કે કંઈ પ્રાપ્ત થયું નથી અને બાદમાં "ફક્ત મુલાકાતો માટે બેઠકો" માં વ્યસ્ત છે.

લેવિટે કહ્યું કે ટ્રમ્પ વધુ બેઠકોમાં જોડાવા માંગતા નથી અને તેમણે માંગ કરી છે કે યુદ્ધનો અંત આવે.

"રાષ્ટ્રપતિ આ યુદ્ધના બંને પક્ષોથી અત્યંત હતાશ છે. તેઓ ફક્ત મુલાકાતો માટે બેઠકોથી કંટાળી ગયા છે. તેઓ વધુ વાતચીત કરવા માંગતા નથી. તેઓ કાર્યવાહી ઈચ્છે છે. તેઓ ઈચ્છે છે કે આ યુદ્ધનો અંત આવે," લેવિટે કહ્યું.

પ્રેસ સેક્રેટરીએ કહ્યું કે ટ્રમ્પનું વહીવટીતંત્ર ચાર વર્ષથી ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવા માટે બંને રાષ્ટ્રો વચ્ચે યુદ્ધવિરામ માટે મધ્યસ્થી કરવા માટે સક્રિયપણે કામ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે યુએસ પ્રમુખે આ સંદર્ભમાં યુરોપિયન યુનિયનના નેતાઓ સાથે ટેલિફોન પર વાતચીત પણ કરી હતી.

"યુનાઈટેડ સ્ટેટ્સ અને ટ્રમ્પ વહીવટીતંત્ર રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવાના પ્રયાસોમાં ખૂબ જ વ્યસ્ત છે. રાષ્ટ્રપતિએ ગઈકાલે યુરોપિયનો સાથે ફોન પર વાત કરી હતી. તેમના ખાસ દૂત વિટકોફ અને તેમની ટીમ બંને પક્ષો સાથે શાબ્દિક રીતે વાત કરવાનું ચાલુ રાખે છે. જો શાંતિ કરાર પર હસ્તાક્ષર કરવાની ખરેખર તક હોય, જો અમને લાગે કે આ સપ્તાહના અંતે યુનાઈટેડ સ્ટેટ્સના સમયમાં કોઈને તે બેઠકો લાયક છે, તો અમે એક પ્રતિનિધિ મોકલીશું. તે હજુ પણ હવામાં છે કે શું અમે માનીએ છીએ કે વાસ્તવિક શાંતિ પ્રાપ્ત થઈ શકે છે અને અમે ખરેખર બોલને આગળ વધારી શકીએ છીએ," તેણીએ ઉમેર્યું.

ઝેલેન્સકી સુધારેલી શાંતિ યોજના પ્રદાન કરશે

નોંધપાત્ર રીતે, યુક્રેનિયન રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી રશિયા સાથે યુદ્ધ સમાપ્ત કરવા માટે યુએસને સુધારેલી શાંતિ યોજના રજૂ કરે તેવી શક્યતા છે. તેઓ ૩૦ થી વધુ યુરોપિયન દેશોના અધિકારીઓ અને નેતાઓ સાથે વાતચીત કરશે, જે યુક્રેનને મજબૂત રીતે સમર્થન આપી રહ્યા છે. અહેવાલો મુજબ, ઝેલેન્સકી યુએસ દ્વારા આપવામાં આવેલા શાંતિ પ્રસ્તાવને સ્વીકારવામાં અનિચ્છા ધરાવતા હતા કારણ કે તે રશિયાને વધુ 'પસંદ' કરતો હતો. યુએસ રાષ્ટ્રપતિએ કહ્યું કે તેઓ નિરાશ હતા કારણ કે ઝેલેન્સકીએ હજુ સુધી પ્રસ્તાવ વાંચ્યો નથી.

# શાકભાજી અને ઈંધણના ભાવમાં વધારાને કારણે નવેમ્બરમાં છૂટક ફુગાવો વધીને ૦.૭૧% થયો

## શાકભાજી, ઈંડા, માંસ અને માછલી, મસાલા, બળતણ અને હળવા ખર્ચના ઊંચા ભાવને કારણે ફુગાવામાં વધારા થયો

નવીદિલ્હી,

નવેમ્બર ૨૦૨૫ માં છૂટક ફુગાવો (-સીપીઆઈ- આધારિત) ૦.૭૧% નોંધાયો હતો, જેનું મુખ્ય કારણ શાકભાજી, પ્રોટીનયુક્ત ખોરાક અને ઈંધણના ભાવમાં વધારો હતો. આ માહિતી શુક્રવારે જાહેર કરવામાં આવી હતી. ગયા મહિને ઓક્ટોબરમાં છૂટક ફુગાવો ૦.૨૫% ના રેકોર્ડ નીચા સ્તરે હતો. ઓક્ટોબરમાં ફુગાવામાં ઘટાડો થવાના મુખ્ય કારણો જીએસટી દરોમાં ઘટાડો અને અનુકૂળ બેઝ ઈફેક્ટ હતા.

રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલયના ડેટા અનુસાર, નવેમ્બરમાં ખાદ્ય અવમૂલ્યન ૩.૯૧% હતું, જે ઓક્ટોબરમાં ૫.૦૨% હતું.એનએસઓએ અહેવાલ આપ્યો છે કે નવેમ્બરમાં મુખ્ય ફુગાવામાં વધારો શાકભાજી, ઈંડા, માંસ અને માછલી, મસાલા, બળતણ અને હળવા ખર્ચના ઊંચા ભાવને કારણે થયો હતો. ખાસ કરીને બળતણ અને હળવા ફુગાવો નવેમ્બરમાં ૨.૩૨% હતો, જે ઓક્ટોબરમાં ૧.૯૮% હતો.

આ મહિનાની શરૂઆતમાં, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ચાલુ નાણાકીય વર્ષ માટે ફુગાવાનો અંદાજ ઘટાડીને ૨% કર્યો હતો, જે અગાઉ ૨.૬% હતો.આરબીઆઈએ જણાવ્યું હતું કે અર્થતંત્ર ઝડપથી ડિઈન્ફ્લુએશનનો અનુભવ કરી રહ્યું છે. વધુમાં, આરબીઆઈએ નીતિગત વ્યાજ દર ૨૫ બેસિસ પોઈન્ટ ઘટાડીને ૫.૨૫% કર્યો અને ભારતીય અર્થતંત્રને "દુર્લભ ગોલ્ડીલોક્સ સમયગાળો", ઉચ્ચ વૃદ્ધિ સાથે નીચા ફુગાવાના સંતુલન તરીકે વર્ણવ્યું.

# પીએમ મોદીએ સાંસદોને ટેકનોલોજી દ્વારા તેમના કાર્યને જનતા સુધી પહોંચાડવા સલાહ આપી

## પીએમ મોદી વિવિધ રાજ્યોમાંથી પ્રતિસાદ એકત્રિત કરી રહ્યા છે અને આગામી ચૂંટણીઓની તૈયારી માટે મૂલ્યવાન ટિપ્સ આપી રહ્યા છે

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સંસદમાં ઉત્તર પ્રદેશના એનડીએ સાંસદો સાથે મુલાકાત કરી. બેઠક દરમિયાન, પીએમ મોદીએ સાંસદોને ટેકનોલોજી દ્વારા તેમના કાર્યને જનતા સુધી પહોંચાડવાની સલાહ આપી. પીએમએ તેમને સોશિયલ મીડિયા પર વધુ સક્રિય રહેવા અને જાહેર સમર્થન મજબૂત કરવાની સલાહ આપી. પ્રધાનમંત્રીએ સાંસદોને કહ્યું, "આ કાર્યકરો તમારી પાછળ ઉભા છે, તમે ફક્ત કામ કરો."

કોંગ્રેસ પક્ષનું ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે કોંગ્રેસ પક્ષ ફક્ત વચનો આપે છે અને પછી ચૂંટણી નજીક આવતાની સાથે કામ કરવાનો ઢોંગ કરવાનું શરૂ કરે છે. તેનાથી વિપરીત, અમે સતત કામ કરીએ છીએ, પરંતુ અમારી યોજનાઓ અને સિદ્ધિઓનો લોકો સમક્ષ પૂરતો પ્રચાર કરવામાં આવતો નથી.આ બેઠક મહત્વપૂર્ણ હતી કારણ કે તે ૧૪ ડિસેમ્બરે યોજાનારી યુપી ભાજપ પ્રમુખની ચૂંટણી પહેલા યોજાઈ હતી. જોકે, એવું માનવામાં આવે છે કે રાષ્ટ્રપતિ પદ માટે ફક્ત એક જ ઉમેદવારી નોંધાવવામાં આવશે, એટલે કે આગામી રાષ્ટ્રપતિનો નિર્ણય ૧૩ ડિસેમ્બરે જ થઈ શકે છે.

ગુરુવારે રાત્રે તેમણે તેમના નિવાસસ્થાને એનડીએ સાંસદો માટે રાત્રિભોજનનું આયોજન કર્યું હતું અને ભારતની વિકાસ યાત્રાને મજબૂત બનાવવા માટે સાથે મળીને કામ કરવાનો સંકલ્પ લીધો હતો. પીએમ મોદીએ લગભગ દરેક ટેબલ પર જઈને સાંસદો સાથે વાતચીત કરી અને તેમની સુખાકારી વિશે પૂછપરછ કરી. કાર્યક્રમના અંતે, પીએમ મોદીએ તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં કહ્યું, "આજે સાંજે ૭, લોક કલ્યાણ માર્ગ પર એનડીએ સાંસદોનું આયોજન કરવાનો મને ખૂબ આનંદ થયો. એનડીએ પરિવાર સુશાસન, રાષ્ટ્રીય વિકાસ અને પ્રાદેશિક આકાંક્ષાઓ માટેના સહિયારા સંકલ્પનું પ્રતીક છે. સાથે મળીને, આપણે આવનારા વર્ષોમાં રાષ્ટ્રની વિકાસ યાત્રાને મજબૂત બનાવતા રહીશું."

એનડીએ સાંસદો અલગ-અલગ બસોમાં પ્રધાનમંત્રી નિવાસસ્થાન, ૭, લોક કલ્યાણ માર્ગ ખાતે પહોંચ્યા. તાજેતરની બિહાર ચૂંટણીમાં એનડીએના જંગી વિજય બાદ રાત્રિભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગઠબંધને ૨૪૩ સભ્યોની રાજ્ય વિધાનસભામાં ૨૦૨ બેઠકો મેળવી હતી. જોડાણના ભાગીદારોમાં,ભાજપે ૮૯ બેઠકો,જદયુએ ૮૫ બેઠકો,એલજેપી (રામવિલાસ) એ ૧૯ બેઠકો, હિન્દુસ્તાની અવમ મોરચા (ધર્મનિરપેક્ષ) એ ૫ બેઠકો અને રાષ્ટ્રીય લોક મોરચાએ ૪ બેઠકો જીતી હતી. બિહારના એનડીએ નેતાઓએ રાજ્યમાં ગઠબંધનની જંગી જીત બદલ પ્રધાનમંત્રી મોદીને અભિનંદન આપ્યા.

# હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં હળવો વરસાદ - હિમવર્ષા થવાની આગાહી

નવીદિલ્હી,

૧૨ ડિસેમ્બરની સવારે, ઉત્તર પ્રદેશમાં ખૂબ જ ગાઢ ધુમ્મસ રહ્યું છે, જ્યારે આસામ, મેઘાલય, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, હિમાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા અને ઓડિશામાં પણ ગાઢ ધુમ્મસ રહ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૧૩ ડિસેમ્બરથી પશ્ચિમી વિક્ષેપ પશ્ચિમી હિમાલય પ્રદેશને અસર કરશે, જેના કારણે ૧૩ થી ૧૭ ડિસેમ્બર સુધી જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ-બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદમાં હળવો વરસાદ અથવા હિમવર્ષા થશે. ૧૪ ડિસેમ્બરે હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં હળવો વરસાદ અથવા હિમવર્ષા થવાની ધારણા છે. ૧૧ થી ૧૪ ડિસેમ્બર સુધી આંદામાન અને નિકોબાર ટાપુઓમાં હળવો થી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે વરસાદ થવાની ધારણા છે.

૧૮ થી ૨૪ ડિસેમ્બર દરમિયાન, પશ્ચિમી વિક્ષેપ ઉત્તરપશ્ચિમ પ્રદેશને અસર કરશે, જેના કારણે પશ્ચિમી હિમાલય પ્રદેશમાં હળવો થી મધ્યમ વરસાદ અને હિમવર્ષા થશે. ઉત્તરપશ્ચિમ મેદાનોમાં અલગ અલગ સ્થળોએ પણ વરસાદની અપેક્ષા છે. જ્યારે સમગ્ર ભારતમાં વરસાદ સામાન્ય કરતાં ઓછો રહેશે, ત્યારે પશ્ચિમી હિમાલય પ્રદેશ અને આસપાસના મેદાનોમાં સામાન્ય અથવા સામાન્ય કરતાં વધુ વરસાદ પડવાની ધારણા છે.

આગામી બે દિવસમાં ઉત્તરપશ્ચિમ ભારતના મેદાની વિસ્તારોમાં સામાન્ય તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થશે નહીં. આ પછી, ચાર દિવસમાં તાપમાન ૨-૪ ડિગ્રી સેલ્સિયસ વધી શકે છે. મધ્ય ભારતમાં ૨૪ કલાકમાં તાપમાનમાં ૨-૪ ડિગ્રીનો વધારો જોવા મળી શકે છે. મહારાષ્ટ્રમાં આગામી બે દિવસમાં કોઈ ફેરફાર નહીં થાય, ત્યારબાદ ૨-૩ ડિગ્રીનો વધારો થશે. સાત દિવસમાં સમગ્ર ભારતમાં લઘુત્તમ તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર થશે નહીં. મોટાભાગના પ્રદેશોમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતા ૨-૪ ડિગ્રી ઓછું રહી શકે છે.

# રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ઠંડીમાં વધારો: ગીરનાર ૭.૨ અને અમરેલી ૧૦.૪ ડિગ્રી

## રાજકોટ સહિત ૧૭ શહેરમાં લઘુતમ તાપમાન ૧૫ ડિગ્રીથી નીચે નોંધાયું



રાજકોટ

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતમાં શિયાળાએ ધીમે ધીમે અસલી રંગ દેખાડવાનું શરૂ કરી દીધું છે અને ઠંડીમાં વધારા સાથે સવારનું તાપમાન નીચું આવી રહ્યું છે. આજે પણ અનેક સ્થળોએ સવારનું તાપમાન ૨ થી ૩ ડિગ્રી જેટલું ઘટવા પામ્યું હતું. હાલમાં ઉત્તર-પૂર્વનાં ઠંડા પવનો ફુંકાતા હોય ઠંડીની તીવ્રતા વધુ અનુભવાઈ છે. આજે ગિરનાર પર્વત ઉપર ફરી એકવાર તાપમાન નીચું સરક્યું હતું અને ૭.૨ ડિગ્રી તાપમાન નોંધાતા પ્રવાસીઓ ઠુંઠવાયા હતા. ખાસ કરીને રાજયમાં આજે સૌથી વધુ ઠંડી નલીયા અને અમરેલી ખાતે નોંધાઈ હતી. આજે સવારે નલિયામાં સતત બીજા દિવસે સિંગલ ડિઝીટ સાથે ૮.૮ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાતા નલિયાવાસીઓએ હિમ જેવા વાતાવરણનો અનુભવ કર્યો હતો. આ ઉપરાંત આજે સવારે અમરેલી ખાતે ૧૦.૪ ડિગ્રી સાથે સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ઠંડી અનુભવાઈ હતી. ગીરનાર પર્વત ઉપર પારો ઘટીને ૭.૨ ડિગ્રીએ નીચે પહોંચી જવા પામ્યો છે. પ્રવાસીઓ ગીરનાર પર્વત ઉપર ઠુંઠવાતા ઠંડા પવનનો સામનો કરતા જોવા મળી રહ્યા છે. ભવનાથ તળેટીમાં પણ પારો ૧૦ ડિગ્રીએ નીચે જતો રહેતા ઠંડુ વાતાવરણ ગુલાબી ઠંડીનો અનુભવ લોકોને થઈ રહ્યો છે. શહેરમાં ૧૧ ડિગ્રીએ પારો આવી જતા શિયાળાનો અહેસાસ થયો હતો. ભાવનગર શહેર અને ગોહિલવાડ પંથકમાં ઠંડીનું પ્રમાણ યથાવત્ રહ્યું છે. આજે શુક્રવારે ભાવનગર શહેરનું લઘુતમ તાપમાન ૧૫ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૨% રહ્યું હતું. સવારે પવન ની ઝડપ ૮ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી.

**અમરેલી:** શહેર સહિત સમગ્ર જિલ્લામાં છેલ્લા એક અઠવાડિયાથી કોલ્ડનવેવની અસર હોય ભારે પવન સાથે કડકડતી ઠંડીમાં લોકો ઠુંઠવાયા છે. ત્યારે આજે વહેલી સવારે અમરેલી જિલ્લામાં ચાલું સિઝનમાં ફરી એક વખત ઠંડીમાં નોંધપાત્ર વધારો જોવાં મળ્યો છે. આજે અમરેલી ૧૦.૪ ડિગ્રી જેટલું નીચું તાપમાન તાપમાન નોંધાયું છે. ઠંડીના કારણે આજે સવારે શહેરના મુખ્ય માર્ગો મોડે સુધી સૂમસામ જોવા મળતા હતા. ત્યારે સવારે સ્કૂલે જતાં બાળકો પણ રંગબેરંગી ગરમ કપડામાં જતા જોવા મળ્યા હતા. જ્યારે મોર્નિંગ વોકમાં નીકળતા લોકો પણ ઠંડીના કારણે ઓછા જોવા મળી રહયા હતા. ગઈકાલે પણ દિવસભર હવામાન ઠંડુગાર રહેતા અને રાત ઢળતા જ ઠંડી વધી જતાં શહેરના વેપારીઓ પણ રાત્રે વહેલાસર ધંધા રોજગાર આટોપી અને ઘર તરફ નીકળી ગયા હતા.

# રાજકોટમાં વાઈબ્રન્ટ રીજનલ કોન્ફરન્સમાં પીએમ મોદી ૧૦ જાન્યુઆરીએ હાજર રહેશે



**ગુજરાત સરકારના અધિકારીઓએ શુક્રવારે નવી દિલ્હીમાં બેઠકો યોજી હતી**

રાજકોટ:ગુજરાત સરકાર આવતી ૧૦થી ૧૨ જાન્યુઆરી દરમિયાન રાજકોટમાં વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સનું આયોજન કરી રહી છે. આ સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખાસ હાજર રહેશે. મોદીની સાથે આ મંચ પર વિવિધ દેશોના રાજદ્વારીઓ અને રોકાણકારોનું પ્રતિનિધીમંડળ પણ હાજર રહેશે.

કોન્ફરન્સ પૂર્વે સ્થાનિક અને વિદેશી રોકાણકારોને આકર્ષવા માટે ગુજરાત સરકારના અધિકારીઓએ શુક્રવારે નવી દિલ્હીમાં બેઠકો યોજી હતી.આ બેઠકમાં ગુજરાતના આઠ સચિવ કક્ષાના વરિષ્ઠ અધિકારીઓએ રશિયા, ઈઝરાયેલ, સિંગાપોર, યુએઈ, ઈન્ડોનેશિયા, ન્યુઝિલેન્ડ, ફિનલેન્ડ, કેનેડા, શ્રીલંકા, ઓમાન, આઈસલેન્ડ, ગાયાના, રવાંડા, દક્ષિણ આફ્રિકા, કતાર, તાન્ઝાનિયા, યુગાંડા અને ઉઝબેકિસ્તાન સહિત ૨૦થી વધુ દેશોના પ્રતિનિધિઓ સાથે સંવાદ કરી કોન્ફરન્સમાં પાર્ટનર કંટ્રી તરીકે જોડાવવા આમંત્રણ આપ્યું હતું.કોન્ફરન્સમાં માછીમારી, બંદરો, ધોલેરા SIR, પ્રવાસન જેવા ક્ષેત્રોમાં આ દેશોના ઔદ્યોગિક મંડળો અને રાજદ્વારીઓ રસ દાખવે તે માટે અધિકારીઓએ ચર્ચા કરી હતી.

# રાજકોટમાં આધેડ વેપારીઓને ટાર્ગેટ કરતી હનીટ્રેપ ગેંગ

## વ્હોટ્સએપ પર ચેટિંગ કરી મળવા બોલાવતા, અવવારું જગ્યાએ લઈ જઈ દુષ્કર્મ કેસમાં ફિટ કરવાની ધમકી આપી રૂપિયા પડાવતા





રાજકોટ

રાજકોટમાં વધુ એક હનીટ્રેપની ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં સોશિયલ મીડિયા પર વેપારીઓને ટાર્ગેટ કરતી એક હનીટ્રેપ ગેંગે જામકંડોરણા વિસ્તારના એક આધેડ વેપારીને પોતાની જાળમાં ફસાવ્યા હતા. એક મહિલા આરોપીએ ચેટિંગ કરીને વેપારીને મળવા બોલાવ્યા બાદ જામનગર નજીક અવાવરું જગ્યાએ લઈ ગઈ હતી, જ્યાં ગેંગના અન્ય સભ્યોએ મહિલાના સગાં તરીકે ઓળખ આપી વેપારી સાથે મારપીટ કરી અને દુષ્કર્મ કેસમાં ફિટ કરી દેવાની ધમકી આપી રૂ. ૫૦ લાખની માંગણી કરી હતી.

જોકે આખરે રૂ. ૬ લાખનું સેટલમેન્ટ કરીને આંગડિયા મારફત રકમ પડાવી લેવામાં આવી હતી. પોલીસે આ કેસમાં બે મહિલા સહિત કુલ ૭ આરોપીઓની ધરપકડ કરી છે અને તેમની મોડેસ ઓપરેન્ડીમાં માત્ર ફોર-વ્હીલર લઈને આવતા ૪૦થી ૬૦ વર્ષના વેપારીઓને જ ટાર્ગેટ કરવામાં આવતા હતા. આ જ ટોળકીએ અન્ય બે વેપારીઓ સાથે પણ હનીટ્રેપ આચર્યું હોવાનું સામે આવ્યું છે, જેના અલગ ગુના નોંધવાની તજવીજ પોલીસે હાથ ધરી છે.

રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે જણાવ્યું હતું કે, રાજકોટના જામકંડોરણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા વેપારી સાથે હનીટ્રેપ થયા હોવાની જાણ થતા તેની ઓળખ ગુપ્ત રાખી ફરિયાદ નોંધી પોલીસે બે મહિલા સંહિત સાત આરોપીઓની ધરપકડ કરી ફરાર આરોપીઓની શોધખોળ હાથ ધરી છે. પકડાયેલા આરોપી પૈકી જાનવી પંચોલી સામે તાજેતરમાં થોડા સમય પૂર્વે જૂનાગઢના ભેંસાણ પોલીસ સ્ટેશનમાં હનીટ્રેપ અંગે ફરિયાદ નોંધાઈ ચુકી છે, જ્યારે બાકીના આરોપી વિપુલ સુસરા સામે ૩ ગુના, સવજી ઠુંગા અને વિશાલ પરમાર વિરુદ્ધ એક-એક ગુના નોંધાઈ ચુક્યા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

# SRP જવાનનો આપઘાત પહેલાનો દર્દભર્યો વીડિયો સામે આવ્યો

## કહ્યું, મારે પત્ની સાથે બનતું નથી, મારા મોત માટે પાટલા સાળી અને તેનો ભાણેજ જવાબદાર’: ’મારે અને મારી પત્નીને બનતું નથી હું મરી જાવ તો મારી પત્નીનો કોઈ હક નહિ’





રાજકોટ:રાજકોટમાં પોલીસ કમિશનર કચેરીમાં ફરજ બજાવતા જીઈઁ જવાન ગજુભા જિલુભા રાઠોડે (ઉં.વ.૫૦) પોતાની સર્વિસ રાઈફલથી છાતીમાં ગોળી મારી આપઘાત કર્યો છે. પોલીસ કમિશનર કચેરીના ગેટ નંબર ત્રણ પાસે મોડીરાતે બનાવ બન્યો હતો. જે બાદ તેમને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં. જોકે, ત્યાં તેમનું મૃત્યુ નીપજ્યું હતુ. એસઆરપી જવાને કયા કારણોસર આપઘાત કર્યો તે અંગે પ્રદ્યુમનનગર પોલીસે તપાસ હાથ ધરી છે. જ્યારે સાંજે આપઘાત પહેલાં વાયરલ વીડિયો સામે આવે છે. જમાં એસઆરપી જવાન કહે છે કે, મારી પત્નીની બેન અને તેનો ભાણેજ મારા મોતના જવાબદાર છે.

આપઘાત પહેલાંના વીડિયોમાં જીઈઁ જવાને કહ્યું કે, જય માતાજી, હું ગજુભા જીલુભા રાઠોડ, મારા હોશો અવાજથી ક્વ છું ગમે ત્યારે હું મરી જાવ, બને તો હું ઘરે જઈને સોગંદનામું કરી આવીશ, મારી નોકરી એ ટાઈપની છે કદાચ રજા મળે ન મળે કદાચ મરી ગયો હોય હું ઘરે ન ગયો હોય તો મારા બા બાપુનો જમીનમાં મકાનમાં જે ભાગ છે એમાં મારે કોઈ લેવા દેવા નથી. મારે અને મારી પત્નીને બનતું નથી હું મરી જાવ તો મારી પત્નીનો કોઈ હક નહિ. મારો પણ હક નહિ. મારા બા બાપુનો જમીનનો જે જમીનનું જે ગરાસ આવ્યું એમાં મારી પત્ની કે મારો કોઈ હક નહિ. મારી પત્ની મારા ભેગી રહેતી નથી એની માં ના ઘરે રહે છે. જમીન મકાન એના પણ હક નહિ.

આભાર - નિહારીકા રવિયા

આ મામલે ગજુભા રાઠોડ સાથે ફરજ બજાવતા જીઈઁ જવાને કહ્યું કે, તેમની નાઈટ ડ્યુટી હતી. સાંજે ૭ વાગ્યાથી બીજા દિવસે સવારે ૭ વાગ્યા સુધીની ડ્યુટી હોય છે. તેમના અચાનક આપઘાતથી અન્ય જવાનો પણ સ્તબ્ધ થઈ ગયા છે. હાલમાં પ્રદ્યુમનનગર પોલીસની ટીમ તપાસ માટે પોલીસ કમિશનર કચેરી પહોંચી છે. જે રાઈફલથી જીઈઁ જવાને આત્મહત્યા કરી તે ક્ષ્જીન્ની ટીમ દ્વારા કબજે લેવામાં આવી છે.

# શહેરમાં નશાબંધીનું સઘન અભિયાન, SOGનું પાન પાર્લરોમાં ચેકિંગ

## રાજકોટ SOG દ્વારા શહેરમાં ડ્રગ્સ સહિતના નશાકારક પદાર્થોના વેચાણ અને દૂષણને ડામવા માટે એક વ્યાપક ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે

રાજકોટ:રાજકોટ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ SOG દ્વારા શહેરમાં ડ્રગ્સ સહિતના નશાકારક પદાર્થોના વેચાણ અને દૂષણને ડામવા માટે એક વ્યાપક ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. આ ઓપરેશનના ભાગરૂપે SOGની ટીમે શહેરના મુખ્ય માર્ગો અને વિસ્તારોમાં આવેલા પાન પાર્લરોમાં સઘન ચેકિંગ શરૂ કર્યું છે, જેના કારણે ગેરકાયદે પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે. SOGએ મુખ્યત્વે કિસાન પરા ચોક, સદર બજાર, યાજ્ઞિક રોડ અને કાલાવડ રોડ સહિતના વ્યસ્ત વિસ્તારોને નિશાન બનાવ્યા હતા. આ સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન પોલીસે નશાકારક પદાર્થોના ગેરકાયદે વેચાણની આશંકાએ દરેક પાન પાર્લરની ઝીણવટભરી તપાસ કરી હતી. ખાસ કરીને, યુવાનોમાં પ્રચલિત બની રહેલી ઈ-સિગારેટ (E-Cigarettes) અને ગાંજાના સેવન માટે ઉપયોગમાં લેવાતા ’ગોગો પેપર્સ’ (ગાંજામાં વપરાતા રોલિંગ પેપર્સ) પર SOGદ્વારા વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. નશાકારક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતી વસ્તુઓના વેચાણ અંગે પોલીસ દ્વારા કડક હાથે કામગીરી કરવામાં આવી રહી છે.

# વર્ક પરમિટના નામે ૫૫ નોકરી ઈચ્છુકો સાથે ૨.૬૮ કરોડની ઠગાઈ, યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં થઈ ફરિયાદ

## રાજકોટ શહેરમાં વિદેશમાં નોકરીના સ્વપ્ન બતાવી ૫૫ જેટલા નોકરી ઈચ્છુકોને ઠગવામાં આવ્યા હોવાની મોટી છેતરપિંડીનો ભાંડાફોડ થયો છે

રાજકોટ

રાજકોટ શહેરમાં વિદેશમાં નોકરીના સ્વપ્ન બતાવી ૫૫ જેટલા નોકરી ઈચ્છુકોને ઠગવામાં આવ્યા હોવાની મોટી છેતરપિંડીનો ભાંડાફોડ થયો છે. કુલ ૨.૬૮ કરોડ રૂપિયાની ઠગાઈનો મામલો સામે આવતા યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, બેંગલુરુના મોહમ્મદ ઉવૈસ તેમજ કેરાલાના ત્રણ વ્યક્તિઓએ યુરોપના સ્લોવાકિયામાં વર્ક પરમિટ અપાવાની લાલચ આપી ઉમેદવારો પાસેથી મોટી રકમ વસૂલ કરી હતી. વિદેશ જવાની ઈચ્છા ધરાવતા યુવકો અને નોકરી શોધતા ઉમેદવારો એજન્ટોના ઝાળમાં ફસાયા હતા.

આરોપીઓએ ઉમેદવારોને વિશ્વાસમાં લઈ તેમને સ્લોવાકિયા માટે વર્ક પરમિટ, જોબ કોન્ટ્રાક્ટ અને અન્ય ડોક્યુમેન્ટ્સ આપવાની વાત કરી હતી. પરંતુ પૈસા મેળવ્યા બાદ ન તો વર્ક પરમિટ કાઢી આપી અને ન તો કોઈ પ્રક્રિયા શરૂ કરી જેના કારણે પીડિતોએ છેતરપિંડીનો ભોગ બન્યાની ફરિયાદ કરી.

પીડિતોની ફરિયાદના આધારે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં મોહમ્મદ ઉવૈસ સહિત ચારેય આરોપીઓ વિરુદ્ધ ઠગાઈ અને વિશ્વાસઘાતના ગુના હેઠળ કેસ નોંધાયો છે. પોલીસ હવે આરોપીઓની શોધખોળમાં લાગી છે અને આ નેટવર્ક વધુ કેટલા લોકોને છેતરી ચૂક્યું છે તેની તપાસ હાથ ધરવામાં આવી છે.

# લઘુશંકા કરવા જતા યુવાનનું પહેલા માળેથી પટકાતા મોત

## અંધારામાં પગથિયું ચુકી જતા યુવાન નીચે પડેલી માલ વાહક લિફ્ટ પર પટકાયો હતો

રાજકોટ: રાજકોટના વાવડી વિસ્તારમાં ચાલતી અમિતભાઈની સાઈટ પર કામ કરતો લક્ષ્મણ કાનજીભાઈ ગરાસીયા (ઉ.વ.૩૩) નામનો યુવાન રાત્રિના સમયે પહેલા માળેથી અકસ્માતે નીચે પટકાયો હતો. જેથી ગંભીર ઈજા પહોંચતા હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં યુવકની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ દમ તોડી દેતા મોત નીપજ્યું હતું. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં મૃતક યુવાન મૂળ રાજસ્થાનનો વતની હોવાનું અને છેલ્લા એક મહિનાથી સાઈટ ઉપર કામ કરતા તેના બે ભાઈઓ સાથે કામ કરતો હતો અને રહેતો હોવાનું સામે આવ્યું છે. મૃતક યુવાન ત્રણ ભાઈ ત્રણ બહેનમાં મોટો હતો અને તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. રાત્રિના સમયે લક્ષ્મણ લઘુશંકા કરવા જતા સમયે પહેલા માળેથી નીચે પડેલી માલ વાહક લિફ્ટ પર પટકાયો હતો જેના કારણે ગંભીર ઈજા પહોંચતા મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે તાલુકા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે

# ૭૦ લાખના વીમા માટે પુત્રએ પિતાની હત્યા કરાવી

## પિતરાઈ ભાઈને ૧ લાખની સોપારી આપી, રાજકોટના ભાયાવદરની મર્ડર મિસ્ટ્રીનો ભેદ ખૂલ્યો



રાજકોટ:વિદેશ જવાની ઘેલછામાં પુત્રએ પોતાના જ પિતાની હત્યા નિપજાવી હોવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. રાજકોટ જિલ્લાના ભાયાવદરમાં રહેતા યુવકને ઈઝરાયલ નોકરી કરવા જવા માટે પૈસાની જરુરિયાત હતી. જે પૈસાની જરુરિયાત પૂર્ણ કરવા પોતાના જ પિતાનો જીવ લીધો હોવાનો ઘટસ્ફોટ થયો છે. પિતાની ૭૦ લાખ રૂપિયાની વીમા પોલિસી હોય તે પકવવા માટે પિતરાઈ સાથે મળી હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. પોલીસે પુત્ર અને તેના પિતરાઈ ભાઈની ધરપકડ કરી લીધી છે. પિતાને મારી નાખવા માટે પહેલા ઝેર અપાયું હતું પરંતુ, તેની અસર ન થતા કુહાડીના ઘા મારી પતાવી દેવાયા હતા. રાજકોટ જિલ્લાના ભાયાવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ રાજપરા ગામે સસ્પેન્ડ થ્રિલર ફિલ્મ જેવી મર્ડર મિસ્ટ્રીની એક એવી ઘટના સામે આવી છે. જેમાં આરોપી અન્ય કોઈ નહિ પરંતુ તેનો જ પુત્ર અને ભત્રીજો હોવાનું સામે આવતા આરોપીઓ પર ફિટકાર વરસી રહી છે. સમગ્ર ઘટના પર નજર કરવામાં આવે તો ભાયાવદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા રાજપરા ગામની વાડી વિસ્તારમાં રહેતા કાનાભાઈ મેરુભાઈ જોગ (ઉ.વ.૫૦)નો મૃતદેહ તેની જ વાળીમાંથી મળી આવ્યો હતો બનાવ અંગેની જાણ પોલીસ કંટ્રોલ ને કરવામાં આવતા સ્થાનિક પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને આ સમયે પરિવારજનો દ્વારા અકસ્માતે મોટ થયાનું જણાવ્યું હતું જેથી પોલીસે મૃતદેહ પોસમોર્ટમ આર્ટ ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

**પિતાની હત્યા માટે પુત્રએ પિતરાઈ ભાઈને સોપારી આપી હતી**

પોસમોર્ટમ રિપોર્ટમાં પ્રાથમિક તારણમાં હત્યા નિપજાવવામાં આવી હોવાનું સામે આવતા પોલીસ ઊંડાણ પૂર્વક તપાસ શરૂ કરી હતી. અને તેમાં ઉચ્ચ અધિકારીઓ દ્વારા મૃતક કાનાભાઈ મેરુભાઈ જોગના પુત્ર અને ભત્રીજા સહિતનાઓની પુછપરછ કરવામાં આવી હતી જે પુછપરછમાં પ્રથમ ભત્રીજા વિરમ દ્વારા હત્યા નિપજાવવામાં આવી હોવાનું સામે આવતા પોલીસે મૃતક કાનભાઈની દીકરીની ફરિયાદ આધારે ગુનો નોંધી આરોપી ભત્રીજા વિરમ ભુપતભાઈ જોગની ધરપકડ કરી પુછપરછ શરૂ કરી હતી જેની પુછપરછમાં મોટો ખુલાસો થયો હતો કે આ હત્યા કરવા માટે બીજા કોઈ નહિ પરંતુ મૃતક કાનાભાઈના પુત્ર રામદે જોગ દ્વારા તેને રૂપિયા ૧ લાખની સોપારી આપવામાં આવી હતી અને આગળ પણ તેને રૂપિયા આપશે તેવી લાલચ આપી હતી જેથી પોલીસે આરોપી પુત્ર રામદે કાના જોગની પણ ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# રાજકોટના પ્રોહિબિશનના કેસનો આરોપી ઝડપાયો

## જૂનાગઢ સી ડિવિઝન પોલીસે પ્રમુખનગર ગેટ પાસેથી આરોપીને દબોચી રાજકોટ પોલીસને હવાલે કર્યો



જુનાગઢ:જુનાગઢ શહેર અને જિલ્લામાં નાસ્તા ફરતા આરોપીઓને પકડવા જુનાગઢ પોલીસ સઘન ચેકીગ હાથ ધર્યુ છે.જેને લઈ જુનાગઢ રેન્જ આઈજી નિલેશ જાજડિયા અને એસપી સુબોધ ઓડેદરાની સૂચના તથા નાયબ પોલીસ અધિક્ષક હિતેષ ધાંધલ્યાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢમાં ગેરકાયદેસર ચાલતી પ્રવૃત્તિ અને ગુનાખોરીને ડામવા અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ખાસ સૂચનાઓ આપવામાં આવી હતી.ત્યારે જિલ્લામાં તેમજ બહારના જિલ્લાના નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવાની ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ ઝુંબેશના ભાગરૂપે જુનાગઢ ઝ-ડિવિઝન પોલીસને મોટી સફળતા મળી છે. ઝ-ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ એ.બી. ગોહીલની દ્વારા ગુના નિવારણ સ્કોડના માણસો પીએસઆઈ એચ.બી. ચૌહાણ અને સી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગ કરી રહ્યા હતા. આ દરમ્યાન પો.કોન્સ. નારનભાઈ ગળચર અને પો.કોન્સ. જુવાનભાઈ લાખણોત્રાને ખાનગી બાતમી મળતા રાજકોટ શહેરના ગાંધીગ્રામ બે વિસ્તારમાં પ્રોહીબિશનના ગુનામાં નાસતા ફરતા આરોપી કલ્પેશ ઉર્ફે લાલો હરદાસભાઈ લગારીયાને પ્રમુખનગર ગેટ પાસેથી ઝડપી પાડ્યો હતો. સી ડિવિઝન પોલીસે પકડાયેલ આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૫(૧)(જે) મુજબ કાયદેસરની કાર્યવાહી કરી તેની અટકાયત કરી હતી. ત્યારબાદ વધુ તપાસ અને આરોપીનો કબજો સોંપવા માટે રાજકોટ શહેર ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવી છે અને આગળની તજવીજ હાથ ધરવામાં આવી છે.